# પંચધારા

[ શ્રી વિમલાબહેન સાથેના પાંચ પ્રવાસ ]

● સુનંદા વોહોરા

શ્રી ધીરુભાઈ વૈદ્ય.

# પંચધારા

શ્રી વિમળાબહેન સાથેના પાંચ પ્રવાસ

આમુખ

પંડિત સુખલાલજી સંઘવી

સુનંદા વોહોરા


પ્રકાશક :
સુનંદાબેન વોહોરા
૫, મહાવીર સોસાયટી,
એલિસબ્રીજ અમદાવાદ ૭

પ્રત–૧૦૦૦
પ્રથમ આવૃત્તિ
૧૯૭૧

મુદ્રક :
મુકુંદરાય વિ. પંડિત
મહિલા મુદ્રણ 'આરસલી' ખાનપુર,
અમદાવાદ.

# સમર્પણ

પરમ શ્રદ્ધેય શ્રી વિમલાબહેન



આ પાંચ પ્રવાસમાં જેમના પ્રેમ અને સહવાસથી જીવનમાં અનેક વિધ જીવંત ધારાઓનું સિંચન થતું રહ્યું છે તેમના ચરણ કમળમાં અર્પણ

પંથધારા

# અનુક્રમમાળા

# અંતરલક્ષી પ્રકૃતિ યાત્રા

પ્રસ્તુત પુસ્તિકામાં પ્રકૃતિ યાત્રાના પાંચ સ્મૃતિ લખાણો છે. આ યાત્રામાં જોડાનાર એક નાનુશું જીવનશુદ્ધિ વાંચ્છુ જિજ્ઞાસુ મંડળ છે. આ મંડળની જિજ્ઞાસાના બીજોને પોષનાર સ્વસ્થમના શ્રી વિમલા-બહેન છે. અને ઉક્ત જિજ્ઞાસુ મંડળમાં ભાઈઓ અને બહેનો બને છે. પરંતુ બહેનોમાં મારી નજરે મુખ્ય સ્થાને શ્રી સુનંદાબહેન આવે છે કારણકે એમણે આ સ્મૃતિ નોંધો લખી છે અને તેઓ મારા વધુ સુપરિચિત છે. એટલે એ બંને બહેનો વિશે મારો જે પરિચય સંસ્કાર છે તેને ટુંકમાં વર્ણવી પછી એ સ્મૃતિનોંધો વિશે કાંઇક લખવા ધારું છું.

લગભગ દસ વર્ષ પહેલા મુંબઈમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાની બેઠકો ચાલતી ત્યારે ઘણું કરી એના છેલ્લા દિવસે વિમલાબહેન તે સંમેલનમાં આવેલા, તે જ દિવસે તેઓ વિદેશના પ્રવાસેથી પાછા ફરેલા. મેં તેમનું ટૂંકુ પણ મધુર પ્રવચન સાંભળ્યું અને હું આકર્ષાયો. ત્યાર બાદ અમદાવાદમાં પૂજ્ય દાદા ધર્માધિકારી સાથે ક્યારેક બીજા સાથે મારે તેમને અનેકવાર મળવાનું થયું અને મારા ઉપર એમના અધ્યયન, ચિંતન અને જીવનશુદ્ધિના વિચારોની ઊંડી છાપ પડી. તેથીય ઊંડી છાપ તો એમના 'અનંતને સથવારે' 'મનકે ઉસપાર' અને 'આત્મદીપ' આ ત્રણ વિચાર સંગ્રહોનાં શ્રવણથી પડી. તેથીય વધારે ઊંડી મુદ્રા તો તેમના વિષેના દિર્ઘ-સાધક, તત્ત્વજ્ઞ અને વયોવૃદ્ધ કવિરાજ શ્રી ગોપીનાથજીના અભિપ્રાયના

વાચનથી ઉઠી. અહિં તો એટલું જ સુચવવું બસ છે કે આ જિજ્ઞાસુ મંડળની યાત્રાઓમાં વિમલાબહેનનું સ્થાન પ્રધાન છે.

શ્રી સુનંદાબહેનનો પ્રથમ પરિચય અણધારી રીતે ઈ. સ. ૫૧ કે ૫૨ની આસપાસ મુંબઈમાં થયો. પછી તો એમને ત્યાં મારો ઉતારો હોય એટલે સહજ રીતે પરિચય વધતો ચાલ્યો, તે કાળે સુનંદાબહેનની ત્રણ પ્રવૃત્તિઓ તરફ મારું ધ્યાન ગયું. મેં એમાં એમની સ્વસ્થતા નિહાળી. કુટુંબનો માથે આવી પડેલ ભાર અને તેની ગૃહવ્યવસ્થા, પેઢી આદિના વહીવટમાં મનોયોગ આપવો અને મારું વધારે ધ્યાન ખેંચનાર તો એમની ચંદનવાડીના મજૂર વિસ્તારોમાં નિયમિત ચાલતી સેવા પ્રવૃત્તિએ ખેંચ્યું. ક્રમેક્રમે આ પરિચય વધતો ચાલ્યો. જ્યારે તેઓ અમદાવાદમાં આવી વસ્યા ત્યારે ગુજરાતમાં સ્થપાયેલી અપંગ માનવ મંડળ સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓને મૂર્ત રૂપ આપવા અને તે દ્વારા અપંગ ભાઈબહેનોને બધી રીતે ઉપયોગી થવાનો વિચાર તેમને આવ્યો. આ વિચારે જે મૂર્ત આકાર લીધો છે તેને લીધે અત્યારે ગુજરાત સરકાર પોતે પણ ગૌરવ અનુભવે છે. આ ઉપરાંત સમાજ કલ્યાણ સંઘના આશ્રયે ચાલતી બાળકો અને બહેનોના ઉત્કર્ષને લગતી અનેક પ્રવૃત્તિઓમાં તેમનો સીધો ફાળો છે.

હવે આપણે પ્રકૃતિ યાત્રાઓનું હાર્દ સમજવા પ્રયત્ન કરીએ. પહેલી યાત્રા નારાયણ આશ્રમની છે. આ આશ્રમ હિમાલયના ઉચ્ચ, રમ્ય, શીતલ પ્રદેશમાં આવેલો છે. ત્યાં થોડો સમય રહી જ્ઞાન, ધ્યાન જીવન ચિંતન જેવી અંતર્મુખી પ્રવૃત્તિઓ કરવી અને સાથે સાથે હિમાલયના પ્રાકૃતિક દૃશ્યોનું તેમ જ એ આશ્રમના સ્થાપનાર અને ચલાવનારના સાધના અને કર્મયોગનો અભ્યાસ કરવો એ ઉદ્દેશ રહેલો છે. પરંતુ એ યાત્રાનું વર્ણન અમદાવાદ બેઠે સાંભળતા

સાંભળતા મારા મન ઉપર એવી છાપ પડી છે કે સાધકના જીવનમાં જે નાની મોટી મુશ્કેલીઓ આવે છે તેવી જ એ આશ્રમે જતાં હિમાલયના સમવિષમ અને અતિ વિકટ એવા ચઢાણ ઉતરાણનો આ જિજ્ઞાસુ મંડળ અનુભવ કરે છે અને ઉલ્લસિત પ્રસન્ન ચિત્તે એ વિકટ યાત્રાનું વર્ણન સાંભળતા જ મનમાં થાય છે કે જાણે આ મુશ્કેલીઓ અંતર્સાધનમાં આવતી આંતરિક મુશ્કેલીઓનું બાહ્ય પ્રતિબિંબ ન હોય! જિજ્ઞાસુમંડળે વિમલાબહેનની આસપાસ વિંટળાઈ ત્યાં જે ઓછોવધતો આંતરિક અનુભવ મેળવ્યો હોય તે તો સાધકો જ કહી શકે. પરંતુ એકંદરે જોતાં મને આ નારાયણ આશ્રમની યાત્રા બધી યાત્રાઓમાં એક રીતે મૂર્ધન્ય લાગી છે.

બીજી યાત્રા હિમાલયના જ બીજા પ્રદેશ ડેલહાઉસીની છે. ત્યાં પણ વિમલાબહેનની છાયામાં રહી જિજ્ઞાસુ મંડળે સ્વાલંબન, પ્રકૃતિવિહાર, નિયમિતતા અને અંતર્મુખ વિચારણાના સંસ્કારો ઠીક ઠીક પોષ્યા છે એમ વર્ણન ઉપરથી કહી શકાય.

ત્રીજી યાત્રા બદ્રીકેદારની છે. બદ્રીનારાયણ અને કેદારનાથ બંને તીર્થો હિંદુ માનસ અને આર્ય સાધનાનાં પ્રતિકો છે. એ બંને ધામોમાં પ્રસ્તુત જિજ્ઞાસુ મંડળે પ્રકૃતિનો અને ધાર્મિક જીવનનો પૂરો આનંદ માણ્યો છે. સાથે વિમલાબહેન હતા એટલે સૌને એક જાતની આંતરિક હુંફ અનુભવાતી લાગે છે જેને લીધે નાના મોટા બધા જિજ્ઞાસુઓ એ વિકટ યાત્રાઓની હાડમારીને ભૂલી જતાં જણાય છે.

સિલોનની યાત્રા એ તો કેવળ વિમલાબહેનની જ યાત્રા કહેવાય એ બૌદ્ધ ભૂમિમાં અશોકની પુત્રી સંઘમિત્રા પછી ભારત અને બીજા દેશમાંથી ત્યાં ઉપદેશક ભાઈબહેનો ગયા છે. પરંતુ આ યુગ ક્રાંતિકારી હોઈ તેમાં નવી સ્થિતિ અનુભવાય છે. જે દેશ બૌદ્ધભૂમિ તરીકે જાણીતો છે અને જ્યાં બૌદ્ધ, બૌદ્ધેતર, શિવ, શાક્ત, તામિલ વગેરે

વચ્ચે પંથગત અને જાતિગત તીવ્ર વિરોધો જમાના થયા હતા અને છે તે વિરોધો વિમલાબહેનના આધ્યાત્મિક પ્રવચનોની પરિષદોમાં મોટેભાગે શમી જતાં દેખાય છે. સૌ ખૂબ જ ઉમળકાથી વિમલા-બહેનને સાંભળતાં અને વધાવતા. તે સૂચવે છે કે સિલોનમાં વિમલા-બહેનનું દષ્ટિબિંદુ જાણવાની અને સમજવાની કેટલી તત્પરતા હતી. વિમલાબહેન સાથે એક માત્ર સુનંદાબહેન ગયેલા. તેમનું કામ તો વિમલાબહેનની બધી પ્રવૃત્તિઓને વ્યવસ્થિત રાખવી, અને તેમના પ્રવચનો તેમ જ વાર્તાલાપો અને સંવાદોની પ્રામાણિક નોંધ રાખવી એ હતું. જે એમણે પોતાની અંગત બીજી વૃત્તિઓને અંકુશમાં રાખી પૂર્ણપણે કર્યું હોય તેમ વર્ણન પરથી લાગે છે. વિમલાબહેનની સિદ્ધિ એ બાબતમાં છે કે ફરી એ બૌદ્ધ ભૂમિમાં આવવા અને પ્રવચનો કરવા ત્યાંના બૌદ્ધ તથા બૌદ્ધેતર બધા જિજ્ઞાસુઓએ એક મતે માંગણી કરી છે.

આમ તો વિમલાબહેનનો પરિચય સુનંદાબહેનને પહેલા આબુમાં જ થયેલો પરંતુ આ છેલ્લા બે વર્ષના પરિચયમાં તેમની સાથે સાવ નિકટમાં રહેવાનું બનતાં અને જીવનને લગતી વિવિધ સમસ્યાઓ વિષે ચર્ચા કરતાં જે સુનંદાબહેનના માનસિક સંસ્કારો પોષાયા કે રૂપાંતર પામ્યા તેનું સંક્ષિપ્ત સુચન માત્ર છે.

અહિં તો મેં દૂર બેઠા બંનેને મળીને કે તેમના લખાણો સાંભળીને જે કાંઇ સૂઝયું તે સાવ ટૂંકામાં લખવાનો પ્રયત્ન કર્યો છે પણ મારે વાચકોને સૂચવવાનું એ છે કે તેઓ આ પુસ્તિકા ધ્યાનથી વાંચશે તો તેમને સત્સંગનો ખરો અર્થ સમજાશે તેમ જ દુન્યવી જીવનમાં રહેવા છતાં મન અને શરીરને કેવી રીતે નિયમિત કરી શકાય છે અને તે દ્વારા જીવનને કેવી રીતે ઉજમાળી શકાય છે તેનું રહસ્ય સમજાશે.

પંડિત સુખલાલ સંઘવી

# પ્રાસંગિક

આપણા દેશમાં પ્રવાસની સુવિધાઓ ઠીક ઠીક ઉપલબ્ધ છે. સાધનસંપન્ન માનવી થોડીક મુશ્કેલીઓ વેઠીને પણ હિમાલય પ્રદેશના રમણિય સ્થળોનું દર્શન કરી આનંદ મેળવે છે. સામાન્યતઃ શ્રદ્ધાળુજનો યાત્રાની ભાવનાથી આ પ્રદેશનું ભ્રમણ કરે છે અને તીર્થ દર્શનથી આનંદ મેળવે છે. યાત્રાએ કે પ્રવાસે ન જનાર વ્યક્તિ પ્રવાસવર્ણન વાંચીને પરોક્ષ રીતે આનંદ મેળવે છે.

મારા જીવનમાં મને પ્રવાસ અને યાત્રા કરવાની તક પ્રાપ્ત થયેલી. પરંતુ પ્રવાસમાં કુદરત સાથે નિકટતા કે સત્સંગ સાથેની યાત્રા માણવાનું તો શ્રી વિમલાબહેનની પ્રેરણા અને સાન્નિધ્યથીજ બન્યું.

શ્રી વિમલાબહેન દેશ અને પરદેશમાં "વિમલા ઠકાર" ના નામથી સુપરિચિત છે. આપણે તેમને અહીં બહેનશ્રીના નામથી પીછાણીશું. તેમને સાંપ્રદાયિક કે આધ્યાત્મિક સંત યા ગુરૂ તરીકેની પ્રસિદ્ધિ પસંદ નથી. સૌની સાથે મિત્રભાવે રહેવું અને પરિચયમાં આવતા નાના સમૂહને સહજ ભાવે પ્રેરણાદાયી બનવું તે તેમની સ્વતંત્ર શૈલી છે. તેમનું ગતિશીલ જીવન જ તેમની નિકટ આવનારને સ્પર્શી જાય છે. તેને કારણે દેશમાં અને પરદેશમાં તેમના તરફ આદર ધરાવનાર પરિવાર વિસ્તરતો જાય છે.

બહેનશ્રીનો જન્મ મહારાષ્ટ્રના અકોલા ગામમાં થયેલો મધ્યમ વર્ગના ઠકાર કુટુંબના તેઓ ત્રીજુ સંતાન છે. પિતાશ્રી કુશળ

કાયદાશાસ્ત્રી હતા. હાલ નિવૃત્ત થયેલા છે. માતાજી એક પ્રભાવ-શાળી ગૃહિણી છે. તેઓના ઠકાર પરિવારમાં પાંચ ભાઈ અને બે બહેનો છે. તેમના માતામહ ભક્તિ પરાયણ હતા.

બહેનશ્રીના બાળપણના પ્રસંગો પરથી જણાય છે કે તેઓને જન્મગત્ જ કોઈ સ્વતંત્ર શક્તિ અને સંસ્કારની પ્રાપ્તિ થયેલી છે. તેમાં માતામહના ઉદ્દાત્ જીવને અને ભક્તિ પરાયણતાએ તથા સંતોના પરિચયે બળ સીંચ્યું. બહેનશ્રી અનેક સંતોના પરિચયમા આવેલા તેમાં ખાસ કરીને સંત તૂકડોજી મહારાજના તેઓ લાડકા હતા. તેમની સાધનામાં મહારાજશ્રીની પ્રેરણાનો અમૂલ્ય ફાળો છે. અભ્યાસકાળ દરમ્યાન બહેનશ્રી સંતો સાથે તેમાંય ખાસ કરીને મહારાજશ્રી સાથે તીર્થભ્રમણ કરવામાં રજાઓ ગાળતા. મહારાજશ્રી તેમની કસોટી પણ બરાબર કરતાં, અને તેવો પ્રેમ રાખતાં. તીર્થયાત્રામાં પાંચ દિવસ સુધી જમવાની આજ્ઞા ન આપતા એક બાજુ એવી કસોટીમાં પસાર કરતાં તો બીજી બાજુ જયારે બહેનશ્રી ને એપેન્ડીકશનું ઓપરેશન કરાવવાનું થયું ત્યારે એમ્બ્યુ-લન્સમાં ખોળામાં લઇને બેઠા અને જાતે ઉચકીને ઓપરેશન થીયેટરમાં લઈ ગયેલા. એમ કસોટી અને પ્રેમનું પલ્લુ બરાબર રહેતું.

આ રીતે સંત સમાગમથી તેમના જીવનમાં બાળપણથીજ સાધનાના સંસ્કારનું સીંચન અવિરત ગતિથી ચાલતુ રહ્યું. કૌટુ-મ્બિક અને સામાજિક પરંપરાગત મુશ્કેલીઓને સહન કરી તેઓ પોતાની પ્રતિભાને વિકસાવતાજ રહ્યા. અભ્યાસ પૂરો કરી ૧૯૫૩માં વિનોબાજી સાથે ભૂદાન યાત્રામાં જોડાયા. પરંતુ આંતરિક શક્તિનો સ્રોત અંદરથી પ્રબળપણે બહાર ધસવા લાગ્યો અને તેમણે ૧૯૫૯ માં ભૂદાનનું ક્ષેત્ર છોડી દીધું.

ભૂદાનનું ક્ષેત્ર છોડયા પછી ૧૯૬૩માં બહેનશ્રીએ પોતાનું નિવાસ સ્થાન માઉન્ટ આબુમાં રાખ્યું. તેઓ વર્ષમાં છ માસ

ભારતમાં અને છ માસ વિદેશમાં ગાળે છે. ૧૯૬૫માં હું તેમના પ્રથમ પરિચયમાં આવી. મારા સંકોચશીલ સ્વભાવને કારણે એકાદ વર્ષ તો સામાન્ય પરિચયમાં જ ગયું. ત્યારબાદ ૧૯૬૭ના નારાયણ આશ્રમના પ્રવાસ અને નિવાસ દરમ્યાન તેમના જીવનની ઉષ્મા અનુભવી, અને જાણે કશોક આધાર મળી ગયો હોય તેવો અનુભવ પણ ત્યારેજ થયો. આ આશ્રમની વિગતવાર માહિતી તેના વર્ણનમાં જોઈશું.

મારો જન્મ તો જૈન કુટુંબમા થયેલો. વર્ષો સુધી તેમાં સંસ્કાર સીંચન થયું. પરંતુ જેમ જેમ કર્મગ્રંથ જેવા શાસ્ત્રના અધ્યયન સાથે તત્વ ચિંતનનો રસ જાગ્યો તેમ તેમ ક્રિયાકાંડને બદલે આત્મ તત્વ વિષેની જિજ્ઞાસા જાગવા માંડી. પરંતુ સત્સંગના સાતત્યના અભાવે તેના પર પૂરો પ્રકાશ પડયો નહિ.

વળી જયારે જયારે શાસ્ત્રમાં વાંચવામાં આવતુ કે ભગવાન મહાવીર પોતાના પટ્ટશિષ્ય અને પ્રખર સાધક એવા ગૌતમને હંમેશા સંબોધતા કે "હે ગૌતમ, એક ક્ષણનો પણ પ્રમાદ ન કર," વળી આત્મશુદ્ધ, ચિત્તશુદ્ધ વગેરે વિષે વાંચવામાં આવતું ત્યારે શબ્દાર્થ સુધી ફક્ત બુદ્ધિ કામ કરતી, તેથી આગળ વધીને મનન સુધી પહોંચાતુ પરંતુ તેનું રહસ્ય અનુભવાતું નહિ કે પ્રમાદ ન કરવો તે ઠીક પણ તો પછી શું કરવું ?

૧૯૫૨માં પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનો પરિચય થયો. તેમની સતત ચિંતનધારા જોઈ ત્યારે ઉપરનું રહસ્ય સમજાયું. પ્રમાદ ન કરવો એટલે શરીર, મન કે બુદ્ધિથી કંઈ કર્યા જ કરવું તેવું નથી. તે ત્રણેથી જુદું જે એક ચિત્તતત્વ છે તેની શુદ્ધિ માટે ચિંતન અને જાગૃતિનુ સાતત્ય અનુભવવું તે ઉપરના કથનનું રહસ્ય હતું. તેવા શુદ્ધ ચિત્તથી જે કર્મ નિપજે છે તે શુદ્ધ કર્મ યોગ છે. તેવી સતત પ્રેરણા મને તેમની પાસેથી મળતી.

જ્યારે હું બહેનશ્રીના પરિચયમાં આવી ત્યારે આ રહસ્ય વધુ ખુલ્લું થયું. તમસ અને રાજસ વૃત્તિથી તો મુક્તિ ખરી, પણ સત્વ વૃત્તિથી નિવૃત્ત થયેલું મન સમગ્રપણે ચેતનાનો સ્પર્શ પામી મૌન બની જીવનની ગતિને વહન કરે છે તે જીવન પ્રમાદ રહિત જીવન છે.

આમ બંને પવિત્ર વ્યક્તિઓની વહેતી અલગ અલગ ધારાનું મને એકરૂપે દર્શન થયું. કારણ તેનું મૂળ અને લક્ષસ્થાન એક હતા. તેઓના પરિચયે મને પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં સમતુલન જાળવી પ્રસન્નતા પૂર્વક જીવન જીવવાની ચાવી મળી એમજ કહોને! અવ્યક્તને પ્રકટ થવાની આમ એક દિશા પ્રાપ્ત થઈ.

આ પંચધારા રૂપી પાંચ પ્રવાસનો એક બીજો પછી ક્રમ છે. તે અલગ અલગ સ્થળોનો બાહ્ય ક્રમ છે. આંતરિક રીતે તો ઉત્તરોઉત્તર વિકાસ ક્રમ છે બાહ્ય રીતે સ્થળોનું દર્શન હતું, આંતરિક રીતે અંતરપડળો ખુલવાનો અને નિત્ય નવીન દર્શનનો અનુભવ હતો.

આ પાંચ પ્રવાસનું અલગ વર્ણન આગળ આપેલું છે. દરેક સમયે દરેકનું અલગ રહસ્ય સમાયેલું છે. હિમાચલના પ્રદેશોમાં ક્યાંક સામ્ય જોવામાં આવે છે. જેમકે નારાયણ આશ્રમ જતાં માર્ગમાં આવતા પહાડો, અને નદીઓ, કુદરતી સૌંદર્ય, લોકોની રહેણીકરણી વગેરે, ડેલહાઉસીથી મનીમહેશ જવા માટે ભરમોર ગયા તે માર્ગમાં, અને બદ્રીકેદાર ગયા તે માર્ગમાં ઘણું સામ્ય લાગે. ઘણીવાર આ બધું એટલું બધું એકાકાર લાગતું કે મુખમાંથી શબ્દો સરી પડતા કે અરે નારાયણ આશ્રમ જતાં આવાં જ ઝરણા આવતા, ત્યાં ગંગાનો પ્રવાહ આ રીતે જ વહેતો.

સિલોનનો પ્રદેશ આ પ્રદેશથી બધી રીતે જુદો ખરો. એટલું જ નહિ પરંતુ ત્યાંની દિનચર્યા પણ જુદી. એકંદરે બધા પ્રવાસનું

હાર્દ એક ગણાય. વ્યક્તિગત રીતે મારો વિકાસક્રમ જોતા હું તેને આ રીતે આલેખું.

નારાયણ આશ્રમમાં બહેનશ્રીની નિકટ રહેવાનો પ્રથમ પરિચય હતો. ત્યારે બોલવું ઓછું અને તેઓ જે કંઈ કહે તેને સમજવા પ્રત્યન કરવો. ડેલહાઉસીમાં બહેનશ્રીના જીવનના વિવિધ પાસાઓનો સ્પર્શ થયો. અને અમારા જીવનને પણ વિવિધ રીતે પ્રકાશ મળ્યો. ચારે દિશાથી કોઈ વસ્તુ ઉમટી હોય, લેવાય તેટલું લો. જમતાં એક વાત, ફરતા બીજી વાત અને સૂતા વળી કંઈ ત્રીજી જ વાત, અને છતાં લાવી મૂકતા એક કેન્દ્રસ્થાને કે જાગૃતિથી વર્તમાનમાં જીવો. જીવનની તેમની આ ગતિ ઝીલવા અમે પણ ઓતપ્રોત થઈ જતાં. ઘણા મિત્રો અમને પૂછતાં ડેલહાઉસીમાં બે માસ તમે શું કર્યું ? શું કહીએ ? કર્યું તો કશું જ નહિ, અને કર્યું તે વર્ણવવું કેમ ? છતાં જે કંઈ કલમમાં ઉતારી શકી છું તે સત્સંગની ફલશ્રુતિ રૂપે સહેજે પ્રગટ થયું છે.

હવે ઉપડીએ બદ્રી કેદારની યાત્રાએ. આ યાત્રામાં સતત પ્રવાસ જ હતો. રોજે રોજે જુદા જુદા સ્થળે પ્રવાસ થતો. ઠંડી-માંથી ગરમીમાં, અને ગરમીમાંથી ઠંડીમાં રહેવાનું બનતું. મર્યાદિત સગવડોમાં આ પ્રદેશમાં વૈજ્ઞાનિક રીતે રહેવું, ખાવુ અને ગોઠવાઈ જવું. તથા ભારતીય સંસ્કૃતિના પ્રતિક સમા આ તીર્થસ્થાનોની પવિત્રતાને પોતાની આગવી દષ્ટિથી નવાજવી, હિમશિખરોની મુક્ત મને મજા માણવી, તેમાં સૌને રસબોળ થવું તે આ યાત્રામાં બહેનશ્રી સાથેનો એક અનેરો આનંદ પ્રાપ્ત થયો.


અહીંથી ઉપડીએ શ્રીલંકા. જે ભારતવાસી માટે પરદેશ ગણાય. ઉપરના પ્રવાસમાં તો મિત્રમંડળી સાથે હતી. અહીં તેઓ અને હું બેજ હતા. પરંતુ શ્રીલંકાનું મિત્રવૃંદ બીજા પ્રવાસો કરતાં

વિસ્તૃત બન્યું. જ્યાં જઇએ ત્યાં ટોળામાં જ જતાં. એકાંતનો અવકાશ અમારા ઓરડામાં ફક્ત રાત્રેજ મળતો. છતાં તેમની સાથે જ રહેવાનું, સૂવાનું ને જમવાનું તે મારે મન તો તેમની સાથેનું એકાંત જ હતું. તેવા એકાંતમાં તેમના શ્વાસથી માંડીને તેમની પ્રત્યેક ગતિશીલ ચર્યાએ મારી સૂક્ષ્મ ગ્રંથિઓને છેદવામાં ખૂબજ પ્રેરણા આપી છે. અને ઘણીવાર આ ગ્રંથિઓ સીધીજ આપો-આપ છેદાઈ જતી.

અંતમાં પાછા આપણી પ્રદક્ષિણા પૂરી કરી માઉન્ટ આબુ પહોંચીએ. પ્રથમ પરિચયે હું બાહ્ય રીતે મૌન હતી, ત્યારે મન અને બુદ્ધિ તર્કના કામે રોકાયેલા. છેલ્લા લેખમાં માઉન્ટ આબુના તેમના સાન્નિધ્યમાં મન મૌન બનવા મથે છે. જે કંઈ મનમાં સંગ્રહાયું તે અહીં પ્રગટ થયું છે.

આ પંચધારારૂપી પાંચ પ્રવાસોના સંદર્ભમાં એક વાત લખવાનું મન થાય છે તે એ કે આ વર્ષે બહેનશ્રી અમરનાથની યાત્રાએ ગયા છે. ભૂતકાળમાં મનમાં એવી કલ્પના પણ હતી કે આ પંચધારામાં પાંચમી ધારા અમરનાથની યાત્રાની હોય તો કેવું સારુ? પરંતુ સંયોવશાત આ યાત્રામાં જોડાવાનું બન્યું નહિ. તેથી પાંચમી ધારા માઉન્ટ આબુથીજ મેળવીને તૃપ્તિ માની છે.

મનુષ્યનો આત્મા તેના પોતામાંજ રહેલો છે, તે કુતુહલપ્રેર્યો વૃત્તિમાં જોડાઇને બહાર નીકળ્યો છે. તેને પોતાનામાં વળવાનું છે. તેમ આ પંચધારાનું ઝરણું માઉન્ટ આબુથી વિસ્ફોટ થયું છે. અન્ય સ્થળે ફરી અનુભવ અને દષ્ટિ મેળવી પાછા ધારાને યથા સ્થાને એટલે માઉન્ટ આબુ પહોંચવું રહ્યું. તેથી અંતિમ લેખમાં માઉન્ટ આબુની સત્સંગરૂપી પ્રસાદીનો ઉલ્લેખ કર્યો છે. તે પણ એક સુયોગ ગણી શકાય.



નારાયણ આશ્રમ



# (૧) નારાયણ આશ્રમ

ભારતમાં જન્મેલ ભાગ્યે જ એવો કોઈ માનવી હશે કે જેણે હિમાલયનું નામ સાંભળ્યું નહિ હોય. ભારતમાં ભાગ્યે જ હિન્દુ સંસ્કાર ધરાવતી એવી કોઈ વ્યક્તિ હશે જેના દિલમાં હિમાલયનાં દર્શન કરવાની ઝંખના જન્મી ન હોય. આમ છતાં તેનાં પ્રત્યક્ષ દર્શન કરવાનું સદ્ભાગ્ય બહુ ઓછાં માનવીઓને સાંપડે છે. ૧૯૪૪ માં કાશ્મીરનો પ્રવાસ કરવાનું બન્યું એ વખતે હિમાલયમાં રહેલી કુદરતી સૌંદર્યને માણવું, આનંદ કરવો, મજા કરવી એટલો જ હિમાલયના પ્રવાસનો મારો ખ્યાલ હતો અને આવો ખ્યાલ દર વર્ષે હિમાલયનાં જાણીતા પર્વતમથકો–હીલ સ્ટેશનો–મોટાભાગે ઉનાળાના મહિનાઓમાં ભારતભરમાંથી હજારોની સંખ્યામાં જતા સહેલાણીઓનો હોય છે. આ બધાં મથકો કેવળ મોજમજાનાં અને મળવાહળવાનાં કેન્દ્રો બની ગયાં છે.

બીજો પ્રસંગ હિમાલયમાં જવાનો અને પરિભ્રમણ કરવાનો ૧૯૬૭ ના મે માસમાં સાંપડયો. આ યાત્રાએ મારા અન્તસ્તત્ત્વને અત્યન્ત પ્રભાવતિ કર્યું. પ્રવાસ સાથે જીવન નિહાળવાની મને નવી દષ્ટિ મળી. હિમાલયની ભવ્યતાએ મને મંત્રમુગ્ધ કરી; અને મારામાં જાણે કે એક પ્રકારની આધ્યાત્મિક જ્યોત પ્રગટાવી. મારામાં આધ્યાત્મિકતાનું જે આછું સ્ફુરણ હતું તેને નવો વેગ મળ્યો.

આ બીજો પ્રસંગ હિમાલયના પેટાળમાં–આપણી સરહદની બહુ નજીકના ભાગમાં–આવેલ સપાટ પ્રદેશથી લગભગ ૨૦૦ માઈલના અંતરે અને કૈલાસયાત્રાના માર્ગની બાજુએ આવેલ નારાયણ આશ્રમની યાત્રાને લગતો હતો. ત્યાં જવાનો સુયોગ આ રીતે ઊભો થયો.

જેમણે વર્ષો સુધી ભૂદાન આંદોલનને દેશભરમાં વેગ આપવાનું કાર્ય કર્યું હતું, જેઓ એ પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ સ્વીકારી થોડાં વર્ષોથી માઉન્ટ આબુમાં વસે છે અને જેમને વિચારોના આદાન–પ્રદાન નિમિત્તે અવારનવાર યુરોપ તથા અમેરિકાના પ્રવાસો કરવાનું પ્રાપ્ત થાય છે તે શ્રી વિમલાબહેન ઠકારના સમાગમમાં આવવાનું સદ્‌ભાગ્ય કેટલાક સમયથી મને પ્રાપ્ત થયું છે. તેમની સાથે ગયા વર્ષના સમારંભમાં આબુ ખાતે થોડા દિવસ રહેવાનો યોગ ઊભો થયો. તે દરમિયાન તેમણે ઉપર જણાવેલ નારાયણ આશ્રમ વિષે વાત કરી, તે સ્થળની અસાધારણ ભવ્યતાનો ખ્યાલ આપ્યો અને ત્યાં જવાનો કોઈ પ્રબંધ ગોઠવાઈ શકે તો આપણે બધા સાથે જઈએ એવી ઈચ્છા તેમણે વ્યક્ત કરી.

નારાયણ આશ્રમ સરહદ વિસ્તારમાં આવેલું હોવાથી, ત્યાં જવા માટે ભારત સરકાર પાસેથી મંજૂરી મેળવવી પડે છે. સૌ પ્રથમ આલ્મોરા સુધી ગયા પછી લગભગ ૧૬૦ માઈલ દૂર આ આશ્રમ આવેલો છે. સામાન્ય રીતે યોગીઓ કે સાધકો સિવાય કોઈ એકલદોકલ પ્રવાસી માટે આ સ્થળે જવું આસાન નથી, પરંતુ મિત્રમંડળ હોય, સત્સમાગમ હોય તો અગવડ પણ સગવડ થઈ જાય અને જાણે કે ભક્ત કવિની પંક્તિ સાચી પડતી લાગે કે “જંગલમાં મંગલ કરી જાણે જંગલ મંગલ જેને”.

## ૩

વડોદરામાં વસતા શ્રી નારાયણ આશ્રમના ટ્રસ્ટીઓ પાસેથી ત્યાં કેવી રીતે જઈ શકાય અને કેટલા દિવસ લાગે વિગેરે વિગત મેળવ્યા પછી અમે તે અંગેની તૈયારી કરવા લાગ્યા. અમે કુલ સાત જણા નારાયણ આશ્રમ જવાના હતા, પરંતુ મારું કુટુંબ નૈનિતાલ જવાનું હતું, તેથી મેં મારા પરિવાર સહિત એપ્રિલ માસની ૨૫ મી તારીખે અમદાવાદથી પ્રયાણ કર્યું અને અમે ૨૭ મીએ નૈનિતાલ પહોંચ્યાં. માર્ગમાં બાંદીકુઈ અને આગ્રા ગાડી બદલી કાથગોદામ પહોંચ્યાં. અને ત્યાંથી ટેકસી કરી અમે ૧૮ માઈલનો ચઢાણુવાળો નૈનિતાલનો પહાડ ચઢવા લાગ્યા. પહાડ ચઢતાં જ હિમાલયની અસર વરતાવા માંડી. એકદમ હવામાન બદલાવા લાગ્યું અને ગરમીથી તપ્ત થઈ ગયેલા અને બે દિવસથી કંટાળાજનક મુસાફરીને કારણે થાકી ગયેલા એવા અમને હિમાલયની ગિરિમાળા પરથી આવતા શીતલ પવનનો સ્પર્શ થતાં, અમારો થાક ભૂલાઈ ગયો.

નૈનિતાલની રમણીયતા તેનાં નૈની સરોવરને આભારી છે. આખું નૈનિતાલ શહેર આ સરોવરની ચારેકબાજુ પથરાયેલું છે અને તેથી તે અત્યંત રમણીય લાગે છે. આ સ્થળના હૃદયંગમ સૌંદર્યથી આકર્ષાઈને પ્રતિવર્ષ અહીં ઘણી મોટી સંખ્યામાં સહેલાણીઓ આવે છે. અને એ ઘડી જીવનની જટિલ ઘટમાળથી મુક્તિ પામે છે. આ પ્રદેશ અત્યંત વિકસેલો છે અને તેના રસ્તા વિગેરે પણ સુંદર છે. અહીં દરેક પ્રકારની સુવિધા મળી રહે છે. જૂના વિભાગમાં તળની વસતિ અને નવા વિભાગમાં અદ્યતન હોટેલો, સ્ટોરો અને નિવાસ્થાનો આવેલાં છે. તેનું બજાર પણ સારું એવું મોટું અને વ્યવસ્થિત છે. નૈનિતાલ ૬૦૦૦ ફૂટની ઊંચાઈ પર છે. તેથી અહીં સામાન્ય રીતે ઠંડી સારા પ્રમાણમાં પડે છે. ચારે બાજુ પહાડ અને વચ્ચે તળાવ આવેલું હોવાથી

અને અહિં જે પવન આવે છે તે આ તળાવ પર થઇને આવતો હોવાથી વાતાવરણ બપોરનાં સમયમાં પણ ઠંડુ અને આહ્લાદક લાગે છે.

રાત્રિની નિરવ શાંતિ પછી પ્રભાત પડતાં આખું શહેર અનેક પ્રકારની પ્રવૃત્તિઓથી ધમધમી ઉઠે છે. આમ તો જો કે અહીં આવનાર સહેલાણીઓ આરામ માટે આવે છે અને દરેક જણ પોતપોતાની રુચિ પ્રમાણે પોતપોતાનો દૈનિક કાર્યક્રમ ગોઠવી લે છે. કોઈ સવારે નૈની સરોવરમાં બોટીંગ કરવાનો કાર્યક્રમ બનાવે છે, કોઈ સરોવરની આજુબાજુ ચક્કર મારવા નીકળી પડે છે, તો કોઈ સૂર્યનાં કિરણોમાં સ્નાન કરવાનું પસંદ કરતાં પોતાની હોટલનાં આગળનાં ખુલ્લા ભાગમાં ખુરશી ખેંચી લાવી તેમાં આજુબાજુનાં સૌંદર્યનું પાન કરતાં પડી રહે છે. નાનાં બાળકો બગીચામાં રમવા ઉપડી જાય છે તો કોઈ નજીકનાં કે દૂરનાં જોવા લાયક સ્થળો પર ચાલતાં યા ઠંડીમાં કે બસમાં યા ટેક્સીમાં ઉપડી જાય છે. આમ આખો દિવસ લોકો જાતજાતની પ્રવૃત્તિમાં પસાર કરે છે. આ સ્થળે આ દિવસો દરમ્યાન ઠીક ઠીક પ્રમાણમાં માનવમહેરામણ ઊભરાય છે અને લોકો જુદા જુદા સ્થળેથી આવતા હોવાથી વસતિમાં પણ વૈવિધ્ય નજરે પડે છે.

નૈનિતાલમાં જોવાલાયક બધાં જ સ્થળો ઠીક ઠીક ચઢાણ પર છે. તેનું સૌથી ઊંચું સ્થળ ચાઈનાપીક છે, જે હવે નૈનિ-પીક તરીકે ઓળખાય છે. ત્યાં સૂર્યોદય પહેલાં જઇએ તો હિમાલયની સળંગ ગિરિમાળા જોઈ શકાય છે. બ્રિટિશ સમયથી અહીં સારી એવી હાઈસ્કૂલો અને કોલેજોનું નિર્માણ થયું છે. આવી અત્યંત આહ્લાદક ભૂમિ વચ્ચે માત્ર ત્રણ જ દિવસ રહીને અમે ૩૦ મીએ સવારે ભવાલી જવાની તૈયારી કરી. અમદાવાદથી

શ્રી કલ્યાણભાઈ ત્રિકમલાલ અને તેઓશ્રીનાં પત્ની, ચિરંજીવી ભાઈ શ્રીકાંત અને તેમના બહેન શ્રીપ્રભાબેન અને આબુથી પરમ પૂજ્ય શ્રી વિમલાબેન તા. ૨૮–૪–૬૭ ના નીકળી અમને ૩૦ મીએ ભવાલી મળ્યાં. મારી સાથે મારી દીકરી દક્ષા પણ હતી.

ખરી રીતે તો અમારો હિમાલયના પ્રદેશમાં ભ્રમણ કરવાનો પ્રવાસ જ્યારે અમે નૈનિતાલમાં પગ મૂકયો ત્યારથી જ શરૂ થઈ ચૂકયો હતો. છતાં જ્યારે અમે નારાયણ આશ્રમ તરફ પ્રવાસ શરૂ કર્યો ત્યારે જાણે હવે જ સાચો અને હેતુલક્ષી પ્રવાસ આરંભાયો એવી લાગણી હૃદયમાં ઉદ્ભવી. જો કે હિમાલયનાં સાક્ષાત દર્શન તો અમે આલ્મોરાથી કર્યાં, પણ તે અંગેનો સાચો ભેદ તો છેક નારાયણ આશ્રમ પહોંચ્યા ત્યારે જ ખુલ્યો. અમારી સાથે આલ્મોરા સુધી શ્રી કિસનસિંહભાઈ ચાવડા અને તેમનાં ધર્મપત્ની શ્રી સાવિત્રીબેન પણ હતાં. અમે તા. ૩૦ મીએ રાત્રે આલ્મોરા ડાક બંગલામાં મુકામ કર્યો. આલ્મોરામાં ઠંડી સામાન્ય હોય છે. અમે જે ડાક બંગલામાં નિવાસ કરેલો ત્યાંથી હિમાલયની હિમાચ્છાદિત ગિરિમાળાઓ બહુ જ સુંદર અને વિસ્તૃત રીતે દેખાઈ આવતી હતી. હિમશિખરોનાં એટલે દૂરથી કરેલા દર્શનથી પણ મન આનંદિત થઈ ઊઠયું, જો કે તે વખતે તો એવી કલ્પના પણ નહોતી કે આ જ ગિરિશ્રૃંગો જાણે હાથ લાંબો કરીને અડી શકાય તેટલા બધા નજીકથી અમે જોઈ શકીશું. અહીંથી હિમાલયનાં જે હિમશિખરો અમે જોયાં તે તો જાણે નાનાં બાળકો દૂરથી ડોકિયાં કરતાં હોય એવું જણાતું હતું.

નારાયણ નગર એ નારાયણ આશ્રમથી વચમાં આવતી નારાયણ સ્વામીની કૃતિ છે ત્યાં સુંદર મકાનની વ્યવસ્થા છે. આલ્મોરાથી નારાયણનગર જતાં પહેલા ૭૫ માઈલના અંતરે વચ્ચે પીથોરાગઢ આવે છે, જ્યાંથી પરવાનગી મેળવ્યા વગર

આગળ જવાતું નથી. આમ તો આ બધો વિસ્તાર આપણી સરહદને લગતો છે અને તેથી આ માટેની પરવાનગી અમદાવાદથી અમુક સમય પહેલાં કઢાવવી પડે છે.

આજથી ૬૫ વર્ષ પહેલાં તો આ પ્રદેશમાં વસતિ ઘણી ઓછી હતી, પરંતુ આપણા દેશ પર થયેલા ચીની આક્રમણ પછી આ પ્રદેશની વસતિમાં ઘણા મોટા પ્રમાણમાં વધારો થયો છે; કેળવણી પણ વધી છે અને છેલ્લા પાંચ વર્ષથી તો મોટરો, બસો વગેરે ચાલી શકે તેવા રસ્તા પણ થઈ ગયા છે. ખાસ કરીને આ પ્રદેશમાં મીલીટરીની વસતિ જ વધુ પ્રમાણમાં નજરે પડે છે, અને મીલીટરી આવતાં આ સ્થળનો વિકાસ પણ સારો થયો છે, છતાં પણ આ રસ્તા પરથી પસાર થતાં તરત જ કલ્પના થાય છે કે દેશના જવાનોએ આવા જ પહાડી પ્રદેશોમાં થોડા સમય પહેલાં થયેલાં ચીની આક્રમણ વખતે કેવી પરેશાની ભોગવી હશે, અને ન જાણે કેટલા જવાનોને અહિંની ધરતીએ પોતાની ગોદમાં સમાવી લીધા હશે. એ વિચારતાં જ મારૂં મસ્તક તેઓની અદ્ભૂત વીરતા આગળ ઝૂકી પડયું અને સાથે સાથે બીજી જ ક્ષણે તેઓએ પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય એવી ભૂમિ માટે આપેલા નિઃસ્વાર્થ બલિદાનની યશોગાથાથી પ્રેરાઇને મારૂં ઝૂકેલુ મસ્તક ગૌરવથી ઉન્નત બની ગયું અને મુખમાંથી અનાયાસે કોઈ દેશપ્રેમી કવિએ પોતાના બાંધવો માટે લખેલી પંક્તિઓ નીકળી પડી કે,

જેનું જીવન કુરબાને વતન થઈ જવાનું,<br>
તે તો આ દેશનું સાચું રતન થઈ જવાનું.<br>
બાકીનાઓની હસ્તી કે વસતિ નથી જગતમાં,<br>
તેઓનું તો ખાલી કફનમાં જતન થઈ જવાનું.

આમ પહાડી અને પથરાળ માર્ગમાં, એક વણાંક પૂરો ન થાય ત્યાં બીજો આવે, એક પહાડ ચઢો, તેની ટોચે પહોંચો અને વળી નીચે ઉતરો. અને તેની ચરણરજ લઇને વળી બીજો પહાડ ચઢો. એમ બસ ચારે બાજુ જયાં નજર નાંખો ત્યાં ડુંગરા અને ખીણુ, તેમાં વહેતી નદી અને તેની વચ્ચે વચ્ચે તેની અંદર નિવાસ કરતી પ્રજાના થોડા થોડા ઝૂંપડાં દેખાયા કરે અને પહાડોના ઢોળાવો ઉપર સુંદર રીતે ગોઠવાયેલા તેમનાં ખેતરો નજરે પડે, જાણે પહાડ ઉતરવા માટે પગથીયાં બનાવ્યાં ન હોય એવું લાગે.

ત્રણ દિવસના સતત ડુંગરાળ માર્ગના પ્રવાસ પછી બે ઘડી એમ જ લાગતું કે શું દુનિયામાં સપાટ જમીન હશે ખરી? રહેવાના કોઈ પણ સ્થળેથી ચાર ડગલાં જવું હોય તો પણ બસ ચડાઈ. ખરો અનુભવ તો અમને રાત્રે જયારે અમે નારાયણનગર પહોંચ્યા ત્યારે બરાબર થયો. રાત્રે પહોંચેલાં અને ખૂબ થાકેલાં હોવાથી અમે જલદી ત્યાં જઇને નિરાંતે આરામ કરવાની આશામાં હતાં, પરંતુ જયાં ટેકસી મૂકીને ઉપર જવા માટે જે થોડું ચઢવું પડયું ત્યારે જ ખ્યાલ આવ્યો કે ચડાઇ કેટલી કપરી છે. વિશેષતઃ સપાટ જમીન પર ચાલવાને ટેવાયેલા અમને આટલી નાની ચડાઈ પણ ખૂબ આકરી લાગેલી તેથી પાંચ પાંચ મણ વજન લઈને હેરફેર કરતા ત્યાંના લોકોને જોઇને અમને તેમની ખૂબ દયા આવી. પણ આ પ્રદેશમાં એ જ રોટીનું સાધન હોવાથી અમારા જેવા પ્રવાસીઓને જોતાં એ લોકોને અત્યંત આનંદ થતો હોય એમ લાગ્યું. ત્યાંની પ્રજા સાથે વાત થતી ત્યારે ત્યાંની પ્રજાનાં મોઢે એક વાત તો જરૂર નીકળતી કે "તમે સૌ નસીબદાર છો, સપાટ પ્રદેશમાં જન્મ્યા છો, અમારા દેશમાં તો બસ ચડાઇ જ ચડાઇ છે." એ લોકો ઘણા જ ઉદાર, આમારા માટે અત્યંત

મચાળુ અને હેતાળ લાગ્યા. ત્યાં આવનાર પ્રવાસીઓનો સામાન વગેરે ઊંચકીને તેમના નિવાસસ્થાને પહોંચાડવાનું કામ પણ તેઓ ઘણા જ ઉત્સાહથી અને પ્રેમથી કરતા લાગતા.

ત્યાં ખેતીનું પ્રમાણ ઓછું અને પહાડોનાં ઢોળાવ પર કર॰ વામાં આવે છે. તેથી ખેતી કરનારે, ઢોરોનો ચારો લાવનાર સૌને ચઢાઇ તો ચડવી જ પડે અને એ લોકો એમ આવા ચડાણથી ટેવાયેલા પણ ખરા, તેથી તે પ્રજા માટે એ ઘણું જ સ્વાભાવિક બની જાય તેમાં નવાઈ નથી. તે લોકો પોતાનાં રહેઠાણ એ પહા- ડોનાં ઢોળાવ પર બાંધતા હોવાથી દૂર દૂરથી આપણને તે દસ- પંદરની સંખ્યામાં હારબંધ ગોઠવાયેલા દેખાય. હાલ ત્યાં સર હદનાં રક્ષણ માટે ઘણી છાવણીઓ નંખાઈ છે. આ છાવણીઓ દૂરથી અત્યંત રમણીય લાગે છે. દૂરથી જોતાં પહાડ પરની થોડી થોડી સપાટ ભૂમિનો આપણને ખ્યાલ ન આવે, તેથી આવાં ઝૂપ॰ ડાઓ અને છાવણીઓ તે ઢોળાવવાળા પ્રદેશ પર શાના આધારે ટકી રહેલ હશે તેનું આશ્ચર્ય લાગે. અમે નારાયણનગર પહોંચ્યાં ત્યારે અમારા નિવાસસ્થાનેથી આજુબાજુના બધાં પર્વતો દૂરથી પણ સારી રીતે જોઈ શકાતા હતા, કયાંક કયાંક તો તેનાં પર છવાયેલો બરફ પણ દેખાતો હતો. પરંતુ જયારે ત્યાંના નિવાસી એક ભાઈએ અમને કહ્યું કે આ સામે દેખાતા પહાડોની ગિરિ માળાઓમાં તો કેટલાક મોટાં મોટાં સરોવરો છે એ ઘડી તો અમે વિસ્મય પામી ગયાં. જ્યાં ઊભા રહી અમે પહાડો જ જોઈ શકતા હતા, તેમાં એવા વિશાળ સરોવરો હોય તે કલ્પી શકાતું નહોતું.

આલ્મોરાથી પિથોરાગઢ થઈ નારાયણનગર જતાં યોગીરૂપ સ્થિર ડુંગરાઓની વચમાં નદી પોતાની ગતિએ પોતાનો કર્મયોગ સાધતી સતત વહ્યા જ કરે છે. કેમ જાણે અસ્ખલિત વહ્યા જ

કરવું એ તેનો જીવન મંત્ર ન હોય! હજી જો કે ગ્રીષ્મઋતુની શરૂઆત હોવાથી હિમશિખરો સારા પ્રમાણમાં ઓગળ્યાં નહોતાં. તેથી નદીમાં પૂરતા પ્રમાણમાં પાણી ન હોવાથી તેની ગતિમાં મંદતા હતી.

રસ્તામાં કયાંક નાની નાની દેરીઓના દર્શન થતા. ત્યાંથી પસાર થનાર લોકો અને વાહનો હાંકનાર ડ્રાઇવર વગેરે અમુક અમુક જગ્યાએ તેઓને જે દેવીમાં શ્રદ્ધા હોય ત્યાં ઊતરી તેનાં દર્શન કરી પ્રસાદ લઇને જ આગળ વધતા. વચ્ચે વચ્ચે અમુક અંતરે નાનાં નાનાં ગામો પણ આવતા, અહીંનાં ગામોની વસતિ ઘણી જ ઓછી હોય છે. વાહનવ્યવહાર તો ખૂબ જ ઓછો, જો કે આપણાં દેશ પરના છેલ્લા ચીની આક્રમણ પછી ત્યાં ઘણી છાવણીઓ નંખાવાથી, હવે રસ્તામાં ઘણી જ મિલિટરી જીપ, ટ્રકો આમ તેમ પસાર થતી યા પડેલી હોય છે. આ બધો વાહનવ્યવહાર, પહાડ પરનાં રસ્તા હોવાને કારણે એકમાર્ગી છે. જો સામસામી બે મોટી ટ્રક કે બસ આવી જાય તો અથડાવાનું જોખમ રહેલું હોવાને કારણે, તે બધાનો પહાડી રસ્તાઓ ઉપર આવવાનો અને જવાનો સમય નિયત કરેલો હોય છે.

નારાયણનગરમાં અમે ચાર દિવસ રોકાયા. નારાયણ આશ્રમ એ જ નારાયણસ્વામીનાં ચિરસ્મરણીય કાર્યક્ષેત્રો. સ્વામીજી કયાંનાં હતા, કોણ હતા તેની બહુ ઓછી માહિતી મળે છે. પરંતુ આ પ્રદેશમાં પગ મૂકતા જ તેની ભૂમિના પ્રત્યેક કણમાં તેમનો વાસ રહેલો છે તેની પ્રતીતિ થાય છે. અમે પિથોરાગઢમાં નારાયણસ્વામીના પરમ ભક્ત ડો. પંતને ત્યાં માત્ર બે જ કલાક માટે રોકાયા હતા, પરંતુ તેઓશ્રીનાં ધર્મપત્ની અને તેમના પુત્રે અમને સ્વામીજી અંગે જે વાત કરી અને તેમને ત્યાં સ્વામીજીનો ફોટો જોયો ત્યારથી જ

એમને અમે કેટલાય સમયથી ઓળખતા હોઇએ એવો અનુભવ થયો. હજી પણ તેમનું સ્મરણ થતા મનઃચક્ષુ સમક્ષ તેઓશ્રીની છ ફૂટથી પણ વધારે ઊંચી અને અત્યંત પ્રભાવશાળી દેહાકૃતિ ખડી થઇ જાય છે.

કહેવાય છે કે કૈલાસનાં દર્શન કરવાની અભિલાષાથી નારાયણસ્વામી આ બાજુએ આવેલા. દૂર જંગલના પહાડી વિસ્તારમાં નાની સરખી ટેકરી પસંદ પડી. ત્યાં તેઓ ઝૂંપડી બાંધી સાધના કરવા માટે રહ્યા. ત્રણ વર્ષ તેઓએ સાધનામાં પસાર કર્યાં પછી અન્ય સાધકો અને ભકતો તેમની સાથે જોડાયા. અને પાંચ સાત વર્ષમાં તો તેમણે તે ભૂમિનું એક અત્યંત પવિત્ર તપોભૂમિમાં રૂપાંતર કર્યું. ત્યારબાદ તેમણે થોડે નીચે નારાયણનગરની રચના કરી તેમાં કોલેજની પણ સ્થાપના કરી અને આ કોલેજને ગાંધીજીના નામ સાથે જોડીને 'બાપુમહાવિદ્યાલય' એવું નામ આપ્યું. આ કોલેજનું સંચાલન સ્વામીજીના અવસાન બાદ ત્યાંની સરકાર કરે છે.

અહીંના ડોળીવાળા, મજૂરો કે આજુબાજુનાં રહેવાસીઓ સૌ નારાયણસ્વામીથી ખૂબ પ્રભાવિત લાગ્યા. તેમના વિષે સૌના દિલમાં આત્મીયતા અને ભક્તિ પણ ખૂબ, અને આ બધી નારાયણસ્વામીની જ કૃપા છે આવી તેમની માન્યતા હોય એમ અમને લાગ્યું.

અમે નારાયણનગર માત્ર ચાર જ દિવસ રહ્યાં. આ દિવસો દરમિયાન શ્રી વિમલાબહેનના જ્ઞાનનો અમને ઘણો સારો લાભ મળ્યો.

કોઈવાર આજુબાજુનાં પ્રદેશમાં ફરવા નીકળી પડતા અને કુદરતના સૌન્દર્યનું પાન કરતા. ચારે બાજુએ બરફથી છવાયેલા પર્વતો નજરે પડતા. કોઇ વખત પર્વતો પરનાં જંગલોમાં લાગેલો દવ દેખાતો ત્યારે એ અગ્નિનો પ્રકાશ આજુબાજુનાં લીલાં જંગલો વચ્ચે અત્યંત રોમાંચક લાગતો.

# ૧૧

શ્રી પાંડેજી કોઈ વખત વિમલાબેનને તેમના અનુભવો વિશે પૂછતાં, જેમાંથી વિમલાબેનનો ભૂતકાળ અમને જાણવા મળ્યો. એમનું સાહસ ભર્યું બાળપણ, ત્યાર પછી તેમના માતા પિતા અંગે તેમનામાં અપૂર્વ શ્રદ્ધા, તે ઉપરાંત તેમણે નાનપણથી દાખવેલી અદ્ભુત શકિત, તેમની ભૂદાનયાત્રાની અવનવી વાતો આ બધું સાંભળતાં અમે ધરાતા જ નહીં.

અમે ચાર દિવસ નારાયણનગર રહી નારાયણ આશ્રમ જવા ઉપડયા. નારાયણ આશ્રમ પહોંચતા પહેલા અમારે ધારચૂલા થઈને જવાનું હતું. ધારચૂલા આપણી મિલિટરીનું મોટું મથક છે. ધારચૂલા આપણાં દેશની સરહદ પર હોવાથી અને તેની ત્રણ બાજુએ ચીનની, તિબેટની અને નેપાળની સરહદો આવેલી હોવાથી આપણા દેશનાં રક્ષણ માટે ત્યાં ઘણાં મોટા પ્રમાણમાં મિલિટરી પથરાયેલી છે. અમે સવારે લગભગ ૯ વાગે નારાયણનગરથી નીકળી ત્યાંની બસમાં બેસીને આસ્કોટ પહોંચ્યા અને ત્યાંથી બીજી બસ બદલી ધારચૂલાની બસમાં બેઠા અને લગભગ ત્રણ વાગે અમે ધારચૂલા પહોંચ્યા. આ આખો રસ્તો પહાડો કાતરીને જ બનાવેલો છે. અને તે બધો કાચો રસ્તો જ છે, પરંતુ પ્રમાણમાં પહોળો છે. ધારચૂલા ખીણમાં આવેલું હોવાથી નારાયણનગરથી ત્યાં પહોંચતા બધા પર્વતો ઉતરવા પડે છે. તે લગભગ ૨૫ માઇલનો રસ્તો છે. અહીં સ્થાનિક લોકોની અવરજવર સારી રહેતી હોવાથી બસમાં સારી એવી ગીરદી રહે છે. અમને પણ બસમાં જગા મેળવતા ઘણી મુશ્કેલી પડી, પરંતુ યાત્રાળુઓ તરફની આ દેશની ભકિત મદદરૂપ થઈ, અને અમારી સગવડ થઈ ગઇ, ધારચૂલા અમારા માનવા પ્રમાણે સમયસર ન પહોંચી શકયા, તેથી અમારે ત્યાં એક રાત રોકાઇ જવું પડયું.

આ સ્થાન માત્ર ૨૫૦૦ ફૂટની ઊંચાઈ પર હોવાથી બપોરે થોડી ગરમી લાગે. પરંતુ ત્યાં જે નદી વહે છે તેનું વહેણુ એટલું જોરદાર છે અને તેમાં પાણી પણ બરફ ઓગળવાને કારણે ઘણું જ ઠંડુ હોવાથી પવન ઘણો જ ઠંડો રહે છે. આથી અહીં બપોરે તડકો હોવા છતાં ઠંડા પવનને કારણે ગરમી બહુ લાગતી નથી. ધારચૂલામાં જે ડાક બંગલો છે તે આ નદીની ઉપર જ આવેલો હોવાથી ત્યાંનું દશ્ય ભારે રમણીય લાગે છે. એટલે ત્યાં એક રાત રોકાવું પડયું તે ખૂબ સાર્થક થયું એમ અમને લાગ્યું.

અમે તે જ દિવસે ત્યાંથી કોઈ જીપ મેળવવા માટે ઘણો જ પ્રયત્ન કર્યો. કારણકે આમ તો આ ધારચૂલાથી લગભગ ૨૦ માઈલ નારાયણઆશ્રમ આવેલો છે અને આ ધારચૂલા તો લગભગ ખીણમાં જ આવેલું છે, તેની ઊંચાઈ ફક્ત ૨૫૦૦ ફૂટ છે, અને અમારે ૯૦૦૦ ફીટની ઊંચાઇ પર જવાનું હતું. ધારચૂલાથી ૧૦ માઈલ પછી તવાગઢ આવે છે, પરંતુ હજુ સુધી રસ્તાનું કામ અધુરું હોવાથી ત્યાં માત્ર મિલિટરીની જીપ કે ટ્રક સિવાય બીજું કોઈ સાધન જતું નથી અને જો મિલિટરીની જીપની સગવડ ન મળે તો એટલું ચાલતાં જવું પડે અને ત્યાર પછીના બીજા ૧૦ માઇલ પણ દંડીમાં કે પગે ચાલતાં જવું પડે. અમે નારાયણ આશ્રમથી ચાર પાંચ દંડી અને સામાન ઊંચકવા માટે મજૂરો તો બોલાવેલા, પરંતુ તે તો તવાગઢથી જોડાવાના હતા. તવાગઢ તો અમારે જીપ મળે તો જીપ નહીં તો ચાલતાં જવાનું હતું.

તે દિવસે તો કાંઈ જ સગવડ ન થઈ શકવાથી ધારચૂલાનાં ડાક બંગલામાં અમે રાત્રે સૂઇ ગયા. બીજે દિવસે સવારથી અમે તે અંગે ફરી તપાસ શરૂ કરી, પરંતુ અમને જેમના પર કાગળ

લખી આપવામાં આવ્યો હતો તે ભાઈની બદલી થઇ ગઈ હતી. તેથી અમારે માટે જીપ મેળવવાનું મુશ્કેલ બની ગયુ. સદ્ભાગ્યે એક અધિકારી શ્રીવાસ્તવને અમારા માટે સહાનુભૂતિ થઈ. તેમને કહ્યું કે ગુજરાતનાં લોકો આટલા દૂરથી શ્રી નારાયણ સ્વામીની ભકિતથી પ્રેરાઈને તેમની તપોભૂમિના દર્શન કરવા આવ્યા છે, તો કાંઇ સગવડ કરી આપવી જોઈએ. અને તેમણે અમારે માટે ટ્રકની ગોઠવણ કરી આપી.

નારાયણ આશ્રમમાં અમારો મહિનો રહેવાનો વિચાર હોવાથી અને ત્યાં કેવી સગવડ છે તેની અમને ચોક્કસ માહિતી ન હોવાથી અમારી પાસે સારો એવો સામાન હતો. ટ્રક છેક તવાગઢનાં ડાક બંગલા સુધી રસ્તો ઘણો જ સાંકડો હોવાથી જઈ શકે તેમ નહોતી. તેથી અમારે તવાગઢથી દોઢ બે માઈલ પહેલાં ટ્રકમાંથી ઉતરી જવું પડયું. ત્યાં અમે લગભગ છ વાગ્યા પહેલાં પહોંચી ગયા. આ તવાગઢ પહેલા અમારે જે થોડું ઘણું ચાલવું પડયું તે દરમિયાન જોયેલું દશ્ય તો કદી ન વિસરી શકાય એવું ભવ્ય હતું. એક તો અમે પહાડની સારી એવી ઊંચાઈ પર ચાલતાં હતાં. નીચે ઊંડી ખીણમાં નદી તેના પૂરજોશમાં વહે અને સામી બાજુનાં પહાડ તો એટલા ઊંચા કે ચાલતા જોવા જઈએ તો ચક્કર આવી જાય અને અમારા રસ્તાની બીજી બાજુ પહાડની મોટી દીવાલો જે અમારા માથા પરથી નમીને જાણે નદીને આલિં-ગન આપવા ન માંગતી હોય તેવું તો તેનું અનુપમ સૌંદર્ય હતું. આ પહાડોની દીવાલો ઢળતી હોવાને કારણે ગરમી તો જરા પણ લાગે નહીં અને અમે ધારચૂલાથી સારી એવી ઊંચાઈ પર આવી ગયેલા હોવાથી વાતાવરણમાં ઠંડક લાગતી. તેમાં પણ પાછો સાંજનો સમય તેથી અમને તો આ બે માઇલ ચાલવાની અત્યંત મજા

આવી. મનમાં એમ પણ થયું કે સારું થયું જીપ ન લીધી, નહિ તો આવો ચાલવાનો લ્હાવો કયાંથી મળત ?

તવાગઢ અમે સાંજે લગભગ છ વાગે પહોંચ્યા, તેથી અમારા માટે નારાયણ આશ્રમ બીજે દિવસે સવારે વહેલા ઉઠીને જવાનું નક્કી થયું. જો અમે સાંજે નીકળીએ તો ઉપર પહોંચતાં રાત પડી જાય, કારણ કે દસ માઈલ ચાલતા જવાનું હોવાથી લગભગ છ કલાક તો ત્યાં પહોંચતાં લાગે. આમ રાત પડી જાય તેથી બીજે દિવસે સવારે નીકળવું જ યોગ્ય હતું. તેથી અમે તવાગઢના ડાક બંગલામાં રાત ગાળવાનો વિચાર કર્યો. રાત પડી ગઈ હતી. ચોકી દાર ચાલી ગયો હતો. ડાક–બંગલો ખુલે તેમ ન હતું. ભૂખ્યાં, થાકેલાં, અમે જરા મુંઝાયાં, પણ એવામાં ડાક બંગલાની કોઈ બારી ખોલી શકાય તેમ છે કે નહિ તેની તપાસ કરવાનો વિચાર આવ્યો, અને એ રીતે તપાસ કરતાં એક બારી ખોલી શકાય તે દ્વારા સાહસ કરીને અમે ડાક બંગલામાં દાખલ થયા. રાત પડતાં ચોકીદાર આવ્યો અને અમને ડાકબંગલામાં સૂતેલા જોઇને જરા બગડયો, પરંતુ અમે તેને અમારી પરિસ્થિતિ સમજાવીને શાન્ત પાડયો અને આખી રાત સ્વસ્થ નિંદ્રામાં પસાર કરી.

આ ડાકબંગલો પણ ધારચૂલાના ડાકબંગલાની જેમ નદી પર આવેલો છે. ત્યાંથી નદીનો ખળખળ વહેવાનો અવાજ સાંભળી શકાતો હતો, પરંતુ ત્યાં બેઠાં બેઠાં નદીને જોઈ શકાતી નહોતી, તવાગઢમા પણ આપણી મિલિટરી છાવણીઓ ઘણી છે અને આ ડાકબંગલો મિલિટરી છાવણીઓની બરાબર મધ્યમાં આવેલો છે. આ ડાકબંગલાની બરાબર સામેના પહાડ પર થઇને નારાયણ આશ્રમ જવાનું હતું, એટલે કે નદી પર જે પુલ છે તે પસાર કરીને બીજા પહાડ પર ચડવાનું હતું.

બીજે દિવસે સવારે છ વાગે અમે અમારી મુસાફરીના અંતિમ લક્ષસ્થાન પર પ્રયાણ કર્યું. તે વખતના ઉત્સાહની તો શું વાત કરવી? અમે જ્યારે તવાગઢથી બીજા પહાડ પર ચડવા માંડયું ત્યારે અમારી સાથેના ત્યાંના રહેવાસીઓએ બે પહાડની બરાબર વચ્ચે જે ત્રીજો પહાડ છે તેનાં પર આ નારાયણ આશ્રમ વસેલો છે તે બતાવ્યું. પરંતુ જતી વખતે તો અમને તેનો જરા પણ ખ્યાલ ન આવ્યો. જ્યારે અમે નારાયણ આશ્રમથી પાછા ફર્યાં ત્યારે અમારા મનમાં પ્રત્યક્ષ જોયેલા તે આશ્રમની જે ઊંડી છાપ પડી હતી તેને કારણે તે જગ્યાએથી તેને બરાબર ઓળખી શકયા. પરિચિત બનેલા સ્થળને ઓળખી કાઢતાં કેટલીક વાર? કારણ કે પહેલાં જે આશ્રમ અમારે મન અપરિચિત હતો તે ત્યાં રહ્યા પછી જીવન સાથે એવો તો વણાઈ ગયો કે હજુ પણ તેનું સ્મરણ થતાં નજર સમક્ષ તે પ્રત્યક્ષ થાય છે.

આ દસ માઈલની નારાયણ આશ્રમ સુધીની મજલમાં લગભગ પાંચથી છ માઈલ જરા કપરી ચઢાઈ છે. શરૂઆતમાં લગભગ ત્રણ માઈલનો પહાડ ચઢવો પડે છે. અમારી પાસે ત્રણચાર દંડી હતી, તેથી અમે વારાફરતી તે બદલ્યા કરતા હતા. ઉત્સાહમાં અને આ પહાડોનાં અદ્ભુત સૌન્દર્યલીલાના પ્રતાપને કારણે જરા પણ થાક લાગતો જ નહોતો, શ્રી વિમલાબેનની તબિયત નાદુરસ્ત હોવા છતાં લગભગ મોટા ભાગનો પહાડ પગપાળા જ ચઢી ગયા. નારાયણ આશ્રમ પહોંચતાં પહેલાં, રસ્તામાં બે ગામ આવે છે ત્યાં થોડીઘણી વસતિ છે. બાકી આમ તો રસ્તામાં કોઈક કોઈક મિલીટરીના માણસો મળી જાય તેટલું જ, તે સિવાય રસ્તામાં ખાસ કોઈ માણસ જોવા મળે નહિ. ત્યાંનાં સ્થાનિક માણસોની બકરાંઘેટાં સાથે અવરજવર ખરી. આ પહાડ ચઢતા સૌ પહેલાં ગામ પાગુ આવે

છે. અહીં પ્રાથમિકશાળા ચાલે છે. અને આજુબાજુથી નાનાં ના
બાળકો ભણવા આવે છે. ઘણાં યાત્રાળુઓ જો એક સાથે દસ માઈ
ની મુસાફરી ન કરવાની હોય તો અહીં પાંગુમાં વિશ્રામ ક
બીજે દિવસે અડધું અંતર લગભગ બાકી રહે છે તે કાપી નાં
છે. તવાગઢથી આ આશ્રમ સુધીનો જે રસ્તો છે તે તો પગે ચાલી
જવા માટે કોતરી નાંખવામાં આવેલો છે. વળી આગળ જતાં
રસ્તાને ફક્ત પગપાળા જવા પુરતો છેક કૈલાસ જવાના મા
સાથે જોડી દીધો છે. આ વસતિનાં કૈલાસનાં ભક્તોએ આ
રસ્તાઓ માટે દાન પણ આપેલું છે. આ જ પહાડ પર જ
માટે એક ટૂંકો રસ્તો છે જે ત્યાંનાં લોકો જ ચઢી શકે. તે રસ્તે
એટલો બધો સાંકડો નાની પગદંડી જેવો છે કે આપણા મા
તો તે રસ્તે જવાની કલ્પના કરવી પણ શકય નથી. એક બા
આવા સીધાં ચઢાણો, તેનાં પર સમતોલપણું રાખી ચઢવાનું, પર
૧૦ માઈલનો રસ્તો ફક્ત ત્રણ કલાકમાં ચઢી જવાય.

આ પાંગુ ગામ પછી નારાયણ આશ્રમથી બે માઈ
પહેલા સોસા ગામ આવે છે, જયાં વસતી થોડી વધુ છે. લો
સુઘડ દેખાય છે. તેઓનાં જીવન પર નારાયણસ્વામીનો પ્રભ
સારા પ્રમાણમાં દેખાઈ આવે છે. ત્યાં એક નાની હોસ્પિટલ પ
આવેલી છે. ત્યાં રહેતા કાકુભાઈ નારાયણસ્વામીનાં પરમ ભક
છે. હાલ ગુજરી ગયા છે. આ સોસા પછીનો રસ્તો ઘણો સીં
અને સરળ છે. પાંગુ અને સોસા પછીનો રસ્તો જેટલો આક
અને ચઢાણવાળો છે તેનાં પ્રમાણમાં આ અત્યંત સરળ ક
શકાય. વાંકાચૂકા ચઢાણને કારણે દૂરથી આશ્રમ દેખાય, વળી પાં
અદ્રશ્ય થાય. કોઈ વાર તો લાગે કે જાણે આશ્રમ આવી ગયે

પણ વળાંક લીધા પછી પાછો દૂર થઈ જાય. આમ આ પહાડનાં ૧૦ માઈલનાં ચઢાણને અમે છ થી સાત કલાકે ચઢી રહ્યા અને આશ્રમમાં પહોંચ્યા.

આવા પહાડમાં લાખો રૂપિયા ખર્ચીને ખૂબ દષ્ટિપૂર્વક આ આશ્રમનાં મકાનોની રચના કરવામાં આવી છે. તે દિવસોમાં માલ સામાનની આજના જેવી સુવિધા ન હતી. ૧૨૦ માઈલ દૂર આલ્મોરાથી માણસની પીઠ પર કે નેપાળના પ્રદેશમાંથી દરેક વસ્તુ – સીમેન્ટ, લાદી, લાકડા વિગેરે મંગાવવા પડતા, જેને આવતા લાંબો સમય લાગતો. કેટલી શ્રદ્ધા, ધીરજ, ખંત અને સાહસથી આ કામ કરવામાં આવ્યું હશે તેની કલ્પના જ કરવી રહી.

આજે પણ ત્યાં જૂની પુરાણી કુટિર ઉપરાંત રહેવા માટે બધા મળીને વીસ જેટલા ઓરડા છે. માળવાળું મકાન, મંદિરની રચનામાં ટિબેટી સ્થાપત્યનું અનુકરણ, પુસ્તકાલય, રસોઈઘર, કોઠાર, નહાવાની ઓરડીઓ, સેપ્ટીક ટેંકનાં જાજરૂ અને ૨૪ કલાક પાણીની સગવડ, ફરવા બેસવા માટે મોટા મોટા કમ્પાઉન્ડ, બગીચો, એકાંત ગાળવા માટે નારાયણની કુટિર–આ અદ્ભુત રચના અને સગવડ આવા પહાડ પર હોય તે માનવામાં ન આવે, થોડા દિવસ તો સ્વપ્ન જેવું જ લાગે.

આવી સગવડવાળું રહેઠાણ અને જાણે કે હાથ લંબાવીને સ્પર્શી શકીએ તેટલાં નજીક હિમશિખરો, વાદળા અને સારી ઠંડી–જાણે કોઈ કથાના દેવોનાં નિવાસના વર્ણનનો પ્રત્યક્ષ અનુભવ કરતા હોઈએ તેવું લાગે.

આશ્રમ એટલે જાણે સાધુબાવા લોકો રહે, ત્યાં ખાવા–પીવાની, રહેવાની ખાસ સુવિધા ન હોય તેવું આપણે માનીએ.

૨

પરંતુ આ આશ્રમમાં તો ચોખ્ખું દૂધ, ઘી, વટાણા, બટાટા, ભાજી, વિગેરે તો આશ્રમના પોતાનાં જ ખેતરનાં હતાં. અને ચોખા આ પ્રદેશનાં સારા હોય છે. ઉપરાંત બીજા શાક, દાળો, ઘઉં વિગેરે અન્ય તમામ ચીજ નીચે ધારચૂલાથી મંગાવી શકાતી. એટલે રસોઈમાં સાદાઈ સાત્વિકતાઅને વિવિધતા બંનેનો મેળ રહેતો.

સામાન્ય રીતે અમારી મિત્રમંડળીના સૌ લગભગ સરખી વિચારસરણીવાળા એટલે કંઈક આધ્યાત્મિકતા-તરફી વલણના હતાં. તેથી સૌનાં મનમાં એક સંકલ્પ હતો કે શ્રી વિમળાબેનની નિશ્રામાં જીવન તરફની અંતર્મુખ થવાની દૃષ્ટિને કેળવવામાં આ દિવસોનો બને તેટલો ઉપયોગ કરવો. આવા અમારા સંકલ્પને શ્રી વિમળાબેનનું પણ પૂર્ણ અનુમોદન હતું. તેથી અમે કોઈ આશ્રમના નિયમિત જીવનની દિનચર્યા હોય તેવી રીતે અમારા કાર્યક્રમ બીજા દિવસથી ગોઠવી દીધો. અમારામાંના સૌને આમેય સવારે વહેલા ઊઠી કંઈક સાત્વિક ક્રિયા એટલે મનન-અધ્યયનની ટેવ હતી તેમાં અહીં શ્રી વિમળાબેનનું માર્ગદર્શન વધુ ઉપયોગી નીવડયું.

આ પ્રદેશમાં પાંચ વાગતા તો સૂર્યદેવનું આગમન થાય છે એટલે પથારીમાં સૂતાં સૂતાં સૂર્યકિરણોથી શોભતા એવાં હિમ-શિખરોનાં અમે દર્શન કરતાં અને ખૂબ પ્રસન્નતા સાથે પાચ વાગે ઊઠી જતાં. પ્રાતઃક્રિયા પતાવી સૌ સૌની આદત મુજબ એક કલાક આસન, પ્રાણાયામ, ધ્યાન કે અધ્યયન કરતાં, ત્યારબાદ નક્કી કરેલા સમય મુજબ ૬-૪૫ થી ૭-૩૦ સુધી ચાપાણી અને નાસ્તા સાથે કેટલીક હળવી વાતો કરતાં. ૭-૩૦થી ૮-૩૦ ફરવું, બેડ-મીન્ટન રમવું કે અન્ય કામો પતાવવાં ત્યારબાદ સ્નાનવિધિ વગેરે કરી ૯-૦૦થી ૧૧-૩૦ અધ્યયન કરતાં. બહેનશ્રી જ્ઞાનેશ્વર મહારાજના

મૃતાનુભવ ગ્રંથનું વાંચન કરતા અને સમજાવતા આ ઉપરાંત અદ્ રાગચંદ્ર કે શ્રી રજનીશજીનાં પુસ્તકોનું અધ્યયન કરતા. ૧-૩૦થી ૧૨—૦૦ બહેનો જરૂર હોય તો રસોઈમાં મદદ કરતી અને ૨-૦૦થી ૨-૩૦ જમવું, આરામ, ટપાલ વિગેરે પતાવી ૨-૩૦થી ૪—૦૦ વામીવિવેકાનંદનું રાજયોગ પુસ્તક વાંચતાં. પછી ચાપાણી પીને આજુબાજુના વિસ્તારમાં ફરતા. દૂર દૂર નાની નાની ટેકરીઓ પરના સ્થળો, ગુફાઓ કે શ્રી નારાયણ જ્યાં જ્યાં જતા તે તે સ્થળો જોવા જતાં. છ સાત વાગે પાછા ફરી રસોઈઘરમાં મદદ કરી થી પરવારી રેડિયો સમાચાર સાંભળતાં. ત્યાર બાદ કોઈ વાર યાંના મંદિરમાં કીર્તન થતું તેમાં ભાગ લેતા. નવ વાગે દરેકની રુચિ પ્રમાણે સૌ હળવા વાતો કરી દશ વાગે સુઇ જતાં.

આ આશ્રમમાં આજુબાજુથી ભક્તો મંદિરમાં દર્શનાર્થે આવતાં તેમની સાથે પણ પરિચય થતાં. આ વિસ્તારનાં લશ્કરી સૈનિકો પણ આ મંદિરમાં દર્શનાર્થે આવતા, રોકાતા, રસોડે, જમતા અને ચાલી જતાં.

સરહદનાં રક્ષણને કારણે અહીંની વધેલી સગવડ મુજબ ટપાલ પાંચ છ દિવસે મળી જતી. ઉપરાંત ત્રણ માઈલ દૂર ફોન કરવાની સગવડ હતી. બાકીતો દુનિયાના વ્યવહાર અને ધમાલથી તદ્દન નિરવ શાંત વાતાવરણ હતું.

આ આશ્રમ કૈલાસ જવાનાં માર્ગમાં આવતો હોવાથી યાત્રાળુઓની સગવડ માટે ખૂબ અનુકૂળ છે. હાલ કૈલાસ યાત્રા માટે પ્રતિબંધ છે. કારણે કે તે પ્રદેશ ચીનના તાબામાં છે. કૈલાસ અહીંથી ૧૨૦ માઈલ છે અને ૪૦ માઈલ પગરસ્તે ચીનની હદ શરૂ થાય છે. એક રીતે સરહદ પર ભારતની સંસ્કૃતિનું આવું સ્થળ ખૂબ સૂચક ગણી શકાય. આ મકાનો પહાડી પ્રદેશ અને

ઠંડીનો ખ્યાલ રાખીને બાંધેલાં છે. મુખ્યત્વે લાકડાનું કામ અને ઠંડીમાં તાપવા માટે ભઠ્ઠીઓની સગવડ પણ છે. ત્યાં વીજળીનાં દીવા નથી, તેથી રાત પડયે અંધારાની શાંતિથી ટેવા પડે છે.

આશ્રમમાં ત્યાંના કામ કરનારા મળીને ૧૦–૧૫ માણ રહે છે. એટલે આખો દિવસ વસ્તી જેવું તો લાગતું. રોજ એ યાત્રાળુઓ પણ આવતા જતા હોય છે.

આ આશ્રમની સાથે ખેતીને યોગ્ય જમીન પણ છે, જે આ બધાં ખેતરોમાં જવું એટલે પાલીતાણા જેટલી જાત્રા જાય. ગૌશાળા અને ખેતરો થોડાં દૂર છે. ત્યાં ઘઉં થાય છે. ઉપરાંત સફરજનનાં હજારો ઝાડ વાવેલાં છે, જેની આવક સારી છે, આ ઉપરાંત અહિં મધમાખીનો ઉછેર પણ કરવ આવે છે, ત્યાંની વનસ્પતિમાંથી દંતમંજન બનાવવામાં આવે આમ ત્યાં વસતા દરેક માણસો સોંપેલા કામમાં રોકાયેલા હે છે.

આ સૌના પ્રાણ તો નરસિંહ સ્વામી છે. આ આશ્રમ તેમ દેખભાળ નીચે છે. એક જ વ્યક્તિ આ વ્યવસ્થા સંભાળે છે. દ વ્યક્તિને કંઈ પણ પૂછવાનું હોય, કામ હોય, ફેરફાર કરવા હોય તો દરેકમાં નરસિંહ સ્વામી, જેમને સૌ સ્વામીજી કહેત

સ્વામીજી ખૂબ નાની ઉંમરમા નારાયણનાં સંપર્કમાં આવે અને ઘરબાર છોડી નીકળેલા. આ વિગત નારાયણની જેમજ રહસ્ મય છે. સ્વામીજીને ખેતી, બગીચો, ફળઉછેર વિગેરે પ્રાણસ છે. તેમનો સારોય સમય આ જીવંત સૃષ્ટિ સાથે જ પસાર થા છે. શાસ્ત્રોનો અભ્યાસ પણ ખરો. કર્મનિષ્ઠ પણ એવા જ.

ત્યાંના લોકો કહેતા કે સ્વામીજી આવ્યા ત્યારે અહીં એક પણ ઝાડ નહોતું. હજારો ઝાડ સ્વામીજીના હાથે જ ઉછેરેલાં છે. હજુ પણ પરદેશથી છોડ મંગાવવા, નવા નવા પ્રયોગો કરવા, એમાં પોતે ખૂબ જ તલ્લીન છે.

આ પ્રદેશમાં ત્રણ જાતની પ્રજા જોવા મળે છે. ટીબેટી ચહેરા વધુ જોવા મળે, મંગોલિયન અને ભારતીય ચહેરાનાં પણ દર્શન થાય આમ ત્રિવિધ પ્રજાનું અહીં મિશ્રણ છે.

આઝાદી પછી વિકાસ યોજનાના આધારે અને સંરક્ષણનાં કારણે આ પ્રદેશમાં પણ સહકારી સોસાયટીઓ, ટપાલની સગવડ, અનાજ પાણીની સગવડ, કેળવણી, સ્ત્રીશિક્ષણ વગેરે વિકસ્યાં છે. શાળામાં સ્ત્રીશિક્ષિકાઓ પણ છે.

પ્રજા દેખાવે ગોરી, સશકત અને સુંદર છે. નેપાળ સાથે વ્યાપારી સંબંધો ઓરવાયા પછી આ બાજુનાં પ્રદેશના વેપારમાં ઓટ આવી છે. એટલે વધુ માણસો લડાઈમાં જોડાઈ જાય છે. લગભગ દરેક ઘેરથી કોઈને કોઈ મરદ મિલીટરીમાં જોડાયેલો જ હોય છે.

ભારતના કોમવાદનાં ને સાંપ્રદાયિકતાનાં ચિહ્નો અહીં પણ જોવા મળે છે. રસોડાં દરેકનાં જુદા, સાથે કામ કરતાં એક જ કોમનાં માણસો એક જ રસોડે ન જમે. કોઇ નિયમને આધીન કોઈવાર પુરુષ પોતાની સ્ત્રીનાં હાથની રસોઈ પણ ન જમે. આવા આવા સામાજિક બંધનો, બાળલગ્નો વિગેરે આ પ્રદેશમાં ઠીક ઠીક પ્રમાણમાં જોવા જાણવા મળે છે.

આપણા પ્રદેશનાં ગામડાંઓની જેમ જ અહીં પણ ગામનો તલાટી કે સોસાયટીનો પ્રમુખ કોઈ કામમાં નાનમ ન માને. તલાટી ગામનું કામ કરવા જાય તો વજન ઊંચકીને મજૂરીનું કામ સાથે

સાથે કરતો આવે. તેમાં કંઈ અજુગતું ન લાગે. હજી
પ્રજામાં શ્રમને ગૌરવભર્યું અગર સ્વાભાવિક સ્થાન છે, જો
મોટાભાગની પ્રજા ગરીબ છે અને મોંઘવારીનાં ઓળા અહીં પ
પથરાયેલા હોય તે તો સમજી શકાય તેવી વાત છે, અને ખા
ઉદ્યોગો નહીં એટલે આ પ્રજામાં ગરીબાઈ વધુ છે.

આ પ્રદેશમાં આ દિવસોમાં લગભગ સાંજે કે રાતે વરસ
પડતો, કરા પણ પડતા અને ઠંડીનું પ્રમાણ વધી જતું ત્ય
તાપ માટે સગડીની જરૂર પડતી.

અમારો કાર્યક્રમ પૂરા એક માસનો હતો, પરંતુ મારે અ
દક્ષાને અંગત કારણોસર તા. ૨૦-૫-૬૭ ના રોજ નીકળ
પડયું અને શ્રી વિમળાબહેન તથા અન્ય સાથીઓ ત્યાં
૧૦-૬-૬૭ સુધી રહ્યા.

આમ સ્થૂલ રીતે અમે નારાયણ આશ્રમની તપોભૂમિને છો
પરંતુ માનસિક રીતે હજી તેનાં સંસ્મરણો ભૂલી શકાતા નથ

આવા પ્રવાસ કે યાત્રા અંગે દરેક વ્યક્તિની દૃષ્ટિ પ્રમા
સૃષ્ટિ હોય તે તદ્દન સ્વાભાવિક છે અને હેતુ પણ જુદા જુ
હોય એ સંભવિત છે, પરંતુ અમારો મેળો લગભગ સરખ
વિચારસરણીથી ભેગો થયો હતો. તેમાં વિમળાબેનનાં સાન્નિધ્યમ
આ દિવસોમાં જે કાંઈ પ્રાપ્ત કર્યું તેને આલેખવું એ મા
શકિતની બહારનો વિષય છે. કારણ કે તેમને નિકટથી જાણ
સમજવાનો આ પ્રથમ પ્રસંગ હતો. અત્યાર સુધી જે કંઈ વાચ્યુ
વિચાર્યું હતું તેમાં નવું દર્શન પ્રાપ્ત થતું. કોઈ છૂપા દ્વા
ઉઘડતા હતા. તેનું સ્પષ્ટ ચિત્ર આલેખવું મારી શક્તિ બહાર છ
આમ હોવાથી મેં તો અમારી આ યાત્રાની આછી રૂપરેખા ર
કરવાનો પ્રયત્ન કર્યો છે અને એટલાથી માત્ર મેં સંતો
માન્યો છે.

# (૨) ડેલહાઉસી

શ્રી વિમલાબહેન સાથે માઉન્ટ આબુમાં પરિચય થયા પછી અમે નારાયણઆશ્રમ તેમની સાથે ગયા હતા તેનું વર્ણન જોયું. તેમની સાથે ત્યાં નિકટતા સધાઈ એટલું જ નહિ પણ તેમના આધ્યાત્મિક જીવનનો સ્વલ્પ સ્પર્શ થયો, તે પછી તો તેમની નિકટ રહેવું તે એક અવસર બની ગયો. અને એક યાત્રા પૂરી થાય કે વિચાર આવે કે આવતે વર્ષે બહેનશ્રી સાથે કાર્યક્રમ ગોઠવાય તો સારું અને અમારી આ ભાવના પૂર્ણ થતી ચાલી.

બીજે વર્ષે બહેનશ્રી પરદેશ હોવાથી અમે ખાસ કંઈ પ્રવાસે નીકળ્યા નહિ. પરંતુ ૧૯૬૯માં અમે બહેનશ્રીની સાથે ડેલહાઉસી ગયા. આ સ્થળ હિમશિખરોનું અને હિમાચલ પ્રદેશનું પ્રવેશદ્વાર કહી શકાય. સ્થળ ખૂબ શાંત અને રમણીય છે. સામાન્ય રીતે સુપરિચિત છે.

આજે માનવ સમાજ માટે પ્રવાસ એ કોઈ નવીન વસ્તુ નથી રહી. સમયે સમયે તેના પરિબળોમાં પરિવર્તન થયા કરે છે. કોઈ કાળે માનવી કેવળ જીવનનિર્વાહ માટે સાહસભર્યા પ્રવાસો ખેડતો. આજે જીવનના જે વિવિધપાસા અને મુલ્યાંકનો છે તે, તે સમયે માનવને સમજાયા હશે કે કેમ? કુદરતી જીવન જીવતો તે સમયનો માનવી કુદરત સાથે ભળીને રહેતો.

માનવ સંસ્કૃતિના વિકાસ સાથે માનવ મનનો વિકાસ થતો ચાલ્યો. અથવા અરસ પરસ વિકાસ સધાયો. એવા વિકાસ કાળે મનુષ્ય જેમ જેમ મન શુ? ચિત્ત શુ? ચેતના શું? વિગેરેના ચિંતનમાં

પડયો; તેમ તેમ જીવન તરફની દષ્ટિ પણ બદલાતી ગઈ. એવે સમયે માનવીને લાગ્યું હશે કે પ્રવાસ એ ફક્ત જીવનનિર્વાહ માટે જ શા માટે? કુદરતે સર્જેલા સૌંદર્યના સાન્નિધ્યમાં રહી જીવનની ઉચ્ચ સાધના માટે માનવી પ્રવાસ ખેડતો થયો. અને જંગલમાં, પહાડોમાં, નદીકિનારે નિર્ભયતાથી પરમાત્મા સાથે એકત્વ સાધવાનું તેણે સાહસ કર્યું પછી તો એ પરંપરાગત કંઇક યોગીઓએ ભારતમાં ગુપ્ત સ્થળોએ વર્ષો સુધી સાધના કરી, એટલુ જ નહિ, આજે પણ હિમાલયના પહાડોમાં અનેક યોગીઓ સાધના કરી રહ્યા છે. એ યોગીઓ ગુફામાં બેસીને ભલે સાધના કરે, પણ તેમની પવિત્રતા પહાડ ભેદીને વિશ્વમાં પ્રસરે છે. અને તેમની પવિત્રતા એટલી વ્યાપક બને છે કે એવા સ્થળે સાધના કરવાની પ્રેરણા અન્ય સાધકોને મળી રહે છે.

સામાન્ય સાધકો કે જેમની જીવનશક્તિ સંસારી જીવનમાં ક્ષીણ થતી રહી છે, તેઓ કેવળ એકાંત જંગલોમાં સાધના કરવાની નિર્ભયતા હવે કયાંથી પ્રાપ્ત કરે? તેમને માટે આવા સુરક્ષિત, એકાંત, શાંત અને રમણીય સ્થળ હોય અને સત્સંગની તક મળે તો જીવનની ઘણી ગૂંચો ઉકેલી શકાય. અમારી મિત્રમંડળીમાં સૌના મનમાં પ્રબળ જિજ્ઞાસા હતી કે ચિત્તશુદ્ધ થાય, મન શાંત થાય, પવિત્ર એવી ચેતનાનો સ્પર્શ થાય. આ જિજ્ઞાસાને સંતોષવા શ્રી વિમળાબહેનનું સાન્નિધ્ય એક ચિરસ્મણીય સુયોગ બની ગયો.

અમારી મિત્રમંડળી લગભગ સરખા વિચારની જ હતી. તેથી બીજા દિવસથી અમે અમારા ધ્યેયને આકાર આપવા એક નિયમિત કાર્યક્રમ ઘડી કાઢયો. અમારી મિત્રમંડળી બે કોટેજમાં વહેંચાયેલી હતી. એકનું નામ અમે "વિમલભવન" અને બીજાનું નામ "કલ્યાણભવન" રાખ્યું હતું. અમારા આ કોટેજમાંથી ધવલ

ગિરીના ઉત્તુંગ શિખરોના દર્શન થતાં. પઠાણકોટથી પચાસ જ માઈલ દૂર પણ ૬૫૦૦ ફીટની ઊંચાઇએ આવેલું ડેલહાઉસી રળિયામણું અને શાંત સ્થળ છે. નાનું હીલસ્ટેશન છે. હોટલો તથા કોઠીઓની સગવડ સારી છે, નાનું બજાર છે. બસની સુવિધા હરવાં ફરવાનાં સ્થળ ખૂબ જ રળિયામણાં છે. સામાન્ય રીતે બહુ મોંઘુ પણ નથી. અનાજ, શાકભાજી, ઋતુનાં ફળ પણ સારાં મળી રહે છે. અમારા રોકાણ દરમ્યાન અમને કશી જ અગવડ પડી ન હતી.

કોઈવાર જયારે બીન ઋતુની વર્ષા થાય ત્યારે ઠંડી વધી જાય, કરા પડે, પવનનું તાંડવ નૃત્ય પણ થાય. આવી ઋતુમાં સારા એવા ગરમ કપડાં અને ગરમી માટે સગડીની જરૂર પડે. પરંતુ મે માસ અને અડધો જુન માસ, લગભગ ગુજરાતના ડીસેમ્બર જેવું ખુબ જ ખુશનુમા વાતાવરણ હોય છે.

ગામમાં જેટલા ગામવાસીઓ છે તેટલા કે તેનાથી વધુ પ્રમાણમાં નિર્વાસિત તિબેટીયન લામા સાધુઓ છે જુના સમયના મંદિરો છે. શાળાઓ છે. સરકારી કચેરીઓ છે દરેક હીલસ્ટેશનની જેમ મજુરો કે અન્ય દુકાનદારો વિગેરે ભલા અને પરગજુ હોય છે.

અમારી મિત્રમંડળી બરાબર ગોઠવાઈ અને પછી તો અમરા અધ્યયનમાં ગામમાંથી પણ કોઈ રૂચિવાળા મિત્રો ભળ્યા. આમ અધ્યયન ખંડ સ્હેજે ૨૦/૨૫ માણસોથી ભરાઈ જતો.

પરોઢીયે ૪–૪૫ લગભગ સૂર્યદેવનું આગમન થાય તેને વધાવી અમે સૌ જાગૃત થઇએ. સામે ચાંદી જેવાં ધવલશિખરોનાં દર્શન કરી પ્રસન્નતા મેળવીએ. પછી અમારી દિનચર્યા શરૂ થાય. ૫–૩૦ વાગે અગર અનુકુળ હોય તે રીતે અધ્યયન કક્ષામાં સૌ ગોઠવાઈ જતાં. એક કલાક આસનસ્થ થઈ ધ્યાનમાં બેસતા. ત્યારબાદ

બહેનશ્રી અડધો કલાક ધ્યાન વિષે પ્રવચન કરતાં. તેનો સંક્ષિપ્ત સાર આગળ આપ્યો છે. ત્યારબાદ દિનચર્યા પતાવી ૯–૩૦ થી ૧૧ કૃષ્ણપ્રેમ ગ્રંથનું અધ્યયન ચાલતું. ભોજન, આરામ વિગેરે પતાવી ૩–૩૦ થી ૫ જ્ઞાનેશ્વરીનો છઠ્ઠો અધ્યાય બહેનશ્રી વાંચી સંભળાવતા. પછી ફરવા જતાં. પાછા આવી ભોજન, સંધ્યાનો કાર્યક્રમ પતાવી, બહેનશ્રી પાસે ૮–૩૦ થી ૯–૩૦ ભજન, શ્રીમદ્-રામચંદ્રના પત્રોનું અધ્યયન કે સામાન્ય ચર્ચા કરતા.

આમ અમારી સમગ્ર દિનચર્યા બહેનશ્રીના સાન્નિધ્યના પરિઘ પર ચાલતી. અધ્યયન માટે સ્વતંત્ર અધ્યયન, અને ચર્ચા વિચા-રણાનો પૂરો અવકાશ રહેતો. ડેલહાઉસીમાં અમે એ માસ ખૂબજ પ્રસન્નતાપૂર્વક, શાંતભાવે અને સ્વસ્થતાથી ગાળ્યા. સૌને ઇષ્ટ ભાતું મળી રહેતું.

આ દિવસો દરમ્યાન અવકાશે કે અમે ડેલહાઉસીના વિવિધ સ્થળોએ પરિભ્રમણ કરતાં. અમારા મુકામથી નજીકમાં જ સુભાષ ચોક આવે, વળી ત્યાંથી એક ચક્કર મારીએ એટલે ગાંધીચોક આવે. આ બંને સ્થળો નાના બજારનાં રૂપમાં છે. ત્યાંથી ઠંડી સડકે અને ગરમ સડકે ભ્રમણ કરતાં, વળી કોઈવાર સતધારા કે પંચપુલ પણ જતાં. સતધારા એટલે પહાડના ઝરણામાંથી સાત નળમાં સતત પાણી વહે છે. અને પંચપુલ એટલે પર્યટનના સ્થળ જેવું છે. ત્યાં અજીતસિંહની (ભગતસિંહના કાકા) સમાધિ છે, પહાડનાં ઝરણાં સાતતાળી રમતાં રમતાં અહીં ભેગાં થઈને વહે છે. આ બંને સ્થળોનો રસ્તો થોડો કાચો છે, પણ બહુ ચઢાણ-વાળો નથી.

કોઈવાર બાકરોટાહીલ જતાં, ખાસ્સું મઝાનું ૩ માઈલનું ચક્કર છે, અને સાથે સાથે થોડું ચઢાણ પણ ખરું. આ બધાં જ

સ્થળોની મુલાકાત લેતાં રસ્તામાં નાની મોટી અનેક કેડીઓ આવ્યા જ કરતી.

જમ'ધરી ઘાટને રસ્તે ચમ્બા સ્ટેટની કોઠી છે. અમે બે ત્રણ વખત ત્યાં જવા નીકળ્યા પણ વરસાદ, કરા અને તોફાનને લીધે એ અમારો સંકલ્પ અધુરો જ રહ્યો. આ રસ્તો ખુબ જ નિરવ અને આલ્હાદ આપે તેવો છે. આ રસ્તેથી જ પગવાળા ૧૮ માઈલ પર ચમ્બા આવે છે. જે રસ્તો મોટર દ્વારા ૪૩ માઈલનો થાય છે.

એકવાર અમે મીલટરી વૉટરવર્કસ તથા મ્યુનીસીપલ મોટર વર્કસ જોવા નીકળ્યા. આ અંગેની સંમતિ અગાઉથી લેવી પડે છે. આ રસ્તો પણ કાચો છે. પરંતુ બહેનશ્રી, હિમાલયનો પ્રેમી જીવ, સીધેસીધું ચાલે તો હિમાલયની સાચી ચેતના કેમ અનુભવાય ? એટલે કદીક સાવ બકરાં ઘેટાંને જવાના રસ્તે અમે એકાદ બે નાની ટેકરીઓ ખૂંદી વળી માનવીય રસ્તાને શોધી કાઢતાં. કયાંક ઘેટાંની જેમ જ ચાલવું પડે, કયાંતો એકબીજાનો હાથ પકડી ચઢાવવા પડે. રોજના એકધારા ૮ થી ૯ માઈલના ભ્રમણ પછી કોઈવાર કુદરતનો ખોળો ખૂંદવાની આ રીતે મઝા આવતી. કોઈકવાર ખાણી પીણી પણ કોઈ રમણીય સ્થળે રાખતાં.

તા. ૨૨–૫-૬૯ સુધી કમોસમનો વરસાદ રહ્યો એટલે કાળાટોપ જે જીપમાં જવાનું વિચારેલું તે મુલતવી રહેતું. કયાંતો વરસાદ પડે, કયાં સડક બંધ થાય, છેવટે એક દિવસ એક ટ્રકમાં અમે સૌ ચઢી બેઠાં અને કાળાટોપ પહોંચ્યાં. ખુબ નિરવ જગ્યામાં આવેલા આ સ્થળના કુદરતી સૌંદર્યે અમને એટલાં મુગ્ધ બનાવી દીધાં કે ટ્રકને અમે રવાના કરી દીધી. અને નિરાંતે સાંજે પાંચવાગે પગપાળા ચાલવાની શરૂઆત કરી. ૧૧ માઇલની મંઝિલ કાપી ૯ વાગે ઘરે આવ્યા.

તા. ૧ થી ૧૦ જુન ૧૯૬૯ સુધી આજુબાજુના પ્રવાસનો અમારો કાર્યક્રમ હતો. તારીખ પહેલીએ અમે ચમ્બા જવા બસમાં ઉપડયા. ચમ્બા અસલનું સ્ટેટ હતું. આખોય ૪૩ માઈલનો રસ્તો સરસ છે. એક કાંઠે રાવી નદી તેના પુરા ઠાઠથી વહે છે, તો બીજી બાજુ એક સરખા પહાડોની હારમાળા. કદીક છેક નદીની નજીક આવી જઈએ તો કોઈવાર પહાડની ટોચે પહોંચી જઈએ.

ચમ્બા ખીણુમાં આવેલું સ્થળ છે. ચારેબાજુ ઉત્તુંગ શિખરોની હારમાળા છે, અને નદીને કાંઠે વસેલું છે. ૩૫૦૭ ફીટની ઊંચાઇએ છે. તેથી ઉનાળામાં સામાન્ય ગરમી રહે છે. વસ્તી પણ દસેક હજારની ખરી. જુના નવા મંદિરો, મ્યુઝીયમ, સમાજ કલ્યાણની સામાજીક સંસ્થાઓ વિ. જોયાં.

ચમ્બા જવાનું ખરુ પ્રયોજન તો મનમહેશ જવા માટેનું હતું. મનમહેશ ચમ્બાથી ૨૫ માઈલ દૂર ભરમોર થઇને જવાય છે. યાત્રાનું સ્થળ છે. શ્રાવણી પુનમે ત્યાં મેળો ભરાય છે. અને હજારો યાત્રીઓ આ સ્થળે આવે છે. ૧૪૮૦૦ ફીટની ઉંચાઇએ બરફની ગીરીકંદરા પર મનમહેશનાં દર્શન થાય છે. આ દિવસોમાં સરકારી ખાતા તરફથી ત્યાં વ્યવસ્થા કરવામાં આવે છે. પણ આ ઉનાળાના દિવસો દરમ્યાન ત્યાં જવાની શકયતા ઓછી હોય છે. છતાંય અમે વિચ્યું એટલુ મોતી એમ માની નીકળ્યા. ચમ્બા જઈને સમાચાર મળ્યા કે ભરમોર જવાના રસ્તા પર માટીનાં ધોવાણુ ને કારણે રસ્તો તુટી ગયો છે અને બરફ ઓગળવાથી રસ્તો સારો નથી. તેથી બે દિવસ ખજિયાર જવાનું નક્કી કર્યું, જે ચમ્બાથી ૧૨ માઈલ દૂર છે. બસની સગવડ સારી છે, જો કે તે સ્થળ ડેલ્હાઉસીથી ૮ માઇલ હતું, પણ ત્યાંથી

રસ્તો બંધ હતો. તેથી તે રસ્તા દ્વારા અમે જઈ શકયા ન હતા. તા. ૩ થી ૫ અમે ખજિયાર રહ્યા. આ સ્થળ ખુબ જ રળિયામણું અને કુદરતી સૌંદર્યથી ખુબ જ આચ્છાદિત થયેલું છે. રહેવાની સગવડ માટે ગેસ્ટ હાઉસ છે.

મનમાં મનમહેશ જવાની ઉત્કંઠાં હતી તેથી ચમ્બા પાછા આવ્યા, જો કે કોઈ કહેતું કે જવાય છે, કોઈ કહેતુ કે નહિ જવાય. આમેય તે સામાન્ય સહેલાણીઓ કંઈ આવા વિકટ માર્ગે જતા નથી. અમે તો નારાયણઆશ્રમ જઈ વિમલાબેન સાથે તાલીમ લીધેલી. તેથી અમારે તેમની આંગળીયે જવાનું એટલે સ્વતંત્ર સાહસની જરૂર ન હતી. છેવટે સૌએ નક્કી કર્યું કે જઈએ. મનમહેશ નાના કૈલાસને નામે ઓળખાય છે.

તા ૬ઠ્ઠી જુને અમે ભરમોર જવા નીકળ્યા. વરસાદ અને તોફાનને કારણે રસ્તાઓ પર કયાંક માટીનાં ધોવાણને કારણે પથ્થરો ગબડી પડયા હતા. કયાંક પુલ તુટી ગયો હતો. અમને એક જીપ મળી હતી, પણ મુસાફરો વધુ હોવાથી થોડાએ જીપમાં અને થોડાએ બસમાં જવાનું નક્કી કર્યું. કારણ કે બસ ખડામુખ કરીને એક સ્થળ છે ત્યાં સુધી જ જતી હતી, ત્યાંથી જીપ અમને લેવા પાછી આવવાની હતી. જીપના મુસાફરો સીધા પહોંચી ગયા, પણ બસમાં અમુક જગ્યાએ જઈ શકાય તેવું ન હોવાથી અમે સામે છેડે બીજી બસમાં બેસવા થોડુંક ચાલ્યા. વળી બસ પકડી. એ બસ થોડે પહોંચી ત્યાં રસ્તામાં મોટો પથ્થર તુટી પડેલો. બસને પસાર થવાની જગ્યા જ ન હતી કે તેને પાછી ફેરવવાની પણ જગ્યા ન હતી, બસને થોડે સુધી રીવર્સમાં લેવી પડી. મનમાં તો ફફડાટ થતો. છેવટે રસ્તામાં કામ કરતાં મજુરોએ પથ્થરને ગબડાવી દીધો અને અમે આગળ જઈ શકયા. આગળ તો આનાથી પણ વધુ કસોટી હતી.

જીપના પસાર થઈ થયા બાદ રસ્તાનું કામકાજ શરૂ થયેલું તેથી સુરંગો ફોડવાનું કામ ચાલતું હતું. એટલે પહાડનાં પહાડ તોડીને મોટી મોટી શિલાઓ રસ્તામાં ખડકેલી હતી. તેથી અમારે ત્રણ માઈલનો રસ્તો પગપાળા કાપવો પડયો જેની અમને કલ્પના ન હતી અને ત્યારબાદ અમને જે જીપ પાછી લેવા આવી હતી તેમાં જઇ શકયા. તે પછીનો રસ્તો પણ જીપને માટે હશે કે કેમ તે કહેવું મુશ્કેલ હતું. છતાં પણ સરકારી ખાતાની જીપો માલ સામાન લઈ જવા માટે જઈ શકે છે. રસ્તો જીપથી પાંચ છ ઇંચ જ વધુ મોટો હતો. જરાક ચૂકે કે સીધા રાવી નદીનાં ખોળામાં પડાય પણ ત્યાંના ડ્રાઈવરો ખુબ જ કુશળ હતા. જો કે જીવ મુઠીમાં રહે તેવો અનુભવ થતો. પરંતુ બહેનશ્રીની શ્રદ્ધા અને સાહસે બધું બરાબર પાર પડયું. ભરમોર એ નાનું ગામ છે. અસલ કોઈ બ્રહ્મપુરી કે એવું નામ હશે. સ્થાનિક પ્રજા તો ખડાસુખથી પોતાના સામાનને પીઠ પર લાદી ૧૨ માઈલનો ચઢાવ ચઢીને આવે છે, બીજી કોઈ સગવડ જ નથી. અમે પણ તેવી તૈયારી સાથે જ નીકળ્યા હતા. પણ જીપ જઈ શકી તેથી એટલી રાહત અનુભવી.

ચમ્બાથી ભરમોર સુધીના માર્ગમાં નારાયણઆશ્રમની યાદ સતાવી રહી તદ્દન સરખામણી થઈ શકે તેવો માર્ગ. એક બાજુ નદીનો પ્રવાહ જયારે બીજી બાજુ પહાડોની હારમાળા. ત્યાં પગ-પાળા દસ માઈલ ગયા હતા. અહીં જીપની સગવડ મળી. આખાય રસ્તે એક એક માઈલને અંતરે વહેતા ઝરણા જોયાં જ કરો. રાવી નદીના નખરા પણ કેવા, કયાંક પાણી વરસાદને કારણે માટી જેવા રંગનુ, તો વળી કયાંક નીતર્યાં કાચ જેવું. કયાંક કાળું, કયાંક નીલું અને ભરમોર પહોંચતા પહોંચતા તો ચોક સા સફેદ દૂધ જેવું બની ગયું. હિમાલયની વનરાજીનું તો શું વર્ણન કરૂં ?

વિમળાબહેન બોલી ઉઠયા કે "સ્વીટ્ઝર્લેન્ડને પણ ભૂલાવી દે તેવું આ સૌંદર્ય છે. ત્યાં માનવ શક્તિએ સ્થળને વધુ વિકસાવ્યું છે, ત્યારે આ સ્થળ હજી કુદરતના ખોળે જ પડેલું છે.

ભરમોર ૮૦૦૦ માઈલની ઊંચાઈએ આવેલું છે. ત્રણેક હજારની વસ્તી છે. અન્ય હવાખાવાના સ્થળોની જેમ સ્થાનિક પ્રજા ગરીબીમાં જ રીબાય છે. આજુબાજુ ઘણા નાના નાના ગામો વસેલા છે. ખેતીનો વિકાસ થઈ રહ્યો છે. સરકારી વિકાસ યોજનાઓ પણ અમલમાં આવેલી છે.

ભરમોર રહેવાની સગવડ માટે અધિકારીઓનું ગેસ્ટ હાઉસ છે. પણ ઘણું દૂર અને ચઢાણ પણ હતું તેથી અમે તાત્કાલિક ગામના ખાદી ભંડારનું મકાન ખાલી હતું તેમાં ઉતારો લીધો. મકાન કાર્યાલયનું હતું. તેથી ઠીક હતું. પણ મોરી કે જાજરૂ ન મળે. ગામમાં દૂધની ઘણી ખેંચ. પાણીની વ્યવસ્થા માટે તો સામે ચોમાસામાં વહેતી સાબરમતી નદીના જેવું જબરું વહેણ, તે જ અમારુ સ્નાનાગાર, પાણી તો બરફ જેવું ઠંડુ, તેથી સ્નાન તો શું કરીએ? જઇ ને હાથ પગ ધોઈએ, કપડાં છબછબાવીએ તોય આંગળામાં લોહી જામી જાય એટલું ઠંડુ પાણી હોય. ગામમાંથી જ જે કંઈ અનાજ પાણી વિ. મળી રહેતાં, તેમાંથી એકાદ વસ્તુ કરીને જમી લેતાં.

મનમહેશ જવાની પૂર્વતૈયારી કરવા માંડી, પણ નિરાશા સાંપડી. ફક્ત બ્રહ્માની કરીને એક પહાડ છે. જેની ટોચે બરફ પથરાયેલો છે, તેથી જે જઈ શકયા તેમણે યાત્રા કરી સંતોષ માન્યો. અને મનમહેશને દૂરથી જ પ્રણામ કર્યાં.

તા. ૮ મીએ ત્યાંથી ચમ્બા પાછાં ફર્યાં. આત્મા અમર છે, તેનું રટણ કરેલું ગમે તેટલુ હોય પણ જયારે આવા પ્રવાસ કરીએ ત્યારે મારા જેવાની છાતી થોડી ફફડે. કોઈવાર વિમલાબહેન ભય

કે મુશ્કેલી માટે પૂછતાં તો અમે જવાબ આપતા કે અમારે તો એન્જિન જ પાવરફૂલ હોય, પછી ગાડીને ચાલવામાં જરાય રૂકાવટ નહિં આવે તમે ફિકર ના કરતાં. આમ જેને ખરી યાત્રા ગણી શકાય તેવી યાત્રા અમે પુરી કરી. પાછા ફરતાં તો બંને જીપ મળી ગઈ હતી. અને રસ્તાનું સમારકામ પણ પુરું થયેલું. તેથી એક જ તબકકે ચમ્બા સહી સલામત આવી પહોંચ્યા. એક વાત નક્કી કે જેમ બહેનના પ્રોત્સાહન વગર નારાયણ આશ્રમ જવું અમારે અકલ્પ્ય જ હતું, તેમ ભરમોર જવાનું પણ અકલ્પ્ય જ હતું. હજી આજની ઘડીએ પણ એ ચિતાર નજર સમક્ષ તરવેર છે ત્યારે તે સમયની અમારી નૈસર્ગિક જીવનચર્યા યાદ આવે છે.

## કેટલીક પ્રશ્નોતરી.

### આધ્યાત્મિકતાની રૂચિ કેમ વધે?

**ઉત્તર** મનુષ્ય જીવનમાં કયારેક તો આધ્યાત્મની જિજ્ઞાસા પ્રગટે છે. પરંતુ તે ક્ષણ એવી નાજુક હોય છે કે તેના તરફ સજાગ થવાને બદલે જિજ્ઞાસાને આમ તેમ સમજાવી મનુષ્ય શાંત કરી દે છે. પછી પોતે જાતે એક ખાઈમાં ડૂબકી મારે છે. જયાં દુઃખ, રાગ, દ્વેષ, ઈર્ષા વિગેરે તેને વિંટળાઈ વળે છે.

એકવાર જમતાં જમતાં તેમણે કહ્યું કે જેમ જમવાની થાળીમાં ભાતભાતની વાનગી પીરસવામાં આવે છે. તેમ માનવ જીવન રૂપી થાળીમાં પણ ભાત ભાતની વાનગી પીરસાય છે. ઉદાત્ત ગુણોની વાનગી પીરસાય છે ત્યારે મનુષ્યનું જીવન વિકસે છે. પણ જો રાગ, દ્વેષ જેવી વાનગી પીરસાય તો જીવન કલુષિત બને છે. જેવી રૂચિ તેવા પીરસનારા સોબતી મળી રહે છે.

એકવાર સાંજે ફરતાં ફરતાં તેમણે કહ્યું કે આ સૃષ્ટિ સૌંદર્ય સૂચવે છે કે આ બધી ઈશ્વરની–ચેતનની સત્તા છે. આ બધાનું વિસ્મરણ એ જ પાપ છે. વિશ્વની આ ચેતના અને મનુષ્યની

ચેતના વચ્ચે અહીં એક દિવાલ છે. માનવીનો આ અહંકાર તેને ઈશ્વર સાથે એકત્વ સાધવા નથી દેતો. એક અહંમની દિવાલના અંતરાયને કારણે ઈશ્વર હૃદયના દ્વાર આગળ આવીને ઉભો રહી જાય છે. પણ અંદર દાખલ થઈ શકતો નથી. અને મનુષ્યની ચેતના બહાર આવી ઈશ્વરમાં એકતા પામતી. નથી.

**વાસનાઓથી વિરક્ત કેમ થવાય ?**

**ઉત્તર :–** આખાય વિશ્વના ચેતનમાં કોઈ ફરક નથી. સંસારી વાસનાથી વિરકત થનાર વ્યક્તિ આ ચેતનાનો સ્પર્શ પામે છે. કેવળ વ્યવસાય અને સંસારીભાવમાં તે જીવે અને પરમાત્મા કરતાં આ બધી વસ્તુને વધુ મહત્વ આપે તો પરમાત્મા એ કોઇ વસ્તુ નથી કે સંગ્રહાલયમાં મૂકાય અને ઈચ્છો ત્યારે બહાર કઢાય. પરમાત્માને પામવા માટે સાહસ અને સાધન આવશ્યક છે. તેની શ્રદ્ધા બહારથી નથી આવતી. અંતરમાંથી તેનું ઝરણું વહે છે.

પહાડો તોડી જેમ ઝરણાઓ મોટા ધોધરૂપે વહે છે, તેમ જેને અંતર આનંદ પ્રાપ્ત થયો છે, તેનો આનંદ સતત વ્યક્ત થતો રહે છે. ધોધના વહેણના સમતુલન દ્વારા વીજળી ઉત્પન્ન થાય છે તેમ આ આનંદના સમતુલનથી આત્મદર્શન પ્રાપ્ત થાય છે. કંઈક સાધકો આનંદની મસ્તીમાં અટવાઇ જાય છે, અને સાધનાકાળમાં આધ્યાત્મિક માર્ગે જવાને બદલે રિદ્ધિ સિદ્ધિના ચમત્કારોમાં અટકી જાય છે. આ રિદ્ધિ સિદ્ધિ કે ચમત્કારો આધ્યાત્મ નથી.

**પ્રશ્ન : આજના યુગમાં તર્કવાદ વધ્યો છે તેવું નથી લાગતું ?**

**ઉત્તર :–**સાચી વાત છે, છતાં પણ જો તર્ક શુદ્ધ હોય તો તે બાધક નથી બનતો. મન અને બુદ્ધિ તર્કમાંથી બહાર આવે તો

સાધક રાગદ્વેષ રૂપી પ્રવાહને સ્થગિત કરી યથાર્થ બોધ પામી શકે. જળનો પ્રવાહ જેમ પથ્થરને ભેદીને જળસ્રોત કરે છે તેમ મન રાગદ્વેષના પહાડ ભેદીને વહેતું થશે ત્યારે ચેતનનો સ્પર્શ થશે.

દેહાધ્યાસ અને ઇન્દ્રિયના વિષયમાં રસ હોવાથી રાગદ્વેષ જતાં નથી. મનુષ્યમાં ભય અને આળસ જેવી પશુવૃત્તિહોય છે. હરણને પોતાના રક્ષણ માટે ઝડપી ચાલ મળી છે, તે ચારે બાજુ સતત ધ્યાન રાખે છે. તેને કંઇ જાગૃતિ ન કહી શકાય, તેમ મનુષ્ય મન અને બુદ્ધિ દ્વારા કેવળ તર્ક કર્યાં જ કરે તો તે જાગૃતિ નથી.

**પ્રશ્ન : અરવિંદ મહર્ષિના અતિમનસના સિદ્ધાંત વિષે આપનું શું માનવું છે ?**

**ઉત્તર :** આજે પણ અતિમનસની સાધના થઈ શકે છે, તે અતીન્દ્રિયથી આગળની અવસ્થાની અનુભૂતિ થઈ શકે. મન અને ઇંદ્રિયથી તે અનુભવાતું નથી. તેથી લોકોને એ સમજવું દુર્લભ થઈ પડ્યું છે. મન અને બુદ્ધિના વિષયોથી થોડા સમય માટે મુકત થવાય તો અતિમનસની ભૂમિકાનો સ્પર્શ જરૂર થઈ શકે. તેને માટે સમય, સાધના અને સાહસ જરૂરી છે. ઈશ્વર સાથે કોઇ જાતની સોદાબાજી ન ચાલે. ત્યાં તો સમર્પણ જ જોઇએ. અને બુદ્ધિના વિષયોથી મન મુકત થાય છે, ત્યારે ચિત્ત શુદ્ધ થાય છે, આવું શુદ્ધ ચિત્ત આત્માની અનુભૂતિ કરી શકે છે. આ અનુભૂતિ સત્યમય છે. મિશ્ર કે અશુદ્ધ ચિત્ત ઉર્ધ્વગમન કરી ન શકે. આજે મનુષ્યજીવન એક મધ્યબિંદુ પર આવીને ઉભું છે. કાર્યકારણ એકાકાર થતાં ઉર્ધ્વગમન થઈ શકે તે જ રીતે કાર્યકારણ ભાવે અધોગતિ પણ થઈ શકે.

આત્મસાક્ષાત્કાર:—એ કોઈ સરળ માર્ગ નથી. જેઓ તે માર્ગે ગયા છે તે સૌએ કાંટાળી કેડી કાપી છે. જયાં સુધી સંપૂર્ણ સમર્પણભાવ નથી આવતો ત્યાં સુધી એ માર્ગ મળતો નથી. સાધનામાં આંશિક સમર્પણ ન ચાલે. એક બાજુ પરમાત્મા અને બીજી બાજુ સંસાર, મમત્વ, મહત્વાકાંક્ષા, ઈત્યાદિ રાખો તો પરમાત્મા પ્રાપ્ત ન થાય. તમારા માર્ગમાં કંઇ જ મિશ્રણ ન હોય તો જ સાધના થઈ શકે. આત્માની વાતો કેવળ તમારા મનમાં જ પડી રહેશે તો સંત સમાગમ નિરર્થક જશે. તમારી હૃદયરૂપી બારી ખોલો પરમાત્મા દ્વાર આગળ ઉભો છે. તમારી ચેતના પ્રગટ થતાં તમે અને પરમાત્મા જુદા નથી.

પ્રશ્ન: કોઈવાર એવું તો થાય છે કે જાણે જયાં ઉભા છીએ ત્યાંથી કેમ કરીને ટોચે પહોંચી જઈએ?

ઉત્તર: માનવી ધરતી પર ઉભો છે. ત્યાંથી તે ટોચે પહોંચવા કદી વિચાર કરે છે. પણ ધરતી પરથી પગ ઉપાડવાનું સાહસ તેનામાં નથી. જો એકવાર સાહસ કરે તો ક્રમે ક્રમે બધાં પગથીયા ચડીને તે ટોચે પહોંચી શકે. પણ સીડીનાં પગથીયાં ચઢવા માટે ધરતી પરથી પગ ઉપાડતાં તે ભય સેવે છે કે ધરતી છૂટી જશે તો સંસાર છૂટી જશે તો હું શું કરીશ?

હીરો કોલસાની ખાણમાંથી નીકળે છે. કાચાહીરાને (પત્થરને) ખૂબ ખૂબ ઘસવાથી તે હીરો બને છે. મનુષ્યને મળેલા દેહને જો મનરૂપી સારણીથી ઘસવામાં આવે તો તેમાંથી હીરો—આત્મા—ચેતન જે કહો તે પ્રગટ થાય. બહારની કોઈ વસ્તુ ત્યાં પ્રગટ થવાની નથી. જે અંદર છે તેનું પરિમાર્જન થતાં તે પ્રગટ થાય છે.

**પ્રશ્ન: મૂર્તિપૂજા વિષે આપનું શું મંતવ્ય છે?**

**ઉત્તર:** એક દષ્ટિએ જોતાં તો બધા જ મૂર્તિપૂજા કરતા

હોય છે. શરીર અને મનને એક આકાર આપી આપણે પાંચે ઈન્દ્રિયોથી તેને વિષય પુરા પાડીએ છીએ. આ શરીર અને મનની પૂજા નથી? પરંપરાગત ચાલી આવતી મૂર્તિપૂજાને આપણે અંધ-શ્રદ્ધાથી જોઈએ છીએ. મોટા ભાગનો જનસમુદાય પરંપરાગત શ્રદ્ધાથી જ ટેવાયેલો છે. વૈજ્ઞાનિક ક્ષેત્રે પણ આવી પરંપરાગત શ્રદ્ધા નથી. દા. ત. એક દવાની શોધ થઈ. તે દવાનો પ્રયોગ થયો. દવા અમુક રોગ માટે નિદાનનું સાધન બની. પછી તેનો વર્ષો સુધી ઉપયોગ કરવામાં આવે છે. તે પરંપરાગત વસ્તુ કહેવાય કે ન કહેવાય? દરેકને દવાનો અનુભવ નથી. એકના પર પ્રયોગ થયો અને દવા સ્વીકાર્ય બનીને તે રીતે જ્યાં સુધી સાધક અવલંબનથી મુક્ત નથી થતો, ત્યાં સુધી પ્રતીક માટે તે શુદ્ધચિત્તે પૂજા કરે તો તેમાં કંઈ ખોટું નથી. પરંતુ એક બાજુ પોતાની મહાત્વાકાંક્ષાને બળ-વત્તર કરે, બીજી બાજુ પૂજાપાઠ કરે તેવી આંશિક પૂજા પરમાત્માને માન્ય નથી. સંપૂર્ણ સમર્પણ માટે જ મૂર્તિપૂજાને સ્થાન હોઈ શકે.

**પ્રશ્ન: ઉત્કંટ જિજ્ઞાસા હોવા છતાં પૂર્ણ સાધક દશામાં જવા માટે મન શા માટે આંધ છોડ કરે છે!**

**ઉત્તર:** મન પરાવલંબિત રહેવાથી આવું બને છે. સાધક જ્યારે ઉર્ધ્વીકરણ કરે છે ત્યારે ચેતન કે અર્ધચેતન મનમાં થોડી નબળાઈ હોય છે, તે વધુ વેગ કરી બહાર આવે છે. ઉર્ધ્વગમનને સમયે પણ આવી નબળાઈથી અખિલાઈ (સમગ્રતા) (ટોટેલીટી) પ્રાપ્ત નથી થતી તેવું પણ નથી. ખરેખર તો મનની નારાજી એ માટે છે કે તેને અસલામતીમાં જવાનુ પસંદ નથી. અહં ઘવાય છે. તેથી ભીતરનું કલેવર નાખુશી કે વિરોધ કરે છે. નબળાઈને કારણે વાસનાઓ પડકાર કરે છે. વાસનાઓ વિચારોના રૂપમાં ઉભી થાય

છે. આમ વિચાર અને વાસનાની સલામતી ખતરામાં આવતાં ઉર્ધ્વગમન સમયે તે વાસનાઓ મોરચો માંડે છે. બુદ્ધિ વકીલાત કરી વિચારને સંમતિ આપે છે. અને સાધક કોઈવાર નીચેની ભૂમિકામાં પછડાય છે.

**પ્રશ્ન: લાંબા સમયની તપશ્ચર્યાને અંતે વિશ્વામિત્રની પાસે મેનકા ઉપસ્થિત થઈ તેમ અમને પણ આવી મેનકા રૂપીવૃત્તિઓ સતાવે છે. તેવું જ ને ? (હાસ્ય)**

**ઉત્તર:** વાસના ઉપેક્ષિત રહેવાનું પસંદ નથી કરતી. થોડો સમય દબાય તો પણ ઘણા વેગથી બહાર આવે છે. વાસના સંતુષ્ટ થયા વગર જવાનું પસંદ નથી કરતી કારણ કે તે લાંબા સમયથી સંસ્કાર પામેલી છે. ખુબ જ ધીરજ અને જાગૃત મન દ્વારા જ વાસનાથી મુક્ત થઈ શકાય. અશુદ્ધ બુદ્ધિ જ વાસનાનું પોષણ કરે છે. આવી બુદ્ધિ ઉર્ધ્વગમનમાં અવરોધ કરે છે. કોઈ કહે છે કે શ્રદ્ધાના અભાવથી આવું બને છે તેમ નથી. બુદ્ધિ જ અવરોધ ઉભા કરે છે. શ્રદ્ધા તો એક તેજ છે. મન ઉપર તેનો પ્રકાશ પડે છે, તેનાથી મનરૂપી તંત્રમાં યોગ્યાયોગ્યતાનો નિર્ણય થાય છે.

બુદ્ધિ કામ ચલાઉ શક્તિ છે. ડીસ્ટીલ્ડ વોટર શુદ્ધ છે. પણ તેનામાં સર્જક શક્તિ નથી. તેમ બુદ્ધિ સાફ હોય તો પણ તેમાં સર્જક શક્તિ નથી. તે ઈન્દ્રિયોની વ્યવસ્થા કરી શકે છે. પણ નિર્ણય તો પ્રજ્ઞા કરી શકે. આ પ્રજ્ઞાના નિર્ણય પ્રમાણે બુદ્ધિ કામે લાગે છે. તો વાસનાઓ બળવત્તર નથી થતી. બુદ્ધિ ન ચલાવવી અને શ્રદ્ધા રાખવી તે નમ્રતા નથી, પણ દીનતા છે. બુદ્ધિ ચલાવો પણ પ્રજ્ઞાના નિર્ણય પ્રમાણે તેને ચલાવો. તર્કવાદિ મન વિનમ્ર નથી હોતું. વિનમ્રતા સિવાય પ્રેમનો સ્પર્શ નથી થતો. વિશ્વાસ અને શ્રદ્ધામાં ફરક છે. વિશ્વાસમાં અનુમાન કે તર્ક હોય છે. કોઇવાર

અહંકાર પણ હોય. જ્યારે શ્રદ્ધા આચરણમાં લઇ જાય છે. અંદરથી જ અવાજ ઉઠે છે. તે અવાજમાંથી શ્રદ્ધા અચારણમાં પરિવર્તન લાવે છે, વિશ્વાસમાંથી વધુમાં વધુ વિવેક ઉત્પન્ન થાય. શ્રદ્ધામાંથી આચરણ પ્રગટે.

ઈન્દ્રિયની કોઈ ગતિ કે તાકાત નથી. તે ચિત્તને એવા માર્ગે દોરે છે કે આત્મતત્ત્વ જેવું કંઈ નથી. અંધકારનો આભાસ ઉભો કરે છે. એટલે કે તમોગુણમાં લઈ જાય છે. આવી ઈન્દ્રિયોની સહાયતા પર ન નભતા અંતરાભિમુખ બનવું તે સાધકનું ધ્યેય હોવું જોઈએ.

**પ્રશ્ન : સામાજીક કે રાજકીય ક્ષેત્રે કાર્ય કરવામાં આપનું શું મંતવ્ય છે?**

**ઉત્તર :** શુદ્ધબુદ્ધિ અને તટસ્થ રીતે તેવા કાર્યમાં પડવું તે અનુચિત નથી. પણ એક વાત સમજી લો કે તે જીવન ગમે તેટલુ ઊંચુ હોય તો પણ તે નૈતિક જીવન જ ગણાશે, તે આધ્યાત્મિક જીવન નથી. આધ્યાત્મિક જીવન એટલે સામાન્ય અર્થમાં નિવૃત્તિ ગણાય છે, પણ તેનું ખરુ રહસ્ય તો એ છે કે માનવી પોતે શુદ્ધ બની આત્મારત બની જે કંઈ કાર્ય કરે છે તે કાર્ય હંમેશાં ઉચ્ચકોટિનું બને છે. સામાન્ય માનવી સમાજનું કાર્ય કરે તેનો લાભ ભૌતિક પદાર્થ સુધી પહોંચે છે. પણ આધ્યાત્મિક વ્યક્તિ તે જ કામ કરે તો સમાજનો વિકાસ સાચા અર્થમાં થઈ શકે છે. સમ્યક્‌જીવન છોડીને મનુષ્ય સામાજીક પ્રતિષ્ઠા મેળવવામાં રાચે કે એશઆરામ કરે તો તે એક જાતનો પલાયનવાદ છે તેમ જે યોગાનુ યોગથી મળેલી સામાજીક કે રાજકીય સેવા ન કરવી તે કાયરપણું છે.

## વાણીની અતિશયોકિત

...ની સાથે પ્રસંગમાં વાણીની અતિશયોકિત થઈ તે વિષે જાગૃત કરતાં તેમણે કહ્યું કે વાણીની અતિશયોકિત અસત્યવાણી તરફ લઇ જાય છે. ધીમે ધીમે તે આદત બની જાય છે. તેના પર નિયંત્રણ રહેતું નથી. ૧૫ મિનિટ કોઈવાર રોકાણ થયુ હોય અને વાણી નીકળે કે ૩૦ મિનિટનું રોકાણ થયું. આવી રીતે અજાગૃત રહેવાથી માનવની શકિત ક્ષીણ થતી જાય છે. શરીરની અંદર બાષ્પમય કાયા છે. તેના પર ઉઝરડા પડે છે. શરીરના જખમ રૂઝાય છે. પણ મનના જખમ સંસ્કાર મુકતા જાય છે, આંતરનિરીક્ષણ સમયે આવા સંસ્કારો સ્પષ્ટ થાય છે. ત્યારે સાધક ઘણી મહેનતે તેમાંથી બહાર નીકળી શકે છે.

## દમન નહિં મૈત્રીભાવ કેળવો

શરીર એ એક સાધન છે. તેના પર દમન કરવાનું છોડી મૈત્રીભાવ કેળવો. સુખ કે દુઃખ એકેનું પ્રદર્શન ન થવા દો બંને એક પરિસ્થિતિ છે. સ્મરણ અને વિસ્મરણ બંનેમાં તટસ્થતા રહે, તો બોજો નથી રહેતો. બધી જ કર્મપ્રવૃત્તિ પરવશતા છે, ઇંદ્રિયજન્ય છે. તેમાંથી ઈર્ષ્યા, ભય, નિરાશા ઉદ્‌ભવે છે. ચિત્ત શુદ્ધ હશે તો ઇંદ્રિયો શુદ્ધ બનશે. ચેતનાનું વ્યકત થવું તે સાચું કર્મ છે. જે સમયે જે પ્રાપ્ત ધર્મ હોય તે કરવામાં પ્રસન્નતા રહેવી જોઈએ. અંતરબાહ્ય બંને રીતે ઓતપ્રોત થઇ પ્રાપ્તકર્મ કરે છે. તેનું કર્મ બંધનરૂપ નથી. જેમ જમતી વખતે સ્વાદનું જ કેવળ ભાન રહે તો તે કર્મ શુદ્ધ ન કહેવાય, તેવી જ રીતે જો વૈરાગ્ય કે તુચ્છ ભાવ આવે તો જમવાનું જે કર્મ છે તે પૂર્ણ નથી થતું. તે ખંડિત કર્મ.

ખંડિત કર્મ વાસનાના રૂપમાં પરિણમે છે. જમવું તે પ્રાપ્ત

કર્મ છે. પુષ્ટિ માટે, આરોગ્ય માટે, શરીરરૂપી સાધનને ટકાવવા માટે યોગ્ય આહાર લેવો તે પ્રાપ્ત કર્મ છે.

મનની કે શરીરની કમજોરીનો આધ્યાત્મ સાથે સંબંધ નથી. આધ્યાત્મ જીવન પરાધીન નથી. આત્મનિર્ભર છે. તેમાંથી મળતા આનંદની સ્વયંભૂ ગતિ છે. શરીરમાં ભૂખનો, તરસનો, નિંદ્રાનો આવેગ આવે છે. તે સ્વાધીન નથી. તેની પૂર્તિ માટે બાહ્ય સાધન લેવું પડે છે. જો આવા આવેગને તૃપ્ત કરવાનું સાધન ન મળે તો સુખની વૃત્તિ દુઃખમાં પરિણમે છે.ઈંદ્રિયો થાકે છે. ત્યારે મન ભૂતકાળની સ્મૃતિમાંથી સુખનો અનુભવ લેવાનો પ્રયત્ન કરે છે. આમ આત્માની સ્વયંભૂત ગતિને પહોંચવાનું ધ્યેય દૂર થતું જાય છે. કેવળ થોડા કલાકની ધાર્મિક ક્રિયાથી આધ્યાત્મિક જીવન પ્રાપ્ત નથી થતું. સત્સંગમાં જેનુ મન રત છે તેની આસક્તિ જરૂર ઘટે છે. કર્મમાં તેને આનંદ આવે છે. કર્મમાં આનંદ ન મળે ત્યારે કર્મનું ફળ મેળવવાની ચિંતામાં પડે છે.

જૈન ધર્મમાં આહાર અને કર્મની જેટલી સૂક્ષ્મ વિચારણા કરવામાં આવી છે તેટલી અન્ય ધર્મમાં ભાગ્યેજ હશે જો કે છેલ્લા સો બસો વર્ષમાં કોઈ જૈન સાધુએ એકાંતે યોગ જેવી કોઈ સાધના કરી હોય તેવું જોવામાં નથી આવ્યું. ત્યાગીઓએ અતિક્રમન કરી અને ભોગીઓએ વાસનામય રહીને શરીર સાથે અન્યાય કર્યો છે. શરીર પછી બીજું સાધન મન છે. તે સૂક્ષ્મ છે. શરીર અને મન બન્નેની સાથે મૈત્રી કરવી જોઈએ.

**શ્રી કૃષ્ણપ્રેમ અને દિલીપરોયના પત્ર વાંચનના સંદર્ભમાં ભૌતિકવાદ અને યોગીઓની પરંપરા વિષેની સ્પષ્ટતા.**

ફક્ત ભારત જ નહિ પણ સમગ્ર દુનિયા આજે ભૌતિકવાદ

તરફ ઝૂકી રહી છે તેવું સાંભળીએ છીએ, અને અનુભવીએ છીએ. ખરું જોતાં એમ કહેવું જોઈએ કે ભારતમાં આજે એક છેડે ભૌતિકવાદ ખડો છે, બીજી બાજુ સંતોની હારમાળા છે. બને સામ સામે કિનારે ઉભા છે. આ ભૌતિકવાદ એતો ભારતના સો બસો વર્ષ પહેલાનો ઈતિહાસ છે. તેનાથી કંઈ સંતોની પરંપરા કે સાધના નિષ્ફળ નથી બની. હજારો વર્ષથી સંતોએ સાધના કરીને આ દેશને જે સંસ્કૃતિ અર્પી છે. તે કાંઇ આવા ટૂંકાગાળાના ભૌતિકવાદથી ભૂસાઈ નથી જવાની. આજે ચૈતન્યમહાપ્રભુ હાથમાં કરતાલ લઇને નીકળે તો તેની પાછળ લાખો માણસ નીકળી પડે.

ગાંધીયુગમાં આપણે આ ચમત્કાર અનુભવ્યો છે. ત્યાગ, સંયમ અને સત્યનિષ્ઠાથી ગાંધીજીએ મહાત્માપણું પ્રાપ્ત કર્યું. તેમણે દેશને જગાડયો. લાખો માણસો તેમના શબ્દને ઝીલવા કટિબદ્ધ થયા. આવાં જીવંત દષ્ટાંત આ દેશમાં બન્યા છે. છેલ્લા બસો વર્ષમાં પ્રાશ્ચાત્ય સંસ્કારોએ અને કેળવણીએ થોડા શિક્ષિત વર્ગના મન અને સંસ્કાર ફેરવી નાંખ્યા છે તે વાત ખરી, તેથી દષ્ટિભેદ જણાય છે. જેમ કે મંદિરમાં કોઈ સંત કે ભક્ત ઇશ્વર ભજન કરે કે મસ્તીમાં આવીને નાચે તો યુવાનવર્ગ તેને અંધશ્રદ્ધા કહેશે. પરંતુ સ્ત્રી પુરુષ એકઠા થઇ કોઇ ભવ્ય હોલમાં નાચે કે ગાય તેને આવકારશે. આમ પ્રાશ્ચાત્ય સંસ્કૃતિથી આપણા મનમાં એવા સંસ્કારનું સિંચન થયું છે કે તેના લીધે દેશની સંસ્કૃતિમાંથી કશુ પ્રાપ્ત કરવાને બદલે આવો એક વર્ગ તેની અવગણના કરીને ચાલે છે. બીજી બાજુ આવો જ શિક્ષિત વર્ગ સંસારી વાસનાઓ કે મહત્વાકાંક્ષાઓ પુરી કરવા જોષીઓ કે શાસ્ત્રીઓ પાસે જતાં કે કહેવાતા મહાત્માઓની કૃપા મેળવવા દોડાદોડી કરતા હોય છે.

## સુખ અને દુઃખ :

સુખ અને દુઃખની વ્યાખ્યા કરતાં કહ્યું કે મનુષ્ય જ્યારે સુખ કે દુઃખની પરિસ્થિતિમાં મુકાય છે. ત્યારે હૃદયને પલળવા નથી દેતો, પરંતુ સુખની કે દુઃખની, લાગણીને વ્યકત કરી દે છે. દુઃખની સાથે મનુષ્ય એકલો રહી શકતો નથી, ત્યાં દીનતા છે. સુખમાં એકલો રહી શકતો નથી, ત્યાં અહં છે. દુઃખ એકલા ભોગવવાની શક્તિ કે ધીરજ નથી. સુખનું પ્રદર્શન કરવાની વૃત્તિ રોકી શકાતી નથી. પરંતુ મનુષ્ય જાણતો નથી કે સુખની છાયામાં દુઃખનું પોષણ થઈ રહ્યું છે. બંનેથી મુક્ત થવા માટે સમતા જોઈએ. એ ચિત્તનો યોગ છે.

અહંકાર એ જળો જેવો છે. અહંકાર બંધનની જડ છે. તેના વડે પ્રેરાઇને માનવી પોતાની નબળાઇનો આરોપ બીજા પર કરે છે. અહંકાર અંતરાભિમુખ થવાનાં દ્વાર બંધ કરે છે.

વિશ્વચેતના વ્યાપક છે. તેનો અંશ દરેક વ્યક્તિમાં છે. ચેતના સ્વભાવે શુદ્ધ છે. જો મન અને બુદ્ધિ શુદ્ધ થાય તો તે ચિત્તની શુદ્ધતા પ્રકટ થાય. આવી શુદ્ધતા જ્યાં પ્રકટી ત્યાં ચેતના તેને ગ્રહણ કર્યા વગર રહી શકતી નથી. ચિત્ત શુદ્ધ થઈ ઉર્ધ્વીકરણ કરે છે તો વૈશ્વિક ચેતના અવતરણ કરી તેને ઉપર ઉઠાવે છે.

જીવન વિષે ગંભીરતાથી ચિંતન કરો. જીવનમાંથી કટુતા, કઠોરતા, દીનતા કાઢી નાંખો. ચિત્ત પર અનેક સંસ્કાર પડયા છે. પરંપરાગત આગ્રહના સંસ્કાર પણ હોય, કોઇના પર ગાંધીજીના જીવનની, મહાવીરના જીવનની, વિનોબાજીની, રજનીશજીની, કે કૃષ્ણ મૂર્તિના જીવનની અસર હોય. આમ ઘણા બધાની અસર પડી હોય. છતાં દરેકે પોતાના જીવનનો માર્ગ નિશ્ચિત કરવો જોઇએ.

ગાંધીજી પાસે પ્રાર્થનાનું એક સાધન હતું. તેમને અતીન્દ્રિય અનુભવ વિષે કદી આકાંક્ષા નથી સેવી, તેઓ સત્યમાં જ ઈશ્વરના દર્શન કરતાં અને જીવનના દરેક ક્ષેત્રમાં સત્યને વળગીને ચાલતા. તેઓ માનતા કે ઈશ્વરે ધાર્યું હશે તેમ થશે.

શ્રીમદ્‌રાજચંદ્ર, રમણમહર્ષિ વિગેરેએ જુદે જુદે પ્રકારે સાધના કરી. તેઓએ ઘરના ખૂણે બેસીને સાધના નથી કરી. તેઓ ઘરમાં સમાઈ ન શક્યા. આ જન્મમાં જ આત્મરત થવાની તેમને લત લાગી, અને સઘળુ છોડીને ચાલી નીકળ્યા. સંસારી કે ગૃહસ્થી ઘરમાં રહીને એક કલાક પ્રભુને ભજે અને બાકીનો સમય ઇન્દ્રિયોના વિષયોને સંતોષે પછી તે આસક્તિ હો કે અનાસક્તિ હો, પણ એ માર્ગથી આત્મસાક્ષાત્કાર નથી થતો. એ માર્ગે કેવળ નૈતિક જીવનની સાધના થઈ શકે. આધ્યાત્મિક જીવનનો માર્ગ બાહ્ય બધી જ ચેષ્ટાનો ત્યાગ માંગે છે.

## ધ્યાન વિષેના પ્રવચનો

અમને સૌને વહેલી સવારે ધ્યાન કહો કે ચિંતન એક કલાક બેસવાની ટેવ થોડા સમયથી હતી. મનમાં ઉંડે ઉંડે એવી કંઈ ઉત્કંઠા ખરી કે વિચાર રહિત ધ્યાન દશા કેવી હોય, ધ્યાનમાં શું અનુભવ થાય, તેની પ્રતીતિ કેવી રીતે થાય? આ જિજ્ઞાસાને બહેનશ્રી ખૂબ ઉત્તેજન આપ્યું અને તેમણે કહ્યું કે તા. ૧-૫-૬૯ થી આપણે સૌ સાથે મળી ધ્યાનમાં બેસશું. તે વખતે જે કંઈ માર્ગદર્શન આપવાનું હશે તે આપીશ આ વાત નક્કી થયા પછી અમે એક મોટા ઓરડાને ધ્યાન અને અધ્યયન કક્ષમાં ગોઠવી દીધો.

અમારી સાચી તાલીમ શરૂ થઇ તા-૧-૫-૬૯ ના રોજ. અધ્યયન કક્ષની તૈયારી થયા બાદ અમે સમુહ ધ્યાનથી એકાંત આરાધના શરૂ કરી. આ આરાધના વિષે તેમણે કેટલાક પ્રાથમિક

સૂચન કર્યાં. અમે સૌ ગૃહસ્થી હતા તેથી તે પ્રમાણે માર્ગદર્શન આપ્યું. આહારની, નિંદ્રાની, વ્યવસાયની પ્રવૃત્તિની સમતુલા જાળવવાનો નિર્દેશ કર્યો. અને તો ૪ વાગે અગર લગભગ અનુકુળ સમયે ધ્યાનનો સમય રાખવાનું જણાવ્યું. શિયાળામાં ૮ કલાકની નિંદ્રા, ઉનાળામાં છ કલાકની નિંદ્રા આવશ્યક ગણાય. નિરર્થક ચર્ચા કે પ્રવૃત્તિ ન કરવી. તેવું સૂચન કર્યું

## આસન

કરોડરજ્જુમાંથી સીધા ટટ્ટાર બેસવુ. છાતીનો ભાગ બહાર, પેટ અંદર રાખવુ. દીર્ઘ શ્વાસ લેવો, પદ્માસન. અર્ધાસન, કે શવાસન જે અનુકુળ હોય તે આસન પર રહેવું. ગૃહસ્થીને ત્રણ કલાકનું ધ્યાન સધાય તો પુરતું ગણાય.

ગૃહસ્થીની સંસારમાં ઘણી શક્તિઓ ક્ષીણ થતી હોય છે. આ વયે હવે પૂર્ણયોગ કે સંપૂર્ણ સાધના શકય નથી. જો કે સાધનામાં શરીરની મર્યાદા આવતી નથી. પણ એક જ સાહસે બધું છોડી કેવળ અજ્ઞાત અને એકાંતમાં જવાની તૈયારી જોઇએ. મને એવી શકયતા ન લાગવાથી તમને અનુરૂપ સાધનાનો માર્ગ ચીંધું છું. મેં પોતે નાની ઉંમરમાં જ આવું સાહસ કરેલું છે. તેમાં નિર્ભયતા અને સાધનાનો અવિરત રસ જોઇએ. સાધના માર્ગ કોઈ સહેલો માર્ગ છે તેવો ભ્રમ ન સેવવો.

( તેમના ધ્યાન અંગે કરેલા વ્યાખ્યાનોનું ટેપ કરેલું છે. તે પુસ્તકાકારે પ્રગટ થવાની શકયતા છે તેથી તેના વિસ્તારમાં ન જતાં અહીં એક ટૂંકું વર્ણન પુરતું થશે. )

સાધના એટલે સમગ્ર જીવન પ્રતિ દષ્ટિ. જીવન સમતુલિત બનાવીને અનુભૂતિ પ્રાપ્ત થાય છે. મનમાં પ્રમાદ હોય તો સ્પષ્ટ દર્શન થઇ ન શકે. પ્રમાદ એટણે ઇંદ્રિય અને મનની બધી જ

ક્રિયાઓ, આત્માભિમુખતા સિવાયનું બધુ જ કર્મ. અહીં રાગ દ્વેષની આહુતિ આપવી પડે છે.

સ્થુળકાય શરીર કે મનની સમજ નથી ત્યાં સૂક્ષ્મ મન કે પદાર્થોની સમજ કયાંથી મળે? પંચ તત્વના સ્થુળપણાનું ભાન ન હોય, પછી શરીરવ્યાપી, વિશ્વવ્યાપી પંચ તત્વનું જ્ઞાન કયાંથી હોય? શરીરમાં રહેલા પ્રાણુ તત્વમાં રંગ નથી. તેનું દર્શન કેવી રીતે થાય? ગૃહસ્થ જીવનનો બોજ ઉપાડવો અને ચિત્તને શાંત કરવું કે શુદ્ધ કરવું કેવી રીતે બને? એકવાર ઈન્દ્રિયોને કામનાનો કે વિષયોના સ્પર્શ થાય પછી તેની અસર લાંબો સમય રહે છે. બધીજ કર્મ પ્રવૃત્તિ પરવશતા લાવે છે. ઇંદ્રિયોના આવેગની ગતિ સ્વયંભૂ નથી ઇંદ્રિયોને વિષય ન મળે તો મન વ્યથિત થાય છે. અને ભૂતકાળની સ્મૃતિ દ્વારા સંભોગ, વર્તમાનમાં જીવન પ્રત્યે અસાવધાનતા, ભાવિની ચિંતા—આમ ત્રિદોષથી મન વિહ્વળ બને છે. તેની ચિત્ત પર અસર પડે છે. સાધકે આવી બુદ્ધિનું સમર્પણ કરવું જોઇએ.

મન, શરીર અને બુદ્ધિના વિનિયોગની આવશ્યકતા છે. જીવન સાધનાનું અને સમગ્રભાવનું ક્ષેત્ર છે. એક બાજુ શરીર, મન અને બુદ્ધિ છે. બીજી બાજુ આત્માનું મૌન છે. ત્રણેય ક્રિયાથી મુકત થતાં મૌનનો અનુભવ થાય છે.

શરીરનું બધું જ સંચાલન પ્રાણુતત્વ કરે છે. પ્રાણુતત્વનો સંચાર અણુંયે અણુમાં છે. તેના વિના શરીરની એક પણ ક્રિયા થતી નથી. શ્વાસોશ્વાસ તે પ્રાણુતત્વનું એક કાર્ય છે.

## પ્રાણુતત્વ અને પંચતત્વ

તમે સૌ આહાર કરો છો તેની શરીરમાં થતી યાત્રા જોઈ છે? પ્રાણુતત્વના આધારે અન્નની યાત્રા ચાલે છે. તેના વડે

જળતત્વ, પૃથ્વીતત્વ આદિ પંચ તત્વ જુદા પડે છે. નિયમ પ્રમાણે વ્યવસ્થા જાળવાય છે. જો પ્રાણુતત્વ સંચાર ન કરે તો જળતત્વ છૂટું ન પડતાં જળોદર જેવા દરદ થાય. પ્રાણુતત્વ કુપિત થાય તો અનેક દરદો થાય છે. તેથી સાધકો સૌ પ્રથમ પ્રાણાયામને મહત્વ આપે છે.

હવે શ્વાસોશ્વાસની પ્રક્રિયા જોઈએ. ખરેખર તે અદ્ભુત છે શ્વાસ નાભી સુધી જઈ વક્રાકારે ગતિ કરે છે. મેરૂદંડમાં જાય છે. પ્રાણાયામથી આગળ વધી કુંભક વિગેરે ક્રિયા છે. તે વિષય અત્રે અસ્થાને છે. યોગીઓ પ્રાણુતત્વ પર કાબુ ધરાવે છે. અને હઠ-યોગમાં જાય છે. આપણે તો શરીરના બધા તત્વ સાથે મૈત્રી કરવી છે, તે માટે અમુક માત્રામાં પ્રાણાયામ, આસન વિગેરેની જરૂર છે ચિત્તની સમતા,, બુદ્ધિની સ્થિરતા સધાય છે. આ સાધના વર્ષો સુધીનો સમય માંગી લે છે.

## મૌનતત્વ

પ્રાણુતત્વની જેમ મૌનતત્વનું જ્ઞાન હોવું આવશ્યક લેખી શકાય. મૌનતત્વ તે ઉચ્ચકક્ષા ગણાય છે. માનસિક કે બૌદ્ધિક અનુભૂતિની આકાંક્ષા રાખશે તે મૌનનો અધિકારી નથી. જ્યાં દેહની સ્થૂળ કે સૂક્ષ્મ ક્રિયા નથી ત્યાં મૌનતત્વ છે. ધ્યાન માટે મૌન દશા જરૂરી છે.

ભક્તિયોગી જીવ ધ્યાન વખતે મૂર્તિની કલ્પના કરે છે, તે એક ક્રિયા છે. હઠયોગી ચિત્તમાં જ્યોતિનું દર્શન કરે છે, જ્ઞાન-યોગી હુ શરીર નથી, બ્રહ્મ છું તેમ બ્રહ્મભાવ ધારણ કરે છે. આ બધી જ સૂક્ષ્મ ક્રિયા છે. મૌનમાં કોઈ ક્રિયા જ નથી. તેને માટે સાવધાનીથી આંતર નિરીક્ષણ કરવું જરૂરી બને છે.

મનને વિરામ મળે કે આકાંક્ષા દુરાગ્રહ વિગેરેનું આક્રમણ શરૂ થશે. જયાં જયાં દમન થયું હશે તે બધાની પ્રતિક્રિયા ઉઠશે. અર્ધચેતન મનમાં કોઈ વાસના પડી હોય છે, તે બહાર આવે છે. આ બધાનું નિરીક્ષણ કરી મન અને બુદ્ધિ બોધ પામે તો ચિત્ત સહકાર આપે છે.

તમોગુણ, રજોગુણ કે સત્વગુણ તે ગુણો છે. મૌનતત્વ તેનાથી પણ પર અવસ્થા છે.

જેમ આપણને આકાશતત્વ દેખાતું નથી તેમ મૌનતત્વને પણ સાકાર નથી. જીવનની સમગ્રતા પ્રાપ્ત થાય ત્યારે મન ને બુદ્ધિ શાંત પડે છે. તેવી પળે મૌનનો સ્પર્શ થાય છે. બાહ્ય વિષયમાંથી નીકળી અંતરમાં ડૂબકી મારો ત્યાં મૌનનો સ્પર્શ છે. આ સ્પર્શ થયા બાદ મનની ચંચલતા નથી હોતી. પ્રતિક્રિયા નથી હોતી. ઈર્ષ્યા, રાગ દ્વેષ જેવા ભાવો ક્ષીણ થવા માંડે છે. આંતર કલેવર પરિવર્તન પામે છે.

## આત્મતત્વ

મૌનતત્વથી પણ સૂક્ષ્મ આત્મતત્વ છે. મનની જડતાને કારણે આ તત્વનું દર્શન નથી થતું. પાંચે ઈન્દ્રિયોના વિષયના સંસ્કારી માણસો ઈન્દ્રિયોથી આ તત્વનો દર્શન કરવા માંગે છે. મન, બુદ્ધિ અને ઇન્દ્રિયના વિષયના સંસ્કાર દૂર થાય ત્યારે આત્મતત્વનો અનુભવ થાય.

ધ્યાનમાં જો મૌનતત્વનું દર્શન ન થાય તો હજી જડતા છે તેમ સમજવું. શરીરના પંચતત્વમાંથી જેની સાથે વધુ તદ્રુપતા હશે તેનો રંગ ધ્યાન સમયે દેખાય છે. જેમ કે પૃથ્વી તત્વની તદ્રુપતાથી ઘેરો લીલો, કાળો, જળતત્વની તદ્રુપતાથી ચાંદી જેવો સફેદ, વાયુતત્વનો પીળો રંગ છે. અગ્નિનો લાલ રંગ છે, આકા-

શનો શ્યામલ નીલો રંગ દેખાય છે. ધ્યાનમાં કોઈવાર ઈષ્ટમૂર્તિ કે જ્યોતિ દેખાય છે. આમાંનું કોઈ તત્વ આધ્યાત્મ નથી. પ્રાથમિક ભૂમિકામાં પૂર્વના સંસ્કારમાંથી પસાર થવું પડે છે.

આની આગળની ભૂમિકામાં અતિં ઈન્દ્રિયનો અનુભવ થાય છે. ત્યાં કાળની કે સમયની મર્યાદા નથી. દૂરની ઘટનાઓ જોઈ શકાય છે. યોગીઓને અંદરના નાદ સંભળાય છે. આ બધું સૂક્ષ્મ હોવા છતાં આત્મતત્વની અપેક્ષાએ એ સ્થૂળ છે. ત્યાં કર્તા કે ભોકતા કેવળ નથી આંતરિક આનંદ છે. તેજ નિર્ગ્રંથ અવસ્થા છે.

જીવન સંગીતના સપ્ત સ્વર છે. શરીર, મન, બુદ્ધિ, પ્રાણ, મૌન, અવકાશ અને આત્મતત્વ. આ સાતે તત્વની આપણે વિચારણા કરી. ધ્યાન દ્વારા ક્રમશઃ આ તત્વોનું યથાર્થ દર્શન થઈ શકે છે. ખરેખર તો ધ્યાન કે સાધના મારાથી કેમ નથી થતાં ? તે પ્રશ્ન છે, ત્યાં સુધી અહંભાવ આત્માની જે સહજ સ્થિતિ છે તે પ્રાપ્ત કરવાની છે. બધી જ આકાંક્ષાઓનું, મહત્વાકાંક્ષાનું, પરોપકાર વિગેરેનું સમર્પણ કરી કેવળ પરમાત્મા સાથેની એકતા માટે જ આ સાધના હોઈ શકે.

ગૃહસ્થ ઘરમાં રહીને પૂર્ણ સાધના પ્રાપ્ત ન કરી શકે, કારણ કે તેને વ્યવહાર ચલાવવો પડે છે. મહાવીર બુદ્ધ, વિનોબા, ગાંધીજી, વિમલબેન પોતે સૌએ સાહસ કરી ઘરનું, કુટુંબનું મમત્વ તથા સલામતી છોડી ચાલી નીકળ્યા. સાધાનાની ઉત્કંટતા સાધકને ઘરમાં રાખી શકતી નથી.

છતાં ગૃહસ્થ માટે જેટલું જીવનપરિવર્તન થઈ શકે તેટલું સારૂ છે. સંતો તમારી જયોતને જલતી રાખે છે. જે માર્ગે જવું હોય તેની સ્પષ્ટતા કરી લેવી જરૂરી છે. તેમ કરવામાં ખરેખર

બાહ્ય કારણ અવરોધ કરે છે કે તમારું મન જ અવરોધ કરે છે? પોતાની નબળાઈનું આરોપણ અન્ય સ્થાને કરી આત્મવંચના ન થવા દો. ધ્યાન દ્વારા ચિત્ત પર સંસ્કાર પડે છે. તે સંસ્કાર પર તમારા પગ સ્થિર કરો. તેમાંથી સત્યાંશ પ્રગટ થાય છે. તેના વડે આંતર કલેવર બદલાય છે. સંસ્કારોનું બંધન ન થવું જોઈએ. સંસ્કાર એ બળનું સિંચન કરનાર છે. સાંસારિક મનો-કામનાની માત્રા ઘટે ત્યારે આવા સંસ્કારો સ્થિર થાય છે. સત્સંગમાં જેનું મન રત છે તેની આસક્તિ ઘટે છે. દરેક કર્મમાં આનંદ મળવો જોઈએ. કર્મ તે બોજ ન હોવો જોઈએ. કર્મ-ફળની ચિંતાથી કર્મ બોજ બને છે. આકાશમાં વાદળ સુકા હોય, કે પાણીથી ભરપૂર હોય તો પણ આકાશ નિર્લેપ રહે છે. તેમ ચિત્ત પણ નિર્લેપ રહેવું જોઈએ.

મનને કષ્ટ આપવું કે તેને દાબી દેવું એ મૌન નથી. મનની સાથે સહજ સહયોગ ન હોય તો મન મૌનને પણ સહકાર આપતું નથી. મૌન એ ભાવરૂપ સહજાવસ્થા છે. તેને પ્રગટ થવાની તક આપો. સ્થૂળ કે સૂક્ષ્મ વૃત્તિઓ સાથે ત્યાં પ્રવેશ ન થઈ શકે. જેને માનસિક કે બૌદ્ધિક અનુભૂતિની અભિલાષા હોય તે મૌનનો અધિકારી નથી. દમનકારી કે ચિત્તપીડનવાળી વ્યક્તિ મૌનમાં પ્રવેશ ન કરી શકે. ક્રિયાનો નિરોધ કે સંયમ કરવાથી ક્રિયાતીત અવસ્થા પ્રાપ્ત નથી થતી. ક્રિયાતીત અવસ્થા શાંત અને સ્વસ્થ દશા છે. ત્યાં શરીર, મન, બુદ્ધિ કોઈપણ ક્રિયાને સ્થાન નથી. ધ્યાનમાં આ મૌન દશા પ્રાપ્ત કરવાની છે. પ્રાપ્ત થયા બાદ આત્મદર્શન ખુબ જ નિકટ આવે છે.


આ રીતે શ્રી વિમલાબહેનના સાંન્નિધ્યમાં લાંબો સમય રહેવાનું મળ્યું. તેમાં આવી અવનવી વાણી તેમના મુખે વહ્યા જ કરતી. અમે સૌ સાથીઓએ તેમની આ વાણીને ઝીલવા પ્રયત્ન કર્યો છે. તેમના પ્રત્યેની અમારી કૃતજ્ઞતા ત્યારે જ સફળ થશે કે જયારે અમારી ચેતના પરમાત્મા પ્રત્યે સમર્પણ થશે.

# (૩) બદ્રીનારાયણ—કેદારનાથ

શ્રી. વિમલાબહેન સાથે અમારી આ ત્રીજી યાત્રા છે. ૧૯૭૦ ના એપ્રિલ માસમાં બહેનશ્રી ગંગોત્રી, જમ્નોત્રી અને ગૌમુખ ગયા હતા. ત્યાંથી બદ્રીનારાયણ તથા કેદારનાથની યાત્રાએ જવાનું હતું. અમારી મિત્રમંડળી આ યાત્રામાં જોડાવાની હતી. બધી જ તૈયારી થઈ ગઈ હતી. ગૌમુખની યાત્રા તે પણ એપ્રિલ આખરે કરવી ઘણી કઠણ હતી. પરંતુ અમે તેને માટે માનસિક, શારિરીક અને બાહ્યસાધનોની પૂરી તૈયારી કરી.

પરંતુ અચાનક અંગત કારણ આવી પડતાં નિશ્ચિત કરેલા દિવસે અમે જઈ ન શકયા. બહેનશ્રી ગૌમુખની યાત્રાએથી પાછા ફર્યા તેમણે અમને બદ્રી–કેદાર જવાની તારીખો જણાવી. વળી પાછો તેમની સાથેનો યોગ પ્રાપ્ત થયો. અમે ફરી પાછી તૈયારી કરી. તા. ૧૯–૫-૭૧ ના રોજ શ્રી. કિસનસિંહભાઈના આશીર્વાદ લઈ મોટરમાં રવાના થયા.

ગરમીના દિવસો હતા. પરંતુ તે તરફ ધ્યાન આપીએ તો મોડા પડીએ તેથી આખોય દિવસ પ્રવાસ કરી રાતે માર્ગમાં આવતાં શહેરમાં રોકાઇ તા. ૨૧ મી એ અમે હરદ્વાર પહોંચ્યાં. હરદ્વાર એ બદ્રીયાત્રાનું ગર્ભદ્વાર છે. ગંગા નદીને કિનારે વસેલું યાત્રાધામ છે. આ દિવસોમાં યાત્રાળુઓની ભારે ભીડ રહે છે. હરદ્વારમાં એક દિવસ રોકાઈ મોટરની થોડી મરામત કરાવી અમે તા. ૨૨ મીએ રવાના થયા.



કેદારનાથ

હિમાલય પ્રદેશમાં બધે જ એક માર્ગી વાહનવ્યવહાર હોય છે. 'પાક–ચીનના આક્રમણને કારણે આ પ્રદેશોના માર્ગોનો વિકાસ સારો થયો છે. આ પ્રદેશમાં ખાનગી, ધંધાકીય બસ, કે વિગેરે બધા જ વાહનો એક જ સાથે ઉપડે, આવા કાફલાને "ગેટ" કહેવામાં આવે છે. સાથે જ ઉપડે, સાથે જ થોભે, સાથે જ પહોંચે. "ગેટ" શબ્દનો ઉપયોગ પણ એ રીતે જ થતો. "ગેટ ચલા ગેટ રૂકા, ગેટ આ ગયા" ઈત્યાદિ. આ કાફલો ભવ્ય લાગતો. પચીસ પચાસ વાહનો પહાડી પ્રદેશમાં એક સાથે ચાલે, તેથી સૌને એકબીજાની હૂંફ રહેતી.

અમે હરદ્વારથી ઋષિકેશ પહોંચ્યાં. ત્યાં નિયત સમયે "ગેટ"માં જોડાઈ ગયા. સાંજે છ વાગે અમે જોષીમઠ પહોંચ્યાં. અહીંથી બદ્રી ૨૬ માઈલને અંતરે છે પરંતુ સાંજ પડી જવાથી અને કમોસમી વરસાદને કારણે બધા જ વાહનો જોષીમઠ રોકાઈ ગયા.

ભારે વર્ષાને કારણે ગામ તો જળબંબાકાર થઈ ગયું. એક કલાક તો મોટરમાં જ બેસી રહેવું પડયું. વરસાદ ધીમો પડતાં ગાડીમાંથી બહાર ડોકું કાઢી એક કુલીને બોલાવ્યો. શરૂઆતમાં તો કયાંય જગા ન મળે. જોષીમઠ નાનું ગામ, અને યાત્રાળુઓની ભીડ સામાન્ય હોટેલો અને બીરલાની એક માત્ર ધર્મશાળા સિવાય ઉતારાની કોઈ સગવડ ન મળે. યાત્રાળુઓ જયાં જગા મળી ત્યાં ગોઠવાયા. કોઈ હાટડીમાં, કોઈ ઓશરીમાં, હોટેલમાં, ગેસ્ટહાઉસમાં જયાં ત્યાં સૌ ગોઠવાઈ ગયા. ભવ્ય અને સંગઠિત કાફલો આમ વેરવિખેર થઈ ગયો. અમે એક સામાન્ય હોટેલમાં આશરો લીધો. સદ્‌ભાગ્યે અમારો કુલી ખૂબ જ માયાળુ અને કાર્યક્ષમ નીવડયો.

બીજે દિવસે ગેટ ઉપડશે કે કેમ તે શંકા તો હતી જ. પરંતુ સવારે તપાસ કરતાં માલુમ પડયું કે ગેટ ઉપડે છે. અમે તેમાં જોડાઈ ગયા. પરંતુ ત્રણેક માઈલ ગયા હોઈશું ત્યાં તો મીલીટરી સર્વીસના માણસોએ સમાચાર આપ્યા કે ગઈ કાલે ભારે વર્ષાને કારણે પહાડો ધોવાઈ જવાથી શીલાઓ ધસીને માર્ગમાં તૂટી પડી છે, રસ્તાઓ પણ તૂટી ગયા છે અને જઈ શકાશે નહિ.

આ પ્રદેશમાં વાહનવ્યવહાર ખાનગી કંપની દ્વારા ચાલે છે. તેઓએ યાત્રાળુઓને ટિકિટ આપેલી એટલે વાહનો હંકાર્યા. પરંતુ રસ્તાની કોઈ માહિતી મેળવેલી નહીં. ગેટ પર ફરજ બજાવનાર ખાતાનું પણ અજ્ઞાન તો ખરું જ. કદાચ અહીં આ પ્રમાણે વ્યવહાર ચાલતો હશે.

ત્રણ માઈલ જઇને બધાજ વાહનો અટકી પડયા. મીલીટરીના માણસો કામે લાગેલા હતા. સૂરંગો ફોડી શીલાઓના ટુકડા કરી નદીમાં પધરાવતા હતા. કેટલાક યુવાન યાત્રાળુઓ પણ આ કામમાં જોડાયા. ત્રણ કલાકના પરિશ્રમ પછી પણ સમારકામ પુરુ થાય તેવા કોઇ ચિન્હો જણાયા નહિ અને બાર વાગવા આવ્યા. વળી વર્ષાના ચિન્હો જણાવા લાગ્યા. બસવાળા પાછા જવા ઈચ્છતા ન હતા. આમ યાત્રાળુઓ ભૂખ્યા તરસ્યા હેરાન થાય તેથી કલ્યાણભાઈએ વિચાર્યું કે આપણે જોષીમઢ પાછા જઇએ અને ગામ આગેવાનને સમજાવીને બધા વાહનો પાછા મંગાવીએ.

આમ અમે પાછા ફર્યા. અમારી ગાડી અંગત હતી. કોઇ મુસાફરને આ ન ગમ્યું પરંતુ અમે ગામમાં આવીને આગેવાનને સમજાવ્યા અને બધા જ વાહનોને પાછા મંગાવ્યા. આમ આ

આખો દિવસ જોષીમઠમાં પસાર કર્યો. ત્યાંનું એકાદ મંદિર જોયું.

આગલે દિવસે રસ્તાની પરિસ્થિતિ જોઈ અમે અમારી ગાડીમાં ન જતાં બસમાં બદ્રી જવા રવાના થયા. રસ્તાની હાલત જોઈને ખ્યાલ આવ્યો કે ગઈ કાલે પાછા ફરવાની સદ્‌બુદ્ધિ સૂઝી તેમાં ઈશ્વરની કૃપા જ હતી.

જોષીમઠથી બદ્રી ફક્ત ૨૬ માઇલે, પરંતુ ચઢાણ ઘણું છે. નીચે નજર નાંખો તો અલકનંદા પૂર જોસમાં વહે છે. ઉપર નજર નાંખો તો પહાડોની ચોટી અને વચમાં પહાડના પેટમાં રસ્તો. તેના પર વાહનો દોડે. કુદરતી સૌંદર્યનો લખલૂટ ખજાનો અને માનવીએ સાધેલી સિદ્ધિનો અહીં સમન્વય રોમાંચ ખડા કરી દે તેવો હતો.

તા. ૨૫મી એ અમે બદ્રી પહોંચ્યા. ગરમ કપડામાં સજ્જ દિનકરભાઇ ત્રિવેદીએ અમને આવકાર્યા. બસ અડ્ડાથી બે ફર્લાંગ દૂર મંદિરની નજીક બદ્રીનારાયણ મંદિરના જગદ્‌ગુરૂ શકંરાચાર્યના મકાનના એક ભાગમાં અમારો ઉતારો હતો, તેમાં સારી સગવડ હતી.

અમદાવાદથી કલ્યાણભાઈ, ભાભી, પ્રભાબેન અને હું એમ અમારી મંડળી હતી. અહીં બહેનશ્રી તેમના માતુશ્રી આક્કા તથા દિનકરભાઈ ગંગોત્રીથી નવ દિવસથી આવીને રહ્યા હતા, અને બપોરે બહેનશ્રીના પિતાશ્રી તથા ભાઈ આવ્યા. આમ અમે નવ થયા. જાણે એક ધર્મકુટુંબનો મેળો હોય તેવું વાતાવરણ સર્જાયું

આગલા દિવસના વર્ષાના અને તોફાનના સમાચાર જાણી આક્કા તો ભારે ચિંતામાં પડયા હતા. અમો સકુશળ પહોંચ્યા પછી જ તેમણે અન્ન ગ્રહણ કર્યું.

બદ્રીનારાયણમાં મંદિરના દર્શનના મહિમા સિવાય અન્ય કોઈ પ્રયોજન નથી હોતું. હા, કુદરતી સૌંદર્યની અસીમતા ખરી. અમે મંદિરના દર્શન કર્યાં. માનાપાસ નામની જગા છે. ત્યાં ફરી આવ્યા. અહીં ગરમ પાણીના કુંડ છે. તેમાં સ્નાન માટે સારી વ્યવસ્થા કરવામાં આવી છે. વર્ષના છ માસ આ યાત્રાધામ ખુલ્લુ રહે છે અને છ માસ બંધ રહે છે. આ બધું તે દિવસોમાં બરફથી છવાઈ જતું હશે ત્યારે કેવું લાગતું હશે તેની કલ્પના કરવી રહી.

બદ્રીની ઉંચાઈ ૧૦૮૦૦ ફીટની છે. આ દિવસોમાં યાત્રાળુઓની ભીડ રહે છે. આ મંદિર છ માસ બંધ રહે છે. વળી પૂજા વિધિનો પ્રકાર એવી રીતનો છે કે સ્વચ્છતા જળવાય નહિ. ગર્ભદ્વાર નાના અને ભીડ વધારે. પૂરતી વ્યવસ્થાને અભાવે મંદિરની રચના કે દેખાવ પહેલી નજરે આકર્ષક ન લાગે છતાં શ્રદ્ધાળુઓ આવે છે. સંતોએ કરેલી સાધનાના આ સ્થળોના દર્શન કરવાની આકાંક્ષા રાખે તે સ્વાભાવિક છે. મંદિરની આસપાસ ભિક્ષુકોની ભીડ જામે. તે પણ અસંગત લાગે તેવી.

બહેનશ્રી જગતગુરૂ શંકરાચાર્યના અતિથિ તો હતા જ. તેમાં અમને પણ લાભ મળ્યો. તેમના અંતેવાસીઓના હાથે જમ્યા, તેમને મળ્યા. તેઓ એક સુશિક્ષિત અને સુધારક વિચાર ધરાવનારાં યુવાન છે. જો કે પરંપરાગત રૂઢિને તેમને માન તો આપવું જ પડે છે.

તા. ૨૬ મીએ અમે બદ્રીથી નીકળી જોષીમઠ પહોંચ્યા. આક્કા અને બાપુસાહેબને લઈને મનહરભાઈ સીધા દહેરાદુન ગયા. હવે અમે સાત સભ્યો હતા. તેથી વારાફરતી બે જણને બસમાં બેસવાનું હતું. ગેટ સાથે જ જતો તેથી અમારી મોટર બસની સાથેજ ચાલવાની હતી.

બદ્રીનારાયણ અને કેદારનાથની વચ્ચે લગભગ ૧૬૦ માઈલનું અંતર છે. આ બધોજ વિસ્તાર ધાર્મિકક્ષેત્ર મનાય છે. એક પહાડ ઉતરવો પાછો બીજો પહાડ ચઢવો. એમ પહાડો વટાવી નિયત સ્થળે પહોંચવાનું હોય છે.

જોષીમઠથી નીકળી ગેટ રાતે આઠ વાગે રૂદ્રપ્રયાગ પહોંચ્યો. નાનું સરખું ગામ અને બે દિવસના યાત્રાળુઓની ભીડ, અગાઉથી કંઈ બંદોબસ્ત થઈ શકયો ન હતો. ઘણી તપાસ કરી છેવટે એક આ આશ્રમની ઓસરીમાં આશરો મળ્યો. સાફસૂફી કરી સૂઈ ગયા. ખુલ્લી જગા હતી તેથી આરામ મળ્યો.

તા. ૨૭ મીએ સવારે ૯ વાગે ગેટ ઉપડયો. બપોરે ગુપ્ત-કાશી પહોંચ્યા. ત્યાંના સુંદર ગેસ્ટહાઉસમાં આરામ કર્યો. ગુપ્ત-કાશીથી થોડે દૂર ગયા ત્યાં તો વર્ષારાણી પધાર્યા. રસ્તો કાચો, થોડો વરસાદ પડે એટલે રસ્તાનું ધોવાણ થાય અને પથરા ઉપસી આવે. એમ્બેસડર જેવી ગાડીને આ રસ્તે લઈ જવામાં થોડું જોખમ ખરૂં. અમે થોડાં મુઝાયા, પરંતુ એક બે ટેકસીઓ સાથે હતી, બસવાળાનો સહકાર હતો, બહેનશ્રીની હિંમત અને શ્રદ્ધાએ કેદારનાથની યાત્રાના છેલ્લાં બસ સ્ટેશને ( રામપુર ) બપોરે ત્રણ વાગે પહોંચી ગયા.

અહીં બહેનશ્રીનાં પરિચિત એક સર્વોદય કાર્યકરભાઇએ અમારા ઉતારાની સગવડ કરી હતી. રામપુરથી બે માઈલ દૂર સીતાપુર જે કેદારનાથની તળેટી કહી શકાય ત્યાં અમારો ઉતારો એક ખાદી ઉદ્યોગના મકાનમાં હતો. માટીનું કાચું પણ પ્રમાણમાં સારું ઘર હતું. અહીંયા ઉતારા માટે આ પ્રકારના મકાનો હોય છે. રસ્તા પર થોડે દૂર કુદરતી હાજત માટે કંતાનથી બાંધેલી વ્યવસ્થા કરવામાં આવી છે.

યાત્રા માટે આ ઋતુ વધુ અનુકુળ ગણાય છે. એટલે માર્ગમાં કોઈ કંડીમાં, એટલે ગોળ મોટો ઉભો કરંડિયો એક બાજુથી કાપેલો, તેમાંથી પગ બહાર કાઢી બેસવાનું, એકજ કુલી તેને પીઠ પર ઉચકીને ચઢે. કોઈ દંડીમાં, દંડી એટલે ખુરશી જેવી બેઠક ચાર કુલી ઉચકે પણ વધારાના બે કુલી સાથે રહે અને અદલાબદલી કરે. કોઈ ઘોડા પર તો કોઈ પગપાળા સારાયે માર્ગ પર યાત્રાળુઓ જય કેદાર, જય ભોળાનાથ કરીને એક બીજા આવકારે.

સૌ પ્રથમ પાંચ માઇલ પર ગૌરી કુંડ આવે. યાત્રાળુઓ ગરમ પાણીના આ કુંડમાં સ્નાન કરી, થાક ઉતારી ચટ્ટીમાં ઉદરપૂર્તિ કરી આગળ વધે.

આખાયે રસ્તે થોડે થોડે અંતરે આવી ચટ્ટીઓ આવે. ચટ્ટી એટલે ચટાઇથી બાંધેલી કાચી ધર્મશાળાઓ. તેમાં પૂરી, શાક, ભજીયા, બાફેલા–સૂકાચણાં, જલેબી, ચા અને દૂધ મળી રહે. આરામ માટે ચટાઇઓ અને રજાઈઓ પાથરી હોય. મોટા ભાગે પગપાળા જનાર યાત્રાળુઓ એકજ દિવસે સળંગ યાત્રા ન કરે. સાત કે નવ માઈલ પર એકાદ ચટ્ટીમાં વિસામો લે અને બીજે દિવસે ચઢે. અમે તો તેજ દિવસે પહોંચવાનો સંકલ્પ કરેલો તેથી એક ચટ્ટીમાં થોડો આરામ લઈ ઉદરપૂર્તિ કરી આગળ વધ્યા.

પહાડ એટલે કયાંક થોડું વાંકુ તો કયાંક સીધું ચઢાણ આવે. ઉપર જઇએ એટલે ચઢાણ વધે. કુદરતી સૌંદર્યનો તો લખલૂંટ ખજાનોજ જોઇલો. કોઈ ભાગમાં હાથમાં બરફ લઈ શકાય, વાદળાને રમતાં જોઈ શકાય, હવાની ઠંડક વધે, પાણીના ઝરણાં વહે, જાણે કુદરત તેના વિવિધ વાજિંત્રોથી ગાજતી હોય તેવું લાગે.

બરાબર ૨ વાગે અમે કેદારનાથ પહોચ્યા. આ સ્થળ ૧૩૦૦૦ ફીટની ઉંચાઇએ છે. જેમ ઉપર જઈએ તેમ હવા પાતળી થતી

જાય તેથી કોઈકને શ્વાસની તકલીફ થઈ આવે. તેમાંય કરા, વરસાદ અને તોફાન વણનોતર્યા પધારે. અમે પહોંચ્યા ત્યાં તો વર્ષારાણીએ અમારું સ્વાગત કર્યું.

અમારું નિવાસસ્થાન પાકા મકાનમાં ઉપરનામાળે પાણી, બાથરૂમ અને જાજરૂની સારી સગવડવાળું હતું. આટલી ઉંચાઇએ આવી સગવડ જોઈ ખૂબજ નિરાંત અનુભવી. જો કે સામાન્ય રીતે બીજા મકાનો ચટ્ટીથી બાંધેલા હતા. થોડાંજ મકાનો પાકા બાંધેલા હતાં.

અમે સૌ થાકેલા તો હતાંજ. થોડીક વ્યવસ્થા કરી સાંજની ખીચડી પકાવી સૌ જમ્યા. અને મોટી સગડી સળગાવી થોડી હૂંફ મેળવી સૂતા. બહાર નીકળવાનું સાહસ થાય તેવું ન હતું.

બીજે દિવસે સવારે અમે સૌ મંદિરના દર્શન કરવા ગયા. દરેક તીર્થસ્થાને પંડાપ્રથા તો ખરીજ. પંડાજીના સહકારથી છેક ગર્ભદ્વારમાં જઇને દર્શન કર્યા. પહાડની એક મોટી શિલા તે સ્વયંભૂ લીંગ. દંત કથા એવી છે કે આદિ શંકરાચાર્ય એક હજાર શિષ્યો સાથે એક વર્ષ આ સ્થળે સાધના કરવા રહ્યા હતાં. બદ્રીનારાયણના મંદિરની તુલનામાં કેદારનાથના મંદિરની કુદરતી રચના આકર્ષક છે. હિમશિખરોની છાયામાં મંદિર ઉભું હોય તેવું દશ્ય છે. મંદિરથી ખૂબજ નજીક ઉંચા ઉંચા ધવલગીરીના દર્શન થયા જ કરે.

અમે આખા દવસમાં થોડીવારજ બહાર નીકળતા. સારોય દિવસ સગડીની હૂંફમાં પસાર કરતાં. સાથે કોઈ નોકર લઇ ગયા ન હતા તેથી થોડુંક કામ કરતાં. સવાર સાંજ રસોઇ કરતાં. બહેનશ્રી સાથે આખા પ્રવાસ દરમ્યાન નિરાંતે બેસવાના આ ત્રણ દિવસ મળ્યા હતા. તેમની સાથે ચર્ચા વિચારણા થતી, ભજન ગાતાં એકાંતે ચિંતન કરતાં અને ખૂબજ પ્રસન્નાથી દિવસ પસાર કરતાં ખૂબજ પ્રસન્નતાથી દિવસ પસાર કર્યા.

બહેનશ્રી ઠંડીના પ્રદેશમાં વધુ રહે છે. હિમાલય તેમનો પ્રિય પ્રદેશ છે. હિમાલયના દર્શન થતાં જ તેમની મુકતતામાં અને જીવનની ગતિમાં નવુંજ દર્શન દેખાય છે. તીર્થમાં શ્રદ્ધા પણ ખરી. આવા ક્ષેત્રમાં વૈજ્ઞાનિક રીતે રહેવાની તેમની સલાહ ખૂબજ લાભ-કારી નીવડતી.

રોજ સવારે સૂંઠની ગોળી લેવાનું તેમનું સૂચન થતું. અને સાંજે કસ્તુરીની ગોળી લેવાની. આ બંને વસ્તુઓ ઠંડીના પ્રદેશ ખૂબ જ ઉપયોગી બનતી. શરીરમાં ગરમાવો આપતી અને ઠંડીને કારણે શારીરિક કોઇ તકલીફ ઉભી ન થતી. પાતળી હવા, વરસાદ અને અતિશય ઠંડીને કારણે બહાર નીકળવાનું સાહસ ન કરતાં, જો કે બે વાર દર્શન કરવા નીચે આવતાં ખરા.

પૂરા ત્રણ દિવસ રહી અમે તા. ૩૧મીએ સવારે પાંચ વાગે નીકળી રસ્તામાં ચટ્ટીમાં ઉપહાર કરી બપોરે ૧૨ વાગે રામપુર આવી પહોંચ્યાં. પૂરી-શાક બનાવરાવી જમી ત્રણ વાગે ગેટની સાથે રવાના થયા. કેદારનાથ જવા નીકળ્યા ત્યારે જ ગુપ્તકાશીના મનોરમ્ય ગેસ્ટહાઉસમાં એક રાત રોકાવાનો સંકલ્પ કર્યો હતો તેથી પાંચવાગે પહોંચી ગુપ્તકાશી રોકાઈ ગયા. રસોઈ કરી જમી પરવારી રાતે સૂઇ ગયા.

તા. ૧-૬-૭૧ના રોજ સવારે ગુપ્તકાશીથી નીકળી સાંજે હરદ્વાર કનખલ સન્યાસ આશ્રમમાં પહોંચ્યાં. અતિશય ઠંડી હવા માણ્યા પછી રામપુરથી જ ગરમી શરૂ થઇ ગઈ. આશ્રમના સંન્યા-સીઓ અને ગુરૂજીએ ખૂબજ પ્રેમથી આવકાર આપ્યો. રાત્રી ત્યાં ગાળી. તા.૨જીના રોજ સવારે બહેનશ્રીના ભાઈ જે દહેરાદુનમાં મીલીટરી એરફોર્સમાં હતા તેમને ત્યાં પહોંચ્યાં. આકકા તથા

બાપુ સાહેબ અહીં રોકાયા હતા. તેમની સૌની સાથે ભોજન લીધું. હું, કલ્યાણભાઈ, ભાભી તથા પ્રભાબહેન ચારેય બપોરે મસુરી જવા રવાના થયા. તા. ૩જી એ સવારે મસુરીના કેટલાક સ્થળો જોઇ બપોરે ૧૨ વાગે કલ્યાણભાઈને દહેરાદુન બહેનશ્રી પાસે ઉતારી રવાના થયા. સાંજે સાત વાગે દિલ્હી ગુજરાત ભવન પહોંચ્યાં. રાતે આરામ કર્યો. બહેનશ્રી તથા કલ્યાણભાઈ દહેરાદુનથી વાતાનુકુલિત ડબ્બામાં દીલ્હી આવવા રવાના થયાં. તેઓનો ઉતારો મૃદુલાબહેન સારાભાઇને ત્યાં હતો. તા. ૪થીએ અમે સૌ મૃદુલાબહેન સારાભાઈને ત્યાં ભેગા થયાં. સૌ સાથે જમ્યાં. રાતે જ બહેનશ્રી તથા પ્રભાબહેન ટ્રેન દ્વારા માઉન્ટ આબુ જવા રવાના થયાં. અમે તા. ૫મીએ સવારે ચાર વાગે મોટર દ્વારા દિલ્હીથી રવાના થયાં. બહાર નીકળેલો ઘોડો જયારે ઘર ભણી પાછો વળે ત્યારે તેની દોડ ઝડપી બને તેમ અમે પણ મોટર હંકારેજ રાખી. નાના નાના ગેસ્ટહાઉસમાં આરામ કરો તોય ગરમી તો ખરીજ. ઓરડામાં બેસો તોય ગરમ હવા અને ગાડી હંકારો તોય ગરમ હવા મળવાની છતાં ગાડી હંકારવાથી રસ્તો કપાય.


તેથી આવશ્યક ક્રિયાઓ પતાવી મુસાફરી ચાલુ રાખી. તા. ૬–૫–૭૧ ના રોજ બપોરે અમદાવાદ આવી પહોંચ્યા.

અમારો આ પ્રવાસ સતત ઘૂમવાનોજ રહ્યો. તેથી ડેલહાઉસી કે નારાયણ આશ્રમની જેમ રીતસરનો અધ્યયન કે ધ્યાનનો કોઈ નિયતક્રમ થયો ન હતો પરંતુ કેદારનાથમાં મળેલા ત્રણ દિવસ દરમ્યાન બહેનશ્રીના જીવનના અનુભવો સાંભળવાની સુંદર તક પ્રાપ્ત થઈ.


# (૪) સિલોન (શ્રીલંકા)

સિલોનનું મૂળ નામ શ્રીલંકા છે. સ્વાતંત્ર્ય પ્રાપ્ત કર્યા પછી અહીંની પ્રજાએ તેને તેના મૂળ નામથી અપનાવ્યું છે. શ્રી વિમલા બહેનના શ્રીલંકાના પ્રવાસનું આયોજન ચર્ચાસભાઓ, વ્યક્તિગત સંપર્ક અને ધ્યાનશિબિર માટે કરવામાં આવ્યું હતું. શ્રીલંકાના બે સજ્જનોએ બે વર્ષ પહેલાં બહેનશ્રીના પુસ્તકો વાંચ્યા, તેમાંથી પ્રેરણા મેળવી અને તેઓએ બહેનશ્રીને શ્રીલંકા આવવા માટે આમંત્રણ આપ્યું. તેમના આ આમંત્રણને લક્ષમાં લઈ બહેનશ્રીએ ત્રણ સપ્તાહનો કાર્યક્રમ નક્કી કર્યો. શ્રીલંકાની સરકારના સહકારથી અહીંના સેનેટના પ્રમુખશ્રીએ બહેનશ્રીને એક મુખ્ય મહેમાન તરીકે આમંત્રણ આપ્યું હતું. બહેનશ્રીના આ કાર્યક્રમ માટે "વિમલા ઠકાર ફેલોશીપ" અને "વિમલા ઠકાર રીસેપ્શન કમિટી" ની રચના કરવામાં આવી હતી. આ કમિટીમાં લોકસભાના સદસ્યો અને સ્થાનિક આગેવાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

તા. ૨૩–૨–૭૧ ના રોજ અમે મુંબઈથી એર સિલોનના વિમાનામાં શ્રીલંકા જવા રવાના થયાં. અમારો કાર્યક્રમ ત્રણ સપ્તાહનો હતો. બહેનશ્રી પ્રથમ જ વાર શ્રીલંકા આવતા હતા. મારા માટે તો આ પરદેશનો પ્રવાસ પ્રથમ વારનો હતો. કોલંબો એરપોર્ટ ઉપર શ્રીલંકાના અગ્રગણ્ય નાગરિકોએ બહેનશ્રીનું ખૂબ જ આદરપૂર્વક અને ઉમળકાભર્યું સ્વાગત કર્યું. એકબીજાનો પ્રત્યક્ષ પરિચય તો હતો જ નહિ, છતાં તરત જ સૌ એકબીજા મૈત્રીભાવે હળી-



શીવ મંદિર ત્રિંકમલી શ્રીલંકા



મળી ગયા હતા. સરકારશ્રી તરફથી સુરક્ષાખાતાના અધિકારી હાજર રહ્યા હતા.

કોલંબો એરપોર્ટ પરથી અમારો ઉતારો ૨૨ માઇલ દૂર હતો. માર્ગમાં આવતાં નાનાં નાનાં ગામડાંઓ વટાવી રાત્રે ૮-૪૫ વાગે અમે અમારા નિવાસસ્થાને પહોચ્યાં. કાર્યક્રમના સંચાલકો અને યજમાન ખૂબ માયાળુ હતા. અમારું નિવાસસ્થાન સુસજ્જ તો હતું જ; પરંતુ તેઓની સરભરા અને નાનામાં નાની વસ્તુ માટેની કાળજી જોઇ અમે ખૂબજ પ્રસન્નતા અનુભવી.

તા. ૨૪-૨-૭૧થી અમારા કાર્યક્રમની શરૂઆત થઈ. બહેનશ્રીના પત્રવ્યહાર અનુસાર કલ્પના એવી હતી કે નાની ચર્ચાસભા, ધ્યાન શિબિર અને વ્યકિતગત મુલાકાતનો કાર્યક્રમ સંચાલકોએ ગોઠવ્યો હશે; પરંતુ તેમણે તો મોટી જાહેરસભાઓ ગોઠવી હતી. આમ જાહેરસભાની મોટી જનસંખ્યાને પરિણામે વ્યકિતગત મુલાકાતીઓની નામાવલિ ખૂબ જ મોટી બની હતી. એકજ દિવસે ૫૦થી ૬૦ વ્યકિતઓએ મુલાકાત માગી હતી. આમાંથી સંચાલકોએ આનો માર્ગ કાઢી બધાને સાથે બોલાવી એક સંયુકત ચર્ચાસભા ગોઠવી હતી. ચાર દિવસ સારી રીતે પ્રશ્નોત્તર થયા હતા. આ ઉપરાંત ઉત્કંટ જિજ્ઞાસુઓની વ્યકિતગત મુલાકાતો ગોઠવવામાં આવી હતી. પ્રથમ દિવસની પ્રવચનસભા બુદ્ધ કોંગ્રેસ હોલમાં હતી. આ હોલના સ્ટેજ પર બૌદ્ધ ધર્મગુરૂનું આસન કે જેનો ઉપયોગ અન્ય કોઇ ધર્મગુરુ કે ઉપદેશક માટે કરવામાં આવ્યો ન હતો, તે આસન બહેનશ્રીને માટે મૂકવામાં આવ્યું હતું. તેમ જ બૌદ્ધ ભિક્ષુઓ આ સભામાં હાજર રહ્યા હતા. આ સભાઓમાં ધારાસભ્યો, એલચીઓ, કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનના ચેરમેન તથા અનુયાયીઓ, સેનેટના પ્રેસિડન્ટ, સરકારી અધિકારીઓ વગેરે ઉપસ્થિત થયા.

હતા. જુદા જુદા સ્થાને જાહેર સભાઓ થતી જેમાં મોટી સંખ્યામાં શ્રોતાઓ સાંભળવા આવતા.

શ્રીલંકામાં એની બેસન્ટનાં પ્રવચનો બાદ ઘણા વર્ષે આધ્યાત્મિક પ્રવચનોના સ્ત્રીપ્રવક્તા બહેનશ્રી પ્રથમ જ હતા. અહીંના સંચાલકોએ બહેનશ્રીના પ્રવચનોને "સમગ્ર ક્રાંતિ" તરીકે જાહેરાત આપી હતી. બહેનશ્રીના પ્રવચનના મુખ્ય મુદ્દાઓ એ હતા કે "આજે માનવીનું જીવન ખંડિત બની ગયું છે. સવારથી રાત સુધી તેનાં મન અને બુદ્ધિ કેવી રીતે કામ કરે છે તેની તેને જાણ નથી. સૂક્ષ્મ કે સ્થુલ વિચારો, વિકારો, ક્રિયાઓ અને પ્રતિક્રિયાની શરીર અને મન પર રાસાયણિક (કેમીકલ) અસર શું થાય છે, તે માત્ર મન અને બુદ્ધિથી સમજવાનો વિષય નથી. તે માટે પોતાની જાતનું સમગ્રપણે નિરીક્ષણ કરવું આવશ્યક છે" વિગેરે.

આ ઉપરાંત સરકારી અધિકારીઓની સભામાં દેશનો વિકાસ કેવી રીતે થાય, પ્રજા સાથે કેવી રીતે કામ કરવું વિગેરે પ્રશ્નોની છણાવટ થઇ હતી. બહેનશ્રીએ વ્યક્તિગત પરિવર્તન પર ખૂબ જ ભાર મૂકયો હતો. તેમણે સમજાવ્યું કે "પ્રત્યેક વ્યક્તિની સમગ્ર ક્રાંતિ થશે તો જ સમાજનો સમગ્ર વિકાસ શકય બનશે. વ્યક્તિ રૂગ્ણ હશે ત્યાં સુધી સમાજનો કે દેશનો સમગ્ર વિકાસ શકય નથી" માઓ, માર્કસ, ગાંધીજી અને વિનોબાજી વિશે પ્રવચનની માંગણી હોવાથી એક દિવસ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે આ વિષયને સ્પર્શતો વાર્તાલાપ ગોઠવ્યો હતો.

કોલંબોમાં અમે દસ દિવસ રહ્યાં અને આજુબાજુના જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી. ખાસ કરીને અહીંનું બૌદ્ધ મંદિર ધ્યાન ખેંચે તેવું હતું. તે મંદિરના એક ખંડમાં ભગવાન બુદ્ધની શયનમુદ્રામાં લગભગ ૨૦ ફૂટ જેટલી લાંબી પ્રતિમા હતી. બીજી

પદ્માસનવાળી નિરીક્ષણ કરતી મુદ્રામાં અને ત્રીજી ઊભેલી મુદ્રામાં લગભગ ૨૦ ફૂટ જેટલી ઊંચી પ્રતિમા હતી. આ ખંડની બહાર બુદ્ધભગવાનના ૨૪ અવતારનું દર્શન કરાવતી ૨૪ પ્રતિમાઓ હતી. જે લગભગ એકસરખી હતી તેનાં દર્શન કર્યાં. આ ઉપરાંત ભગવાન બુદ્ધના ભાવિ અવતારની પ્રતિમા જોઈ. બધી જ દિવાલો ભગવાન બુદ્ધના અદ્‌ભૂત જીવનપ્રસંગો અને કથાઓથી ચિત્રિત હતી. આ મંદિરની સ્થાપના ૧૯૩૦માં કરવામાં આવી હતી.

સાંજે સભામાંથી પાછા ફરતાં અમે કોલંબોના ગોલફેસ બ્રીજ પર ફરવા જતાં. આ સમુદ્રપટ અત્યંત રળિયામણો છે. અહિં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે ખૂબ સુંદર અને ભવ્ય માઉન્ટ લીનીવિયા હોટેલ જોઈ, ત્યાંથી કોલંબો શહેરનું સમગ્ર દર્શન થાય છે. અને સૂર્યાસ્ત પણ સરસ રીતે નિહાળી શકાય છે. અન્ય ઔદ્યોગિક શહેરોની જેમ કોલંબોમાં મોટા ભાગની સ્ત્રીઓ પ્રમાણમાં મહેનતુ અને ઉદ્યમી હોવાથી કાંઈ ને કાંઈ કામમાં પ્રવૃત્ત રહે છે સ્ત્રીઓ દ્વારા જ ચાલતી સ્ક્રીન પ્રિન્ટ સાડીઓની વર્કશોપ જોઈ. અમે અહિંના હેન્ડીક્રાફ્ટ એમ્પોરિયમમાંથી તથા મલ્ટીપરપઝ સ્ટોરમાંથી થોડી ખરીદી કરી. કોલંબો પ્રમાણમાં નાનું પરંતુ મુંબઇને મળતું શહેર લાગે. અહિંના બજારનો કેટલોક ભાગ કોલાબા જેવો અને કેટલોક ક્રાફર્ડ મારકેટ જેવો લાગે. અસલના ડચ લોકોના સમયનાં મકાનોનો ઉપયોગ આફિસો માટે કરવામાં આવે છે. શ્રીલંકાના ઘણાં સ્થળોએ બૌદ્ધ ભગવાનની ધ્યાનસ્થ પ્રતિમાનાં દર્શન થયા જ કરે છે.

કોલંબોથી ૧૫ માઈલ દૂર એક નાના ગામ કડવથેમાં બે દિવસ માટે સમૂહ જીવન શિબિર યોજવામાં આવી હતી. સંચાલકો પૈકીના એક ગૃહસ્થની આ વસાહતમાં આવેલા એક સુંદર મકાનમાં

અમારી રહેવાની સગવડ કરવામાં આવી હતી. લગભગ ૨૫ એકરમાં વિસ્તરેલું આ ક્ષેત્ર લગભગ આઠ જાતના નાળિયેરીના ઊંચા વૃક્ષોથી, સાતેક પ્રકારના કેળના વૃક્ષોથી અને ફણુસથી ઊંચા વૃક્ષોના ઠસોઠસ ભરેલું હતું.

આ શિબિરમાં સો જેટલા જિજ્ઞાસુ ભાઈ–બહેનો ઉપસ્થિત થયાં હતાં. સવારે સમૂહધ્યાન અને બહેનશ્રીનું પ્રવચન થતું. બપોરે ચર્ચાસભા ગોઠવાતી. રાત્રે ભજન થતાં. આ શિબિરમાં બહેનશ્રીએ સૌનું લક્ષ્ય દોર્યું છે કે "ધ્યાન એ કોઈ ક્રિયા નથી. મન અને બુદ્ધિની ચંચળતા શાંત થવી તે મૌન છે. આ મૌનવસ્થા તે ધ્યાનાવસ્થાનું દ્વાર છે. જીવનની પરાધીનતા જોઈ એવું લાગે છે કે માનવીનો ખરા માનવ તરીકે જન્મ થવાનો બાકી છે." બહેનશ્રીના હૃદયસ્પર્શી પ્રવચનના પ્રભાવથી કેટલાય જિજ્ઞાસુઓ તેઓને મળીને પોતાનું અંતર એમ જણાવીને બોલી જતા કે "આજ સુધી જે અમે કાંઇ વાંચ્યું–વિચાર્યું હતું તે તો સાવ ફીકું લાગે છે, અને આપે અમને નવીન જ દર્શન આપ્યું છે.

એક સજ્જને ખૂબ જ કૃતજ્ઞ થઈ જણાવ્યું કે "શ્રીલંકાની પ્રજા એકબીજાની સભામાં એટલે કે તામિલ પ્રજા સિંહલીઝની સભામાં જવાનું પસંદ કરતી નથી. આ કારણે સૌને સાથે રાખવા મુશ્કેલ બને છે, જ્યારે આપની સાથેની આ સમૂહજીવન શિબિરમાં સિંહલીઝ, બૌદ્ધ, તામિલ, મુસ્લિમ, પારસી, પરદેશીઓ, શ્રીકૃષ્ણ મૂર્તિના અનુયાયીઓ, બૌદ્ધ ભિક્ષુઓ, રાજકારણી નાગરિકો વગેરે આવ્યા હતા, જેનું સમાજીક, સાંસ્કૃતિક અને ધાર્મિક દષ્ટિએ હું ખૂબ જ મહત્ત્વ ગણું છું. "મા," દર વર્ષે શ્રીલંકા આવો અને ખરા કટોકટીના સમયે આ પ્રજા પર ઉપકાર કરો." તેમના મુખારવિંદ પર અનેરો આનંદ તરવરતો હતો. શિબિરમાં એક યુવાન

મુસ્લિમ યુગલ આવેલું. તેઓએ બહેનશ્રીનાં પુસ્તકો વાંચી પ્રેરણા મેળવી હતી. તેઓ ધ્યાનમાં બેસે છે, તેમ જ તેમણે "પરફેકટ પીસ લોજ" ના કેટલાંક સેન્ટરો દેશવિદેશમાં સ્થાપ્યા છે. આ યુગલે બહેનશ્રીને ઈન્ડોનેશિયા, મલયેશિયા વગેરે સ્થળોએ આવા કાર્યક્રમો ગોઠવવા માટે ખૂબ જ આગ્રહ કર્યો હતો. આ સમૂહજીવન અને સમૂહધ્યાનના પરિણામે કંઈક જિજ્ઞાસુઓના અંતરપડળ ખુલ્યા હશે! તેનો તો જે ત્યાં ઉપસ્થિત થયા હતા તેમણે પ્રત્યક્ષ અનુભવ કર્યો હશે. સમૂહજીવનનું વાતાવરણ જોઈ તથા જિજ્ઞાસુઓની ઉત્કંટતા જોઈ એમ લાગતું કે જાણે માનવજીવન પરિવર્તન પામી રહ્યું છે. બે કોમ્યુનિસ્ટ યુવતીઓએ બહેનની સાથેની અંગત મુલાકાતમાં જણાવ્યું કે " આ શિબિરમાં પ્રવચનોથી અમારી દષ્ટિ સાફ થઈ છે. આપના માર્ગદર્શનથી અમારી ઘણી મુંઝવણ ટળી છે."

કોલંબોનો દસ દિવસનો કાર્યક્રમ પૂરો કરી અમે કેટલાક મિત્રો સાથે હવાઈ જહાજમાં ત્રિંકમલી આવ્યા. અહિંના એરપોર્ટ ઉપર ગુરુકુળના સંન્યાસીની માતાજીએ બહેનશ્રીનો સત્કાર કર્યો હતો. કોલંબોથી ૧૬૦ માઇલ દૂર ત્રિંકમલી બંદર આવેલું છે. લગભગ ૨૫,૦૦૦ ની મિશ્ર વસતિનું, બંદરને કાંઠે કાંઠે નાની નાની ટેકરીઓ પર વસેલું આ શહેર ખરેખર ખૂબ જ રળિયામણું અને મનોહર છે. કંઈક અંશે આ સ્થળ યાત્રાનાં સ્થળ જેવું લાગે છે. અહીં શૈવ અને બૌદ્ધ મંદિરો તથા સંતોના આશ્રમો છે.

અમારી રહેવા માટેની વ્યવસ્થા એક સજ્જનની સુસજ્જિત "વેલકોમ" હોટલમાં કરવામાં આવી હતી. તદ્દન દરિયાની સામે એક નાની ટેકરી પર આ હોટેલ આવેલી છે. હોટેલમાં લશ્કરના એક ઓફિસર દંપતીએ બહેનશ્રીનો સત્કાર કર્યો. ત્રિંકમલીમાં ગમે ત્યાં ફરો–દરિયાના કાંઠે કાંઠે વાહનો આવ જા કરતા જ હોય.

૫

મુંબઈની જેમ ફૂટપાથનો અવરોધ ન મળે. એરપોર્ટ પર હવાઈજહાજ પણ પાણીના કાંઠે જ ઉતરે. ખરેખર આ એક અનેરું દર્શન હતું. સ્ટીમલોંચમાં બેસી અમે એક કલાક ઉપરાંત દરિયાની દસ માઈલની મુસાફરીની મજા માણી. આ બંદરેથી મોટી સ્ટીમરોની અવરજવર થાય છે.

પ્રથમ દિવસે સાંજે જાહેર સભા થઇ, જેમાં પેલા સંન્યાસીની માતાજીએ બહેનશ્રીનો પરિચય આપ્યો. બીજે દિવસે ચર્ચાસભા યોજાઈ. અહિંની પ્રજાનું માનસ વધુ રૂઢિચુસ્ત છે. સાંપ્રદાયિકતા પ્રમાણમાં વધુ છે. એટલે પ્રશ્નો પણ કર્મ, બંધન, જન્મ અને પુનર્જન્મ વિશે પૂછવામાં આવ્યા હતા. બહેનશ્રીના પ્રવચનનું તાત્પર્ય એ હતું કે "માનવી તેના પૂર્વસંસ્કારની સ્મૃતિઓથી બંધાઈ ગયો છે. વર્તમાન જીવન કરતાં પુનર્જન્મ અને મૃત્યુના પ્રશ્નોમાં માનવી વધુ રસ ધરાવે છે. તેથી માનવીને વર્તમાનમાં કેમ જીવવું તે સમજાતું નથી. બધામાં પોતાની સલામતી સુરક્ષિત રાખવાની ચિન્તામાં તે પરાધીન બન્યો છે. તે સલામતી-આર્થિક, રાજકીય, સામાજિક કે ધાર્મિક ગમે તે હોય પરંતુ આ બધી સલામતીની સુરક્ષામાં માનવી પોતાની સ્વાધીનતાની કિંમત ચૂકવી પોતાનું શોષણ કરાવે છે અને કરે છે. જીવન કેવી રીતે જીવવું, મન અને બુદ્ધિ એ સાધન છે તેને કેવી રીતે ચલાવવા તેનું જ્ઞાન હોવું જરૂરી છે. ઘરમાં એક પ્રકારે, ધંધામાં બીજે પ્રકારે, મંદિર કે મઠમાં ત્રીજે પ્રકારે જીવન જીવવામાં કોઈ સંવાદિતા નથી, કોઈ સંગીત નથી. સમગ્ર પ્રેમ વગર જીવનમાં સાચું સંગીત ઉઠતું નથી."

હોટેલના માલિક, ગુરૂકુળના સંન્યાસીશ્રી, મંદિરના ટ્રસ્ટી વગેરે તો ખૂબ જ ભક્તિમય બની ગયા હતા. મુલાકાતીઓની

અવરજવરે હોટલને એક તીર્થસ્થાન બનાવી દીધું હતું. આમેય તે અમારી યાત્રા એક તીર્થયાત્રા જ હતી ને?

અહિં એક એવી દંતકથા પ્રચલિત છે કે રાવણ એક મહાન સાધક હતો અને તે શિવોપાસના કરવા કૈલાસ ગયો હતો. શિવે પ્રસન્ન થઇ તેને લિંગ આપ્યું હતું. રાવણે ત્રિંકમલીનાં દરિયા કાંઠે એક મંદિર બાંધી આ લિંગની સ્થાપના કરી હતી. ડચ લોકોએ જ્યારે આ પ્રદેશ ઉપર હુમલો કર્યો ત્યારે આ મંદિરનો નાશ કર્યો હતો. ત્યાર બાદ શૈવભક્તોએ (મોટે ભાગે તામિલ પ્રજાએ) આ મંદિરની પુનઃ સ્થાપના કરી હતી. તેમાં વિધિપૂર્વક પૂજા કરવામાં આવે છે. મંદિરના ટ્રસ્ટી સાથે બહેનશ્રીએ તથા અમે સૌએ આ પૂજામાં ભાગ લીધો હતો. આ મંદિરનું ક્ષેત્રફળ ખૂબ જ વિશાળ છે; પરંતુ મોટા ભાગના મકાનો અને જગ્યા સરકારી કચેરીઓએ જપ્ત કરેલી છે.

ગુરુકુળમાં માતાજીને મળ્યા. એક નાના બૌદ્ધ મંદિરના દર્શન કર્યા. હાર્બર પોર્ટ જે ૬૦૦ એકરની વિશાળ જગ્યામાં એક નગરની જેમ વસેલું છે તેની પણ મુલાકાત લીધી. ડચ લોકોના વખતનાં મકાનો, તૂટેલી તોપો હજુ અહિં જોવામાં આવે છે. હાલ આ સ્થળે આર્મીના લગભગ ૧૨૫ કુટુંબો રહે છે અને આ નગરનો ઘણો વિકાસ કરવામાં આવ્યો છે. આર્મીના મુખ્ય અધિકારી દંપતીએ અમારી સાથે ફરી અમને આ સ્થળની વિગતવાર માહિતી આપી હતી.

ત્રિંકમલીનો કાર્યક્રમ પૂરો કરી, સૌની ભાવભીની વિદાય લઈ અમે હવાઇ જહાજ દ્વારા લગભગ ૧૨૫ માઈલ દૂર જાફના પહોંચ્યાં. જાફના શ્રીલંકાનું ૮૦,૦૦૦ ની વસતિ ધરાવતું નાનું શહેર છે. મોટા ભાગની પ્રજા તામિલી છે. શ્રીલંકાનો અધો જ વિસ્તાર

સામાન્ય રીતે રળિયામણો છે. તેના પ્રમાણમાં જાફના સુકો પ્રદેશ ગણી શકાય. તે છતાં, ચારે બાજુ હરિયાળી વાડીઓના દર્શન તો થાય જ છે, કારણકે જયાં જુઓ ત્યાં નાળિયેરી, અનનાસ અને કેળના વૃક્ષો તો હોય જ છે. અહીં તમાકુની ખેતી પણ થાય છે.

જાફનામાં અમારું એક દિવસનું રોકાણ હતું. સરકારી અધિકારીઓની એક સભા અને એક જાહેર સભાનો કાર્યક્રમ હતો. અહિંની તામિલ પ્રજાનું માનસ રૂઢિચુસ્ત હોવા છતાં સભામાં સ્ત્રીઓની સંખ્યાનું પ્રમાણ સારું હતું. પ્રવચન સાંભળ્યા બાદ ત્રણ પરદેશી યુવતીઓ અમારો ઉતારો શોધતી રાત્રે નવ વાગે બહેનશ્રીને મળવા આવી. પોતાના ઘરબાર છોડી ભારતનું ભ્રમણ કરી આ ત્રણ યુવતીઓ જાફનાથી નવ માઈલ દૂર એક આશ્રમમાં સાધના કરવા આવી હતી. બહેનશ્રીના પ્રવચનથી પ્રભાવિત થઈ તેમણે બહેનશ્રીની ભારતમાં યોજાતી ધ્યાનશિબિરમાં આવવા ઈચ્છા દર્શાવી. અચેતન અને ચેતન મન વિષે કેટલીક ચર્ચા કરી તેઓએ સંતોષ પામી વિદાય લીધી.

અમે બીજે દિવસે જાફનાથી હવાઈજહાજમાં કોલંબો થઈ ટ્રેઈન દ્વારા સાંજે કેન્ડી પહોચ્યાં. કેન્ડી જવાનો આખો રેલમાર્ગ અત્યંત રળિયામણો છે. જાણે ગીચ જંગલોમાંથી પસાર થતા હોઈએ તેવું લાગે. કેન્ડી બે હજાર ફૂટની ઊંચાઈ પર આવેલું છે. આ પ્રદેશની આબોહવા સામાન્ય રીતે ઠંડી છે. વરસાદ અહીં ગમે તે સમયે આવે છે. ટ્રેઈનમાં પસાર થતાં માર્ગમાં આવતાં નાનાં નાનાં ગામો નજરે પડતાં. ગામોના દરેક ઘરના આગળના ભાગમાં નાળિયેરી અને કેળનાં વૃક્ષો સારા પ્રમાણમાં હોય જ. નાના ઘરના

નાના આંગણામાં પણ છેવટે બે ચાર નાળિયેરી કે બે ચાર કેળ તો હોય જ. ફણુસ ન ઊંચા ઊંચા ઝાડ તેમની સુંદરતામાં વધારો કરતા હોય છે.

કેન્ડીમાં તળાવના કિનારે એક બેંકના વિશાળ મકાનમાં અમારો મુકામ હતો. રિસેપ્શન કમિટીના આઠેક ભાઈબહેનો અમારી સાથે જોડાયાં હતાં. દરેક જગ્યાએ યજમાનની સરભરા, આદર અને પ્રેમ જોઈ કૃતજ્ઞ થઈ જવાતું.

બીજે દિવસે સવારે જાહેર સભા થઈ. અહિં એક પરદેશી બૌદ્ધ સાધુને મળવાનું થયું. બુદ્ધ ભગવાનના દાંત જે મંદિરમાં રાખવામાં આવ્યા છે તે મંદિરનાં દર્શન કર્યાં. કેન્ડીમાં બૌદ્ધ ભિક્ષુકોનો મુખ્ય વસવાટ ગીચ ઝાડીઓમાં હોય છે. નાના મકાનોમાં રહી તેઓ સાધના કરે છે. અહિંયા એક યુનિવર્સિટી છે. તેની રચના ખૂબ જ આકર્ષક રીતે કરવામાં આવી છે. આ યુનિવર્સિટીના વિસ્તારમાં હિંદુ ધર્મના વિદ્યાર્થીઓ માટે હિંદુ મંદિર, બૌદ્ધ ધર્મના વિદ્યાર્થીઓ માટે બૌદ્ધ મંદિર અને ખ્રિસ્તી વિદ્યાર્થીઓ માટે દેવળની સ્થાપના પણ અલગ કરવામાં આવી છે. અહીંના બોટેનિકલ ગાર્ડનની મુલાકાત લીધી. કેન્ડીથી અમે પાછા કોલંબો ગયા અને ત્યાં સાંજે બૌદ્ધ મંદિરમાં બૌદ્ધ ધર્મગુરુને મળ્યા. શ્રીલંકાથી તા. ૧૩-૩-૭૧ના રોજ સવારે ત્યાંના લોકોની ભાવભીની વિદાય લઈ મુંબઈ જવા રવાના થયા.

શ્રીલંકાની સામાન્ય માહિતી પણ જાણવી જરૂરી છે. ગુજરાતીમાં એક કહેવત છે કે "લંકાની લાડી અને ઘોઘાનો વર." એ અંગેની દંતકથા એવી છે કે સૌરાષ્ટ્રના ઘોઘા બંદરનો વિજયસિંહ નામનો એક રાજકુંવર રિસાઇને દરિયાવાટે નાસી ગયેલો. તે સિલોન (શ્રીલંકા) દેશમાં આવ્યો અને તેણે અહિંની કુંવરી

સાથે લગ્ન કર્યાં અને અહિંજ સ્થિર થયો. તેના નામ પરથી સિંહલદ્વીપ નામ પડેલું અને તેને અપભ્રંશ થતાં તે શ્રીલંકા નામમાં રૂપાંતર પામ્યું. વળી પાછું અંગ્રેજોના સમયમાં તે સિલોનના નામે પ્રસિદ્ધ થયું. ત્યાર બાદ સ્વાતંત્ર્ય હાંસલ થતાં હવે તેનું બંધારણિય નામ શ્રીલંકા પ્રચાર પામતું જાય છે.

૧૯૪૭માં ભારતે આઝાદી મેળવી ત્યાર બાદ કશા જ સંઘર્ષ વગર ૧૯૪૮માં બ્રિટીશરો પાસેથી શ્રીલંકાએ સ્વતંત્રતા પ્રાપ્ત કરી હતી. તેની વસતિ માત્ર ૧,૮૦,૦૦,૦૦૦ની છે એટલે ગુજરાત રાજ્ય કરતાં પણ નાનું છે. અહિંની વસતિ મુખ્યત્વે બૌદ્ધ, તામિલ, અને સિંહલીઝની છે. ખ્રિસ્તી, મુસ્લીમ વગેરેની મિશ્ર વસતિ પણ ખરી. મોટા ભાગની પ્રજા માંસાહરી છે. આ દરેક જાતિઓના સામાજિક વ્યવહાર જુદા જુદા છે. તામિલ પ્રજા રૂઢિઓને સાચવી રહી છે, અને પ્રમાણમાં સાદું જીવન ગાળે છે. તે છતાં રહેણી-કરણીમાં પશ્ચિમની અસર ઘણી છે. એ કારણે સુઘડતા અને શિસ્ત પણ સારા પ્રમાણમાં વિકસેલાં છે. આધુનિક પહેરવેશની સાથે તેમનો અસલનો પહેરવેશ લુંગી હજુ જળવાઈ રહ્યો છે.

ભારતદેશના વિસ્તારના પ્રમાણમાં શ્રીલંકા ઘણો નાનો બેટ છે. અન્ય દેશોની જેમ અહિંયા પણ સામાજિક, રાજકીય, આર્થિક સાંપ્રદાયિક અને વર્ગભેદના પ્રશ્નો તો છે જ. તે છતાં શિક્ષણનું પ્રમાણ ૯૮ ટકા જેવું હોવાથી અને કદમાં નાનો દેશ હોવાથી ઝડપી વિકાસ થવાનો પૂરો સંભવ છે. અહિં પૂર્વપ્રાથમિકથી યુનિવર્સિટી સુધીનું શિક્ષણ માફીના ધોરણે અપાય છે. તબીબી સારવાર પણ વિનાવળતરે આપવામાં આવે છે. હાલ આ દેશનું બંધારણ લોક-શાહી ઢબનું તૈયાર થઇ રહ્યું છે. મતભેદો ઘણા છે. મૂળ સિંહલી-ઓનો તામિલ પ્રત્યેનો વર્ગદ્વેષ પણ ચાલુ છે. તે છતાં ૧૯૭૨થી

લોકશાહી પદ્ધતિનું બંધારણ અમલમાં આવશે એવી આશા રાખવામાં આવે છે. હાલ તો ગવર્નર જનરલ અને રાણી માત્ર નામનું જ અસ્તિત્વ ધરાવે છે. વડાપ્રધાન અને પાર્લામેન્ટ દ્વારા જ રાજકીય વહીવટ ચાલે છે.

શ્રીલંકામાં ગ્રામવિકાસનાં કામો સારા પ્રમાણમાં હાથ ધરવામાં આવ્યા છે. તેના પરિણામે દરેક ગામે બસ સર્વીસની વ્યવસ્થા છે. વીજળી પણ લગભગ ઘણા ગામોમાં પહોંચી છે. દરેક ગામોમાં શાળાઓ તો છે જ. અહિંની સિંહલીઝ ભાષામાં ગુજરાતી, બંગાળી, સંસ્કૃત, પ્રાકૃત વગેરે ભાષાઓનું મિશ્રણ છે. અત્યાર સુધી અંગ્રેજી ભાષાનું પ્રાધાન્ય વધુ હતું. હવે તેઓએ માતૃભાષાને માધ્યમ બનાવી તેની અગત્યતા વધારી છે. અને અંગ્રેજી ભાષાને બીજી ભાષાનું સ્થાન આપવામાં આવ્યું છે. અહિં ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ પણ સારો થયો છે. હાલની સરકારે પરદેશથી આવતી તૈયાર વસ્તુઓની આયાત ઉપર ખૂબ જ કડક પ્રતિબંધ મૂકયો છે. છેલ્લા કેટલાક વર્ષોથી મોટરો આયાત કરવાનો પ્રતિબંધ છે કાચો માલ આયાત કરી તેમાંથી તૈયાર માલ બનાવવા પર વધુ જોર અપાઈ રહ્યું છે. અને તેથી જ ઉદ્યોગોનો વિકાસ ઝડપી બન્યો છે. કો–ઓપરેટીવ સોસાયટીનો વિકાસ સારો થયો છે. અહિંયા કાજુ, નાળિયેર, તેમાંથી બનતી ચીજો, કેળા, અનેનાસ, ચા, તથા તજ, લવીંગ, જાયફળ જેવા તેજાના પુષ્કળ પ્રમાણમાં થાય છે. જેની મોટા પાયા પર નિકાસ કરવામાં આવે છે. ફળફળાદિ, શાકભાજી સારાં થાય છે. ખોરાકમાં ચોખાનું પ્રાધાન્ય વિશેષ ખરું અને તેથી અહીંની ગૃહિણીઓએ ચોખાની વિવિધ વાનગીઓ બનાવવાનું પ્રાવિણ્ય ખૂબ જ કેળવ્યું છે. રસોઇમાં નાળિયેરના ટોપરાનો અને દૂધનો સવિશેષ ઉપયોગ કરવામાં આવે છે. રસોઈમાં તેલનું પ્રમાણ

ઓછું ખરું, પરંતુ ખોરાકમાં એકંદરે ખૂબ જ પૌષ્ટિકતા જળવાઈ રહે છે.

સામાન્ય રીતે સુખી ઘરો સુસજ્જિત હોય છે. બહારના વિસ્તારમાં છૂટા અને સુંદર મકાનોની રચના આકર્ષક લાગે છે. અહિંની પ્રજા પોતાના ઘરનું આંગણું પુષ્કળ રળિયામણું રાખે છે. નાનામાં નાનું આંગણું પણ ફૂલઝાડથી ઢંકાયેલું જ જોવા મળે છે. અહિંની પ્રજા કંઈક અંશે સૌમ્ય, પ્રેમાળ અને ભાવનાશીલ કહી શકાય. તેમની વિશાળ ભાવના, અપૂર્વ આદર, સુઘડ રહેણીકરણી અને પ્રેમાળ મહેમાનગતિ અનુભવી મને ઘણું શીખવા મળ્યું. ખરેખર શ્રીલંકામાં આવા વિવિધ મિત્રો મેળવી હું મારી જાતને ધન્ય ગણું છું. શ્રીલંકાના મારા આ પ્રવાસને એક સામાન્ય પ્રવાસ ન ગણતાં મારા જીવનમાં પ્રાપ્ત થયેલી એક અમૂલ્ય તક જ ગણું છું. બહેનશ્રીને કારણે કેટલા બધા લોકોનો સ્નેહ અને આદર હું પામી શકી તેની સ્મૃતિ મન પર ઉકતાં મારું મન અનેરી પ્રસન્નતા અનુભવે છે.

શ્રીલંકામાં બહેનશ્રીની ૧૦ જાહેર સભાઓ, ૬ ચર્ચાસભાઓ, ૪ સરકારી અધિકારીઓ સાથેની સભાઓ, ગવર્નર જનરલ સાથે કવીન હાઉસમાં એક સભા, ૪ વખત સમૂહધ્યાન અને પ્રવચન–આમ કુલ ૨૫ સભાઓ થઈ. લગભગ ૪૦૦૦ જેટલી સંખ્યાએ બહેનશ્રીના પ્રવચનોનો લાભ મેળવી લીધો.

આ ઉપરાંત વ્યક્તિગત મુલાકાતો તો ખરી જ. કેટલાક મિત્રોએ તો ભારતની બહેનશ્રીની શિબિરોમાં અને તેઓશ્રીના માઉન્ટ આબુના નિવાસ દરમ્યાન ત્યાં આવવાનું નક્કી કર્યું છે. જે જે પ્રદેશોમાં ગયા ત્યાંના નાગરિકોએ બહેનશ્રીને ૧૯૭૨માં આવવાનું ખૂબ આગ્રહભર્યું આમંત્રણ આપ્યું છે. આ અંગે બહેનશ્રીએ

સ્પષ્ટતા કરી કે "હું મારા પ્રવચનો પ્રચાર માટે કરતી નથી. મારા એકકે એક શબ્દ પાછળ હું ખૂબ જ કિંમત ચૂકવું છું, આથી ભાવિ કાર્યક્રમ ઉત્કટ જિજ્ઞાસુઓ માટે સ્થળે સ્થળે પાંચ પાંચ દિવસના સમૂહજીવનના શિબિરમાં ગોઠવાય તો હું જરૂર આવીશ. કેવળ જાહેર સભાઓથી પરિણામ નથી આવતું, વ્યક્તિગત કેળવણીને મહત્વ આપ્યા સિવાય હવે ચાલશે નહિં." યજમાનોએ આ વાત ખુશીથી સ્વીકારી છે.

બહેનશ્રીના દરેક પ્રવચનો પુસ્તકાકારે પ્રસિદ્ધ થશે. ત્યારબાદ ૧૯૭૧ની વિમલા ઠકાર ફેલોશીપ અને વિમલા ઠકાર રિસેપ્શન કમિટી-ને વિખેરી નાંખવામાં આવે એવો બહેનશ્રીએ ઈશારો કર્યો છે. વળી ફરીને બહેનશ્રીનો કાર્યક્રમ યોજાશે ત્યારે નવેસરથી બધું ગોઠવવામાં આવશે. બહેનશ્રીના પ્રવાસનો આ કાર્યક્રમ નક્કી થયો તે અગાઉ શ્રીલંકામાં લોકોનો તેમના માટે એવો ખ્યાલ હતો કે તેઓ શ્રી કૃષ્ણમૂર્તિના શિષ્યા છે. અને વિનોબાજી સાથે ભુદાનનુ કામ કરે છે. શરૂઆતમાં ત્યાંના દૈનિક સમાચારમાં પણ આ વિગત પ્રસિદ્ધ થયેલી પરંતુ બહેનશ્રીએ પોતાના પ્રવચન દરમિયાન કરેલી સ્પષ્ટતાથી સૌની આ ગેરસમજૂતી દૂર થઈ હતી.

મારા માટે બહેનશ્રી સાથે રહેવાનો આનંદ એ માટે હતો કે તેઓ ખૂબ જ ગતિશીલ, શક્તિશાળી અને વર્તમાનમાં ખૂબ જ પ્રસન્નતાથી જીવતી એક જવલંત પ્રતિભા છે. નાનામાં નાની વસ્તુ સાથે તેમની તાદાત્મ્યતા વાતાવરણને જીવંત બનાવતી અને જાણે બધી જ વસ્તુ પ્રાણમય બની આપણી સાથે હસતી હોય એવું વાતાવરણ સર્જતું. આથી જીવનમાં હતાશ થવાનો કોઈ અવકાશ જ ન રહેતો. મન અને ચિત્તની શાંત અવસ્થા રહે છતાં એક ક્ષણનો પ્રમાદ ન મળે.

જ્યાં જ્યાં જે જે સ્થળે જઇએ ત્યાંના રીતરીવાજોમાં, રહેણીકરણીમાં યજમાનો સાથે પ્રેમપૂર્ણ રીતે તટસ્થતાથી જીવવાનું તેમનું આગવું વ્યક્તિત્વ જોઇ હું તો સ્તબ્ધ થઈ જતી. કુદરત સાથેની તેમની આત્મીયતામાં ગાઢ મિત્રાચારીનાં દર્શન થતાં. તેમને મન ભૌતિકતામાં કે આધ્યાત્મિકતામાં કશો ભેદ ન હતો. તેમની પાસેથી દરેકને સ્થાને પ્રત્યેક વસ્તુની સુંદરતાના દર્શન કરવાનું થોડે અંશે મને પણ શીખવા મળ્યું. તેમના રોજના પ્રવચનો સાંભળતા લાગતું કે એક અસ્ખલિત વિધુતપ્રવાહ વહી રહ્યો છે. તેના પ્રભાવથી જ્યાં જે બલ્બ તૈયાર હશે ત્યાં તે જરૂર પ્રગટી શકશે. હા, તેમનાં પ્રવચનો મનોરંજન કરાવે તેવાં નથી હોતાં, ખૂબ જ ચિંતનશીલ અને મર્મસ્પર્શી હોય છે.

અંતમાં તેમની સાથેની શ્રીલંકાની યાત્રા મારા માટે એક ચિરસ્મરણીય પ્રસંગ બની રહેશે. તેમની સાથે ફરવામાં ક્ષણે ક્ષણે અનેક અવનવા અનુભવો થતા અને અહંનું અંતરપટ વીંધાઈ જતું. તેમની પ્રેમપૂર્ણ વહેતી ગંગામાં ડુબકી મારવાની આ અમૂલ્ય તક દરમ્યાન નોંધવાલાયક અનેક અનુભવો થયા છે, આ બધા અનુભવો માન્યતાપ્રેરિત ચમત્કારિક ન કહી શકાય. પણ એક વાત મને સમજાઈ કે જેની જીવનમાં અપૂર્વ અસર પડે છે તે બધા ચમત્કારો ગણાય. અને તે દૈવી શકિત કે શુદ્ધ શકિતની અસર ઉપજાવી જાય છે તે દ્વારા વ્યકિત પોતાનો આંતરિક વિકાસ સાધી શકે છે. આવી અસરનો ચમત્કારનો કે શકિતનો મર્મ એ છે કે માનવીને પવિત્ર વાતાવરણ અને આંતરિક અવસ્થામાં શુદ્ધ જીવન જીવતી વ્યકિતના સહવાસથી એક આંતરિક ગતિનો સંચાર અનુભવવાની તક મળે છે.

શ્રીલંકાના કેટલાક મિત્રો બહેનશ્રીની વાણીથી પ્રભાવિત થયા એટલું નહિં પરંતુ તેમાં એટલા ઓતપ્રોત થઇ ગયેલા કે એક

મિત્ર પ્રવચન પછી જ્યારે ઘરે જવા નીકળ્યા ત્યારે પોતાની ગાડીને ભૂલીને બીજાની ગાડીમાં ઘરે ગયા. રાતે બાર વાગે ઘરે પહોંચ્યા અને શ્રીમતીજીએ ગાડી વિષે પૂછ્યું ત્યારે તેમનું મન પાછું આ દુનિયામાં આવ્યું અને ગાડી લેવા પાછા જવું પડયું

બીજા મિત્ર ઉઘાડા પગે યંત્રવત ઘરે પહોંચ્યા. નિયત જગાએ જુતા કાઢવા ગયા ત્યારે સમજાયું કે પગમાં જૂતા જ નથી. આવા ખૂબજ પ્રસંગ બનતા. ટુંકમાં શ્રોતાઓ આ વાણીથી કેવળ મુગ્ધ થતા એટલું જ નહિ પરંતું કેટલુંક સહેજે પરિવર્તન પામતા. તે તો જ્યારે બે કોમ્યુનીસ્ટ બહેનોએ પોતાના બધા જ વિચારોની દિશાને બહેનશ્રી સમક્ષ બદલતી અનુભવી અને તે અંગે આનંદ વ્યકત કર્યો, તાજગી મેળવી, ત્યારે બહેનશ્રીના સમૂળી ક્રાંતિ અંગેના વિચારોને સાકાર લેતા નિહાળ્યા.

હું પણ આ અનુભવમાંથી મુકત નથી રહી તેનો ઉલ્લેખ અસ્થાને નહિ ગણાય. આમ તો વર્ષોથી પૂજય પંડિત સુખલાલજી પાસે માનસિક વૃત્તિઓ, પૂર્વગ્રહો અને સંસ્કારો વિષે ખુલ્લા દિલે ખૂબજ ચર્ચા થતી અને માર્ગદર્શન મળી રહેતું. તેમાંથી જીવનમાં કેટલુંક ઘડતર થયું. પરંતુ આ બધી વૃત્તિઓ અહંને કારણે ઉદ્‌ભવતી વળી કયારેક શમતી આમ એક ક્રમ ચાલ્યા કરતો. કેટલીક મુંઝવણ મૂળમાંથી દૂર થઈ ન હતી.

શ્રીલંકાના પ્રવાસ દરમ્યાન બહેનશ્રી સાથે આ બધી ચિત્તમાં ઘોળાયા કરતી વાતોને વ્યકત થવાનો અવકાશ મળ્યો. મેં તેમને મારા કેટલાક માનસિક સંઘર્ષોની વાત જણાવી. મૂળમાં તો અહં-કાર હતો. તેનો કયાંક એકરાર થતો તો કયાંક બચાવ પણ થતો. સમગ્રપણે મન ખુલ્લુ થતું ન હતું. જાણે બધું સંયોગવશાત્ થતું તેવો ભાવ વ્યકત થતો.

બહેનશ્રીએ મારી વાતના મર્મને પકડયો. અને મારામાં જેવા હતા તેવા અહં અને મર્મને ખુલ્લા પાડી ખૂબજ કરૂણાપૂર્વક મારી સમક્ષ છતાં કર્યાં. વાતની શરૂઆતમાં તો મારું મન બચાવ કરવા પ્રયત્ન કરતું. પરંતુ તેમણે અરિસામાં પ્રતિબિંબ જોતા હોઈએ તેવી રીતે મારી વૃત્તિઓને બરાબર પ્રતિબિંબિત કરી બતાવી. થોડી ક્ષણો મને ક્ષોભ થયો. મન અસહિષ્ણુ બન્યું. ગાત્રો શિથિલ થયા. વાચાએ વિદાય લીધી.

આ વાતચિત સવારે થઈ. તે પછી તો તેમણે મને પ્રેમપૂર્વક સાથે બેસી જમાડી. પણ મારા પ્રાણ કંઠે અને આંસુ પાંપણે. કંઈ બોલી શકાય નહિ. મન સંયમમાં રાખી તેમના અને મારા નાના મોટા બધા કામો પતાવ્યા કયાંક અવધાન છૂટી જતું. મનમાં થતું કે રાત તો મારી છે. ખૂબ વિચારી જોઈશ અને બહેનને સવારે જવાબ આપીશ કારણકે અંદરથી અહં ડોકિયા કરતું હતું.

બરાબર રાતે ૯-૩૦ વાગે બહેનશ્રી સૂઇ ગયા. એટલે હું ધીમા પગલે ઓરડાની બહાર નીકળી, બાલકનીમાં જઈને બેઠી. સામે દરિયો હતો. પવનની લ્હેરો આવતી હતી. મનને લાગ્યું હવે નિરાંતે વિચારી જોઉં. પણ આ શું? ચિત્ત શૂન્ય કેમ? એક પણ વિચાર જ ન આવે. વિચારો કોણે હરિ લીધા? બે કલાક બેઠી પણ ન મળે વ્યથા, ન મળે આંસુ, ન મળે કોઈ તરંગ. મન સ્વસ્થ. ચિત્ત શાંત. આ શું બન્યું?

છેવટે મેં પથારીનું શરણું લીધું. મનમાં ડર હતો કે નિંદ્રાદેવી કંઈ સહેલાઈથી સાથ નહિં આપે. કારણકે મારે તેની સાથે મિત્રતા ઓછી છે. આવે પ્રસંગે તો તેને ખૂબજ મનાવવી પડે. પણ આ શું? પથારીમાં પડી અને નિંદ્રાદેવી બીજીજ મિનિટે હાજર થઈ ગઈ. હું કયારે ઊંઘી ગઈ તે પણ મને ખબર ન પડી.

સવારે એકજ ઊંઘે પાંચવાગે ઉઠી ત્યારે મેં જે પ્રસન્નતા અનુભવી તે અપૂર્વ હતી. આ પ્રસન્નતા ચિરસ્થાયી બનવા જ આવી હોય તેવું મેં અનુભવ્યું. જાણે વાચન, મનન કે કશાજ બહારના સાધનની જરૂર ન જણાઈ. આ હતી બહેનના સંપર્કની, પ્રેમની અને કરૂણાની પ્રસાદી અને ઈશ્વરની કૃપા.

મને એ વાત પણ સમજાઈ કે આપણાં અહં જેવી વૃત્તિના સંસ્કારો કે પ્રતિક્રિયામાંથી રહી જતો દંશ, કેટલીક વાર પુરૂષાર્થ સંયમ, કે નિગ્રહથી નથી જતા તે સત્સંગ કે પવિત્ર અને પ્રેમપૂર્ણ વ્યક્તિના સહવાસથી શમે છે. તેમાંય જો આપણી પૂર્ણ શ્રદ્ધા, કે સમગ્ર શરણાગતિ હોય એટલે અહંનું વિસર્જન કરી જેવા હોઈએ તેવા ખુલ્લા થઈએ તો પૂર્ણપણે પ્રેમના અધિકારી બની શકીએ. પછી જીવનમાં સંઘર્ષને રહેવાપણું ન હોય. ચિત્તની પ્રસન્નતા જ તે તેની ફલશ્રુતિ હોય.


# (૫) માઉન્ટ આબુ

માઉન્ટ આબુ તે પ્રાચીન તીર્થભૂમિ છે. હાલ રાજસ્થાન પ્રાંતના હીલસ્ટેશન તરીકે વિકસતું જાય છે. આ તીર્થભૂમિ અને હીલસ્ટેશન ખૂબજ સુપરિચિત છે તેથી તેના વધુ વિવેચનની જરૂર નથી. ફક્ત ગુજરાતની કે રાજસ્થાનની પ્રજા નહિ પણ મહારાષ્ટ્ર અને અન્ય પ્રાંતની પ્રજા માટે આ સ્થળ ખૂબજ લોકપ્રિય છે. શ્રદ્ધાળુ હિંદુઓ અને જૈનો અહીં, યાત્રા કર્યાનો સંતોષ માને છે. અને સહેલાણીઓ ફરવાનો આનંદ માણે છે. અગર એકજ વ્યક્તિ આ બંનેનો લાભ મેળવી શકે તેવું સામ્ય આ તીર્થભૂમિમાં છે. જેવો રસ તેવું પોષણ આ ભૂમિમાં ઉપલબ્ધ છે. ઋતુઓનું હવામાન મધ્યમ કક્ષાનું હોવાથી દરેક ઋતુમાં જવું સહ્ય બને છે. દરેક વર્ગના માનવીને આર્થિક રીતે પોષાય તેવું સ્થળ હોવાથી કોઈપણ હીલસ્ટેશન કરતાં આ સ્થળે આખુંય વર્ષ પ્રવાસીઓની અવર જવર રહે છે જેની સંખ્યા લગભગ પચાસ હજાર ઉપરની હોય છે.

સામાન્ય રીતે એપ્રિલ, મે, જુન અને દિવાળીના વેકેશન સિવાય અન્ય દિવસોમાં વાતાવરણ શાંત હોય છે.

આવી આ ભૂમિમાં શ્રી વિમલાબહેન સાલ ૧૯૬૩માં આવીને વસ્યા.

સામાન્ય રીતે મારે માઉન્ટ આબુ જવાનું પાંચ સાત વર્ષે મિત્ર-મંડળી સાથે બનતું. અને ખાસ કરીને કલ્યાણભાઈના નિવાસસ્થાને રહેવાનું બનતું. ૧૯૬૫માં બહેનશ્રીના પરિચયમાં આવ્યા પછી



શીવ કુટી

માઉન્ટ આબુ તે અમારે માટે તીર્થભૂમિ કહો કે સાધનાભૂમિ બની ગયું. બહેનશ્રી હોય ત્યારે તો તેમની સાથે રહીએ પરંતુ તેઓ ત્યાં ન હોય તે દિવસોમાં પણ ધ્યાન, મનન અને અધ્યયન માટે એકાંત ગાળવા શીવકોટિમાં જઈને રહેવું તે અમારે માટે એક અવસર છે.

સૂક્ષ્મ કે સ્થૂલ, અંતર કે બાહ્ય બધીજ ક્રિયાઓ પર તેમના સતત જાગૃત જીવનની છાયા પડતી, કયાંક તેમનો અંગુલી નિર્દેશ મળી રહેતો. અને અમારે પણ સતત જાગૃત રહેવાની કોશિષ કરવી પડતી. સતત જાગૃતિ માટેનો તેમનો આગ્રહ, પ્રેમ અને કરૂણા એ ત્રિવિધતાઓ અમારા જીવનને ઘણું ઘણું શીખવતા

૧૯૭૦ સુધીના તેમની સાથે રહેવાના પ્રસંગોમાં તેમની સરળ રીતે વહેતી વાણી અગર ધ્યાન જેવા પ્રસંગે કરેલી નોંધોને અહીં સંક્ષિપ્તમાં આલેખી છે. ૧૯૭૧ના મે અને જુલાઈમાં સાથે રહેવાનું બન્યું ત્યારે તો જાણે એક જ્ઞાનધોધ વહેતો હોય તેટલું તેમણે વાણીમાં વહાવ્યું છે તે ઝીલવું, સ્મૃતિમાં રાખવું, અવકાશે લખવું બધુંજ મુશ્કેલ થઈ પડયું હતું. છતાં આશા છે કે કોઈક તો તે ધોધને પ્રવાહિત કરશે. તેમાંથી થોડાંક પુષ્પો અહીં ગોઠવું છું.

## વીણેલાં પુષ્પો

પરમાત્માને પામવા માટે રૂચિ ધરાવનાર માનવી ધાર્મિક જીવન જીવવા પ્રયાસ કરે છે. ધર્માચરણ કે ધર્મગ્રંથોના આદેશ પ્રમાણેનું જીવન જીવવું તે સરળ છે. પરમાત્માને પામવા માટે માત્ર ધર્માચરણ સાધ્ય નથી.

નીતિમય જીવન કે નીતિશાસ્ત્રને અનુરૂપ જીવન જીવવું સરળ છે પરંતુ આધ્યાત્મ જીવન જીવવું સરળ નથી.

આધ્યાત્મ જીવન તરફ જવા માટે સૌ પ્રથમ અહંને ખાળવો પડે છે. અહંને ખાળવો તે જીવનની રોમાંચક ઘટના છે.

અપેક્ષા અને ઉપેક્ષા રહિત જીવન જીવવું. અપેક્ષા ઈચ્છા-માંથી જન્મે છે. ઉપેક્ષા અહંમાંથી જન્મે છે. અપેક્ષા અને ઉપેક્ષાની પાછળ તેની પરંપરા ચાલે છે.

સંસારથી કેવળ ભાગીને જનસંપર્ક રહિત જીવન જીવવામાં એક જાતનો ભય છે. સંસારના સંબંધોને પૂર્વ પ્રારબ્ધ ગણી નિરપેક્ષ ભાવે ભોગવવા, જેથી નવું પ્રારબ્ધ ન બને તે સાધકનું જીવન છે.

પાંચે ઇંદ્રિયોમાંથી કોઇ ઈંદ્રિયને તેના વિષયની પુષ્ટિ મળી તો બીજી ઈંદ્રિયોને પણ તેના વિષય પૂરા પાડવા પડશે. તેથી શ્રીમદ્ રાજચંદ્રે ક્યાંક કહ્યું છે કે "જ્યાં સુધી સંસારથી અલ્પ પણ સુખેચ્છા રહેશે ત્યાં સુધી સંસાર ચાલુ રહેશે." કેવળ દ્વેષ રહિત નહિ પણ રાગ રહિત જીવન જીવવું.

સંસારમાં કુટુંબ, સમાજ વગેરેમાં રાગ અને દ્વેષથી બંધન, ત્યાગમાં ગુરુ, વગેરેના કારણે બંધન: આમ ત્યાગ અને સંસાર બંનેથી બંધન છે. જૈનોમાં વીતરાગતાને વધુ મહત્વ આપ્યું છે. જે રાગથી પર છે તે દ્વેષથી પર હોય જ છે. તે સ્થિતિ એટલે "મનકે ઉસપાર."

સત્સંગથી જીવન પરિવર્તન ન થાય તો એવો સત્સંગ એટલે સારું શ્રવણ કર્યાનો જ સંતોષ માનવો. સંસારના સંબંધો અને પ્રારબ્ધ કેવી વૃત્તિથી ભોગવો છો તેનું નિરિક્ષણ કરો. પ્રતિક્રિયાથી જીવન વ્યતીત થાય તો સમજવું કે જીવન પરિવર્તન પામ્યું નથી.

જીવનમાં થોડુંક ધર્માચરણ કર્યું, થોડો બાહ્ય ફેરફાર કર્યો એટલે ધાર્મિક જીવનનું રક્ષણ મળે છે. અને ધર્મશાસ્ત્રાનુસાર

થોડું આચરણ કરવાથી શાસ્ત્રનું પ્રમાણ્ય મળે છે. આવા ધર્માચરણથી જીવન વૈજ્ઞાનિક અધ્યાત્મ તરફ નથી જતું. વૈજ્ઞાનિક આધ્યાત્મમાં સમગ્ર પરિવર્તન જરૂરી છે. થોડુંક આ કર્યું અને થોડુંક સંસારનું કામ કર્યું તેવી બાંધછોડ ત્યાં નથી ચાલતી. જયાં સુધી શાસ્ત્ર કે ગુરુ આદિથી રક્ષિત રહેશો ત્યાં સુધી અખંડ આધ્યાત્મ પ્રાપ્ત થતું નથી.

મનમાંથી પ્રતિક્ષણે ઉઠતી પ્રતિક્રિયા વિરામ પામે છે. ત્યારે મન શાંત થાય છે. અને ચિત્ત પણ શાંત થાય છે. પ્રતિક્રિયા ઉઠતી બંધ થાય છે ત્યારે જ ખરૂ કર્મ થાય છે. ત્યાં સુધી બધી કેવળ બાહ્ય ક્રિયા જ છે. પ્રતિક્રિયા બંધ થાય છે ત્યારે ચિત્તમાં પ્રેમનો સ્રોત કે જે રૂંધાયેલા પડયા છે. તે આપોઆપ વહેવા માંડે છે. અને ચેતના મનથી ઉપર ઉઠે છે. મનના સ્તર-પર થતું કર્મ પૂર્ણ કર્મ નથી, તે ખંડિત કર્મ છે. મનથી ઉપર ઉઠતા પૂર્ણ કર્મ થાય છે તે સહજ કર્મ છે. જીવનનું આવું ઉર્ધ્વિકરણ થતાં વિશ્વ શકિતનું અવતરણ થાય છે, ત્યાં ઐકય છે.

મનની પ્રતિક્રિયા બંધ થતાં અહં પણ શાંત પડે છે. અહં એ એક નાનું દ્રવ્ય છે. તેને માનવીએ જીવનમાં, કુટુંબમાં સામાજિક ક્ષેત્રે મુલ્યાંકનોથી મોટું બનાવ્યું છે. આધ્યાત્મજીવન તે વ્યવહારથી કોઈ અલગ ચીજ નથી. સંસાર અને વિરાગ તેવા કોઈ અલગ ભાગ નથી. સમાજ કે વ્યવહારમાં અસત્ય ચાલે તો ત્યાં કદી આધ્યાત્મ સ્પર્શે નહિ. સંસાર વ્યવહાર એ જ જીવનનું દર્પણ છે. ત્યાં અંતરદશા પ્રતિબિંબિત થાય છે.

જીવનની એકેએક ક્રિયા જીવંત છે. માનવી આદતના જોરે જીવે છે તેથી જીવંત દશાનો સ્પર્શ પામતો નથી. સમગ્રપણે જીવન જીવતી વ્યક્તિ આજે કયાં છે ?

સંસારને સુરક્ષિત રાખી, પ્રતિષ્ઠાને પ્રાધાન્ય આપી, આધ્યાત્મ પ્રાપ્ત થતું નથી. ત્યાં તો સમૂળી ક્રાંતિ જોઇએ. સંસાર એ મહાવિદ્યાલય છે પરંતુ પ્રતિક્રિયા શાંત થાય તો પ્રેમ જાગી ઉઠે. તે પ્રેમ સંસારનું બંધન સ્વીકારતો નથી તે તે માનવાને પૂર્ણપણે જીવાડે છે.

સામાન્ય રીતે માનવી સુખમાં આનંદ અને દુઃખમાં ગ્લાનિનો અનુભવ કરે છે.સુખ દુઃખ અને તેમાંથી ઉઠતી પ્રતિક્રિયા તે આનંદ અને ગ્લાનિ બંને છે. આ વૃત્તિઓથી મુક્ત થતાં સાત્વ કામ કરે છે. ત્યારે આત્મા કેવળ દ્રષ્ટા હોય છે. સંસારભાવની અલિપ્તતાના અનુભવનું ભાન હોવું તે પણ સૂક્ષ્મ અહં છે. કેવળ સંતુલન હોય તો તેમાંથી સહજ પ્રસન્નતા જન્મે છે. દરેકમાં શક્તિ તો છે જ પરંતુ જીવનમાં સંતુલન આવતા આ શક્તિનો સ્રોત જીવનને સાચી ગતિ આપે છે.

મનુષ્યના જીવનમા જન્મ, વૃદ્ધિ અને મૃત્યુ એ ત્રણ અવસ્થા છે જન્મ એટલે પ્રગટ થવું. વૃદ્ધિ એટલે વધવું અને મૃત્યુ એટલે લય થવો. વ્યક્તજીવન એ માત્ર સંપૂર્ણ જીવન નથી. જીવન તો અનંત છે. વ્યક્તજીવન તે અનંત જીવનનો અંશમાત્ર છે. સંપૂર્ણ જીવનનું દર્શન મન અને બુદ્ધિથી નથી થતું. જીવન જેવું છે તેવું સ્વીકારી લેવાની શક્તિના અભાવે સાધકો અતિન્દ્રિય શક્તિ તરફ ખેંચાય છે. અને કેવળ કુતુહલને ખાતર બાહ્ય કાળ વગેરેને જાણવ ઇચ્છે છે. સાધકની સાચી જિજ્ઞાસા પોતાના જીવનની કિંમત ચૂકવીને સત્યની અનુભુતિ કરે છે. સાચી જિજ્ઞાસા માનવીના જીવનમાં પરિવર્તન લાવે છે.

જીવન જેવું છે તેવું સ્વીકારવું એટલે પ્રારબ્ધના ગુલામ બનવાનું નથી. ઈંદ્રિય, મન અને બુદ્ધિ ગોચર ત્રણ પ્રકૃતિવાળ

જીવનમાં જે પ્રતીત થાય તેમાં પ્રતિષ્ઠિત થવું તે જીવનનો સ્વીકાર છે.

શાસ્ત્રોમાં તંત્રશાસ્ત્રનો વિકાસ થયેલો છે. તેમાં અતિન્દ્રિય શક્તિનો વિકાસ સધાયો છે, તેમાં હજી પણ વિકાસની સંભાવના છે. તેના પર પ્રયોગો ચાલી રહ્યા છે. આ શક્તિઓથી માદક સુખ પ્રાપ્ત થાય છે જે કામ સુખ કરતાં પણ વધુ નશીલું છે. આ સુખ, શક્તિ કે નશો જીવનનું મૂળ પરિવર્તન કરી શકતા નથી. કારણકે ચૈતન્યની દશા આ બધાથી પર છે.

ચેતનની દશા નિર્વિષય અને નિવચાર છે. આપણને બાળ-પણથી આવી કોઈ કેળવણી મળી નથી. તેથી દરેક વૃત્તિ પ્રતિ-ક્રિયાને જન્માવે છે. દરેક પ્રતિક્રિયા કર્મબંધનને જન્મ આપે છે. જે ભોગવ્યા વગર છૂટકો નથી.

સાધકને કેટલી રીતે બચવું પડે છે. માતા પિતા તરફથી મળેલો એક સંસ્કાર, બાળપણમાં અન્ય રીતે મળેલો સંસ્કાર, તેમાંથી કેટલાક સંસ્કાર સંગ્રહિત થાય છે અને સાધક અવસ્થામાં તેનો પ્રતિકાર ક ય પછી કંઈક દંશ રહી જાય .

જીવન અને મૃત્યુ તે જીવનનું માનેલું ચોકઠું છે. સમસ્ત જીવનને કાર્યકારણ ભાવથી બાંધી શકાતું નથી. જીવન અનંત છે. બુદ્ધિ અને તર્ક પહોંચી શકે તેટલું જ જીવન નથી. ધ્યાન આ અનંત જીવનમાં પ્રવેશ કરાવે છે. ત્યાં "મારે" કે "હું" ને કંઈજ કરવાનું નથી.

સમાપ્ત

## શ્રી વિમળા ઠકારના પ્રકાશિત પુસ્તકો

Silence in Action.

Friendly Communion.

On an Eternal Voyage.

Mutation of Mind.

The Meditative Way.

Towards Total Transformation.

Voyage into oneself

University Talks

मनके उसपार

मनके अनुनाद

आत्मदीप

सख्य संवाद

पावक स्फुलिंग

અનંતને સથવારે(On an Eternal Voyage નો અનુવાદ)

નિજાનંદનો વિસામો (અનુવાદ Silence in action)

અતિમાનસના પ્રાગણમાં

મેળવવાનું સ્થળ

ન્યુ ઓર્ડર બુક કંપની

એલિસબ્રીજ અમદાવાદ-૬